યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૩ અંક -૧૦ ઓક્ટોબર-૨૦૧૬

Postal Registration No. GAMC 1417/2015-2017 Valid up to 31-12-2017 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-





શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી સ્મૃતિ સ્મારિકા 'ચિદાનંદમ્'નું વિમોચન
સંતો અને ગુજરાતના રાજ્યપાલ મા. શ્રી ઓમપ્રકાશ કોહલી દ્વારા (૨૪-૯-૨૦૧૬)



ઓર્થોડોક્સ ચર્ચ ડાયસ દ્વારા આંતરરાષ્ટ્રીય યુવા સંમેલનનું દીપ પ્રજ્વલન (અમદાવાદ, ૩૦-૯-૨૦૧૬)




"ગાંધી આશ્રમ" (કોચરબ) અને "નવગુજરાત સમય"ના સૌજન્યથી આયોજિત 'ગાંધી એક અદ્‌ભુત આશ્ચર્ય'ના
બીજા સંમેલનમાં અભિનેતા શ્રી પરેશ રાવલ, શ્રી શ્યામ પિત્રોડા, શ્રી ગુણવંત શાહ, ડો. તેજસ પટેલ,
શ્રી પી. કે. લહેરીનું પૂજ્ય સ્વામીજીના વરદ હસ્તે ગાંધી સન્માન (અમદાવાદ, ૨-૧૦-૨૦૧૬)

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૧૪ | અંક : ૧૦ | ઓક્ટોબર-૨૦૧૬

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**ડૉ. મફતભાઈ જે. પટણી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યશેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

### લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ॐ

**तस्माद् वा इन्द्रोऽतितरामिवान्यान् देवान् स**
**ह्येनन्नेदिष्ठं पस्पर्श, स ह्येनत् प्रथमो विदाञ्चकार ब्रह्मेति ॥ ३ ॥**
**तस्यैष आदेशो यदेतद् विद्युतो व्यद्युतदा**
**इतीन्न्यमीमिषदा इत्यधिदैवतम् ॥ ४ ॥**

**केनोपनिषद् - ३, ४**

આધિદૈવિક ત્રિક(ત્રણ)માં સૂર્ય એટલા માટે પ્રશંસનીય માનવામાં આવે છે કે -તે આ જગતમાં બ્રહ્મના મહત્ત્વને બતાવનાર નમૂનો છે. એવી રીતે આધ્યાત્મિક ત્રિક (ત્રણનો સમૂહ)માં જીવાત્મા એટલા માટે જ શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે કે - આ સંસારમાં એકમાત્ર અધિકરણ (આધાર) તે જીવાત્મા જ છે.

પહેલાંના ખંડમાં જે બ્રહ્મનું યક્ષ રૂપે ઔપચારિક વર્ણન કર્યું છે - તે વીજળી અથવા નિમેષ સમાન છે, જે બ્રહ્મ કોઈ પણ સમયે પ્રાદુર્ભૂત કે તિરોભૂત થાય છે અને એને જ આધિદૈવત કહે છે.

## શિવાનંદ વાણી

### નવરાત્રી

**દુર્ગાપૂજન :-** નવરાત્રીની પ્રથમ ત્રણ રાત્રિઓમાં પ્રબળ શક્તિમયી મા દુર્ગાની પૂજા કરવામાં આવે છે. એ સાધકની આસુરી મનોવૃત્તિઓને હણે છે ને એને પરમપદ સુધી પહોંચવામાં મદદ કરે છે.

**લક્ષ્મીપૂજન :-** આ આસુરી વૃત્તિઓના નાશ પછી દૈવી વૃત્તિઓ - દૈવી સંપદાઓ પ્રગટાવવી પડે છે. આ માટે લક્ષ્મીપૂજાનું વિધાન છે. પુણ્યમયી મા લક્ષ્મી સાધકને પવિત્ર ગુણોનું વરદાન આપે છે. વચ્ચેના ત્રણ દિવસોમાં આ માટેનું લક્ષ્મીપૂજન કરવામાં આવે છે.

**સરસ્વતી પૂજન :-** દુર્વૃત્તિઓનો સંહાર કરીને તથા સદ્‌વૃત્તિઓને જગાડીને સાધક પરમોચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકારી થઈ જાય છે. એટલે નવરાત્રીના છેલ્લા ત્રણ દિવસોમાં સરસ્વતી પૂજાનું વિધાન છે. મા સરસ્વતી દિવ્ય બ્રહ્મજ્ઞાનસ્વરૂપિણી છે. એ પોતાની વીણાના ઝંકારથી સાધકમાં મહાવાક્યજન્ય બ્રહ્મજ્ઞાનની સ્ફૂરણા કરે છે.

દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતીને પૂજા ક્રમશ : આસુરી વૃત્તિઓનો નાશ, દૈવી વૃત્તિઓનું પ્રાકટ્ય અને પરમોચ્ચ જ્ઞાનની ઉપલબ્ધિના પ્રતીક છે.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | કેનોપનિષદ્ ........ .......................... | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ .......................... | ૪ |
| ૩. | સંપાદકીય — તંત્રી.......................... | ૫ |
| ૪. | આપણે આપણો ધર્મ સંભાળીએ ....વક્તા : શ્રી પી. કે. લહેરી (IAS) | ૭ |
| ૫. | જાગો ! આતમને અજવાળો ..... વક્તા : શ્રી ભાગ્યેશ જહા (IAS) | ૧૧ |
| ૬. | વ્યક્તિ, સમાજ અને દેશ-એક સૂત્રાત્મકતા....વક્તા : શ્રી અજય ઉમટ | ૧૫ |
| ૭. | ગુરુભક્તિ યોગ - સંપ, સુહૃદતા અને સમર્પણ દ્વારા.. વક્તા : પૂ. શ્રી સંત ભગવંત સાહેબદાદા, અનુપમ મિશન | ૧૮ |
| ૮. | ગુરુ ભક્તિયોગ .....વક્તા : પૂ. શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ | ૨૦ |
| ૯. | મૌન પણ એક વક્તવ્ય છે ..વક્તા : શ્રી જય વસાવડા | ૨૨ |
| ૧૦. | કૃષ્ણ વિના બીજું સર્વ કાચું ....વક્તા : પૂ. શ્રી કૃષ્ણમણિજી મહારાજ | ૨૭ |
| ૧૧. | ઘરેણું આત્મશુદ્ધિનું - ક્ષમાપના .. વક્તા : મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ સાહેબ, બંધુ ત્રિપુટી, તીથલ | ૩૦ |
| ૧૨. | વર્તમાન જીવન અને વેદાંત વિચાર વક્તા : પૂ. શ્રી દેવપ્રસાદ બાપુ, મહંતશ્રી આણદાબાવા આશ્રમ, જામનગર | ૩૩ |
| ૧૩. | ગુરુ-શિષ્ય સંબંધ યોગ.. પૂ. શ્રી સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ, અધ્યાત્મ વિદ્યામંદિર, તત્ત્વતીર્થ | ૩૬ |
| ૧૪. | મેરે અપને સ્વામી ચિદાનંદજી મહારાજ.... નિર્વાણપીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ | ૩૯ |
| ૧૫. | (ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના જન્મ શતાબ્દી પર્વે 'ચિદાનંદમ્' યોગ-સત્સંગ ભવનના લોકાર્પણ સમારંભમાં તા- ૨૪-૯-૨૦૧૬ના રોજ થયેલાં ઉદ્‌બોધનોનો સાર) | ૪૧ |
| ૧૬. | વૃત્તાંત .............................. | ૪૬ |


## તહેવાર સૂચિ

નવેમ્બર - ૨૦૧૬

| તા. | તિથિ | (કારતક સુદ) |
|---|---|---|
| ૧ | ૨ | ભાઈબીજ |
| ૫ | ૬ | સ્કંદ ષષ્ઠી |
| ૮ | ૮ | ગોપાષ્ટમી |
| ૧૦ | ૧૧ | એકાદશી |
| ૧૧ | ૧૨ | શ્રી તુલસી પૂજા, ચતુર્માસ વ્રત સમાપન |
| ૧૨ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૧૪ | ૧૫ | પૂર્ણિમા, શ્રી ગુરુનાનક જયંતી |
| | | **(કારતક વદ)** |
| ૨૫ | ૧૧ | એકાદશી |
| ૨૬ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૨૯ | ૩૦ | અમાવાસ્યા |

## દિવ્ય સ્ફુલિંગ

### કલ્યાણ પથ

વેદાંત મૂળ સુધી જાય છે અને દેહભાવનો જ ઉચ્છેદ આણે છે, પરંતુ જેઓ વેદાંતના ઉચ્ચ વિચારો પચાવી શકતા નથી અને જેઓ અભિમાનથી પર થઈ શકતા નથી, તેમણે તો આ બધી બાબતોને કચડી નાખવી જોઈએ. તે કેવી રીતે ? અતિ નમ્ર ભાવ રાખીને. આ બધા ઉચ્ચતાના વિચારો કાઢી નાખો અને તમે એક સર્વસાધારણ અતિ નમ્ર વ્યક્તિ છો એવી ભાવના કરો. પોતાની જાતને સર્વ સાધારણ, અતિ સાદી અને અતિ નમ્ર માનવાની પ્રક્રિયા માં તમારું બધું જ અભિમાન ઓગળી જશે.

**- સ્વામી ચિદાનંદ**

## સંપાદકીય

સદ્‌ગુરુદેવ ભગવદ્‌સ્વરૂપ પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનું જન્મ શતાબ્દી વર્ષ સંપન્ન થયું. ખૂબ જ હર્ષોલ્લાસ સાથે બધા પ્રસંગો પ્રભુકૃપા અને ગુરુકૃપા વડે નિર્વિઘ્ને પૂરા થયા. નવું ભવન 'ચિદાનંદમ્' બંધાયું. સંતો પધાર્યા, રાજ્યપાલ સાહેબનું ઉદ્‌બોધન તો એક ઋષિનાં પ્રવચન જેવું હતું. સંગીત અને નૃત્ય તથા દરિદ્રનારાયણ સેવા બધું સાંગોપાંગ થયું. આ સમગ્ર પ્રસંગની સફળતાની કલગી એકમાત્ર ગુરુકૃપા અને ઈશ્વરકૃપા જ રહી. નાનાં-મોટાં સૌએ હોંશે હોંશે ઉત્સાહપૂર્વક અનેકવિધ સેવાઓ બજાવી.

હવે એક પ્રશ્ન છે; શું આ આનંદ ઉત્સવ જ માત્ર ચિદાનંદ જન્મ શતાબ્દી પર્વનું સમાપન છે? ક્યારેક એવું લાગે છે કે પૂજ્ય સ્વામીજીના જન્મોત્સવની ઉજવણી આપણા સૌની નમ્રતામાં જ સાર્થક થઈ શકે. સ્વામીજીને પ્રિય સત્ય, અહિંસા અને પવિત્ર ચારિત્ર્યસભર જીવનમાં જ શતાબ્દીની સાર્થકતા છે. આપણી આપણા ગુરુદેવમાં કેટલી નિષ્ઠા છે, કેટલી શ્રદ્ધા છે, કેટલો વિશ્વાસ છે, તેનો સરવાળો જ ગુરુ પ્રત્યેનું આપણું વાસ્તવિક અનુદાન છે. આપણા અહમ્‌શૂન્ય જીવન અને સંપૂર્ણ શરણાગતિમાં જ શતાબ્દી પર્વનો મહોત્સવ છે.

પ્રત્યેક નાનામાં નાના જીવ કીડી, મંકોડા, વાંદા, પશુ, પક્ષીઓ, વૃક્ષો અને દુઃખી, ત્રસ્તજીવો, બીમાર લોકો, વૃદ્ધો કે રક્તપિત્તિયાઓની સેવામાં જ સાચી ચિદાનંદ ભક્તિ છે.

આપણે આપણી સવાર અને સાંજની પ્રાર્થનાઓમાં નિયમિત બનીએ. આપણાં દૈનિક ધ્યાન, જપ અને સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરીએ. સેવા કરવાની એક પણ તક ન ગુમાવીએ. સેવા કરવાની તક ઊભી કરીએ. નિષ્કામ અને નિરભિમાની બનીને સેવા કરીએ. અનાસક્તિને જીવનનું અવિભાજ્ય અંગ બનાવીએ. ત્યાં જ ચિદાનંદ શતાબ્દીનું સાચું તર્પણ છે.

આપણે એકમેકને સન્માન આપતાં શીખીએ. એકમેકને પરસ્પર ઓળખીએ. ક્ષમાપનાના પવિત્ર સદ્‌ગુણને જીવનમંત્ર બનાવીએ; સૌની સાથે પ્રેમ, સદ્‌ભાવ અને સુહૃદતાની વર્તણૂક કરીએ અને પરસ્પરના સંબંધો તથા સેવા પ્રભુસેવા કે નારાયણ ભાવથી કરીએ; ત્યાં જ 'ચિદાનંદમ્'નું ખરું - વાસ્તવિક સ્થાપત્ય છે.

સ્વામી ચિદાનંદજીનો જન્મોત્સવ એટલે વિશ્વશાંતિ, વિશ્વપ્રેમ અને નાત-જાત, ઊંચ-નીચના ભેદભાવને ભૂલી જઈને જીવનની પ્રત્યેક પળને જીવીએ, ત્યાં જ સાચું દિવ્ય જીવન.

સ્વામી ચિદાનંદજીનું પ્રાકટ્ય પર્વ એટલે આંતર-જાગરણનું પર્વ. જીવનનાં લક્ષ્ય ઈશ્વરસાક્ષાત્કારના માર્ગે અગ્રસરતાનું પર્વ. પૂજ્ય સ્વામીજીનું શતાબ્દી પર્વ એટલે અનુનય વિનયપૂર્વક તેમની કૃપા માટે યાચના કે આપણે આંતરિક આત્મશક્તિનો વિકાસ કરી શકીએ અને આ જ જન્મમાં પરમ તત્ત્વ ચિદાનંદની ઉપલબ્ધિ કરીએ. ૐ શાંતિઃ

सत्यमेव जयते

# Vijay Rupani

Chief Minister, Gujarat State



apro/Jm/2016/09/23/vj

Dt. 23/09/2016

## MESSAGE

I feel happy for being invited to attend the celebration of **100th Birth Centenary** of **Sri Swami Chidananda** on from **17th** to **25th September, 2016** at **Ahmedabad**.

**Swami Chidananda,** charished a vision for his ideals and teachings. At the early age of childhood the seeds of renunciation were sowed in him. His cheerful personality and exemplery conduct earned him a distinct place as a Rishi and Guru for many **mumukshus** and followers.

It is pleasing to note that during the week-long celebration, various programme like speeches by prominent speakers and **Nrutyanjali** by veteran artists, are to be performed under the aegis of **Divya Jivan Sanskrutik Sangh**, in the Holy Memory of Swami Chidananda Maharaj.

I wish the celebration a befitted success.

**(Vijay Rupani)**

To,
**Swami Shree Adhyatmanandaji Maharaj,**
Sri Divya Jivan Sanskrutik Sangh,
Srivananda Ashram,
Satellite Road, Jodhpur Tekra,
Ahmedabad-380015.
Email: sivananda_ashram@yahoo.com

(ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવ પર તા. ૧૮-૯-૨૦૧૬ થી ૨૪-૯-૨૦૧૬ સુધીઆયોજાયેલ જ્ઞાનસત્રમાં થયેલાં સંતો અને મહાનુભાવોના પ્રવચનોનો સાર)

- સંકલન શ્રીમતી રૂપા મજમુદાર

## પ્રવચન : ૧
## વિષય : આપણે આપણો ધર્મ સંભાળીએ

વક્તા : શ્રી પી. કે. લહેરી (IAS)



શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી મહોત્સવમાં આ નવા બંધાયેલા યોગ-સત્સંગભવનમાં મને આવવાનો અવસર મળ્યો, તેનો આનંદ છે. શ્રી સ્વામી ચિદાનંદજીનાં દર્શનનો મને ૪-૫ વખત લાભ મળ્યો છે. એમની ઉત્તમ કામગીરી, ખાસ કરીને દિવ્ય જીવન સંઘને એમણે જે ઊંચાઈ પર મૂક્યું તે અદ્વિતીય છે. તેમણે શ્રી સ્વામી શિવાનંદજી મહારાજે પ્રબોધેલાં મૂલ્યોને સાચવીને, પોતાના જીવનમાં આચરણ કરીને, લોકોને જ્ઞાન આપીને અનેકનાં જીવનમાં વિદ્વત્તા ફેલાવી છે. આ વાસ્તવિકતાનો હું સાક્ષી છું. શ્રી શિવાનંદ અધ્વર્યુજી જેઓ ડૉક્ટર હતા, એમણે અનેક લોકોને સ્થૂળ દૃષ્ટિ આપી અને દિવ્ય જીવન સંઘે લોકોને દિવ્ય દૃષ્ટિનું દાન કર્યું છે.

જન્મ શતાબ્દીનો આનંદ સૌને હોય પણ આવી ઉત્તમ કક્ષાની વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવા આપણે નાના પડીએ. એમણે જે કહ્યું છે તે જીવીને બતાવ્યું છે. તેમણે ઉપનિષદમાં જે ભાવ છે, સર્વમંગલની ભાવનાની પ્રાર્થના છે તેને જીવનમાં ચરિતાર્થ કરી બતાવી છે.

સર્વેષાં સ્વસ્તિર્ભવતુ, સર્વેષાં શાંતિર્ભવતુ
સર્વેષાં પૂર્ણંભવતુ, સર્વેષાં મંગલં ભવતુ
સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખભાગ્ભવેત્ ।

આપણે સૌ સ્વામીજી મહારાજને કોટિ કોટિ વંદન કરીએ. એમની પાવન સ્મૃતિમાં આપણે એમને એ માટે સ્મરીએ છીએ કે તેમણે અનેકનાં જીવનમાં શાંતિ બક્ષી છે, અનેકને દિલાસો આપ્યો છે, અનેકનાં જીવનમાં આનંદ પ્રગટાવ્યો છે, અનેકનાં જીવન પરિવર્તિત કર્યાં છે.

આપણો વિષય છેઃ આપણે આપણો ધર્મ સંભાળીએ. દેખીતી રીતે સરળ લાગતો આ વિષય છે પણ ખૂબ અઘરો છે. આપણો ધર્મ કયો ?

આપણા શાસ્ત્રોમાં, ધાર્મિક કે આધ્યાત્મિક સાહિત્યમાં 'ધર્મ' શબ્દ અનેક વાર આવે પણ ધર્મ એટલે શું ? રાજાનો ધર્મ રાજધર્મ કહેવામાં આવે. અંગ્રેજીમાં religion કહીએ છીએ. વ્યાસજીએ મહાભારતમાં બંને હાથ ઊંચા કરીને કહ્યું છે, 'તમે તમારો ધર્મ સંભાળો, એ તમારું રક્ષણ કરશે'. ધર્મ-અર્થ-કામ-મોક્ષ ચાર પુરુષાર્થ છે, જેમાં ધર્મ પ્રથમ નંબરે છે.

શ્રીકૃષ્ણ પરમાત્માએ શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે :

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥

(અધ્યાય : ૪ - ૭,૮,)

અર્જુનને કહ્યું છે :

સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ।

ધર્મ્યાદ્ધિ યુદ્ધચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્યન વિદ્યતે॥

( અધ્યાય ૨ - ૩૧ )

વળી, પાછું કહ્યું છેઃ

સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।

અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ॥

( અધ્યાય ૧૮ - ૬૬ )

ઘણાંને મૂંઝવણ થાય કે કૃષ્ણ પરમાત્મા એક બાજુ કહે છે ધર્મની સ્થાપના માટે વારંવાર હું જન્મ લઈશ. અર્જુનને કહે છે, તારો ક્ષત્રિય ધર્મ યુદ્ધ કરવાનો છે અને વળી કહે છે -

'સઘળા ધર્મોને ત્યજીને તું મારા શરણે આવી જા' તો શું સમજવું?

ધર્મ અંગે જે ચિંતન થયું છે, તે અલગ અલગ છે. માણસનો પ્રાદુર્ભાવ થયો, તેનો વિકાસ થયો. માણસે સૂર્ય જોયો, ચંદ્ર જોયો, અંધારી રાત જોઈ, વીજળીના ચમકારા જોયાં, જંગલી જાનવરો જોયાં, એના પ્રત્યેની જિજ્ઞાસા અને ડરના લીધે તેણે ધર્મ શોધ્યો.

ગ્રીકમાં સનગોડ, મૂનગોડ, શુક્રની દેવી એ રીતે માનતાં, મૂર્તિપૂજા થતી. બાઈબલ આધારિત ધર્મ આવ્યો તેમાં ઈસુ ખ્રિસ્ત ભગવાન પુત્ર છે, તેનો મોટાપાયે પ્રચાર કરવામાં આવ્યો અને ખ્રિસ્તી ધર્મ અસ્તિત્વમાં આવ્યો. આજે ખ્રિસ્તી ધર્મ પાળે છે તેમાંથી માત્ર ૭% લોકો ચર્ચમાં જાય છે. અનેક જગ્યાએ ચર્ચને વેચી નાંખવામાં આવ્યા છે. લોકોને ધર્મમાં રસ નથી.

બીજો ધર્મ ઈસ્લામિક છે. ઘણા દેશો આ ધર્મ પાળે છે, આ અંગે પણ વાદવિવાદ થતો રહે છે. આ પછી હિંદુ ધર્મ પાળનારની સંખ્યા ૧૧૦ કરોડ છે, પણ આપણો નંબર ચોથો છે. ત્રીજા નંબરે સવા અબજની વસ્તી છે, જે કોઈ ધર્મને માનતી જ નથી.

ગાંધીજીએ કહ્યું : 'સત્ય જ ઈશ્વર છે; ઈશ્વરને કોઈ ધર્મ નથી હોતો. બધાં જ ધર્મોમાં એ જ આરાધ્ય છે. આપણો ધર્મ શું છે ? ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ કહે છે : 'ઈશ્વર સાથે કેવી રીતે સંબંધ રાખવો, તેની પૂર્ણ સત્તા તમારી પાસે છે.'

ઈશ્વરને કોઈ પ્રેયસી, કોઈ સખા કે પિતા તરીકે માને. આપણે જે રીતે ધારીએ તે રીતે સંબંધ વિકસાવી શકીએ છીએ. આપણો ધર્મ આપણને સજાગ રહી સ્વીકાર કરવા કહે છે. હિંદુ ધર્મની જે સ્વાતંત્ર્યની વ્યાખ્યા છે તે વ્યક્તિગત છે. હિંદુ ધર્મમાં ધાર્મિક બાબતની ચરમસીમા આપી છે. 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને. પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને'.

આપણે આપણો માર્ગ જાતે નક્કી કરવાનો છે. આપણે ત્યાં અનેક દેવો છે. બધા દેવો પ્રત્યે આપણને આસ્થા છે. જે એકાંગી રીતે સમજે છે, તેને બહુઆયામી તરીકે સમજવું મુશ્કેલ પડશે.

ધર્મ એટલે સભાનપણે જવાબદારીપૂર્વક નક્કી કરીએ - મારી ફરજ શું છે ? મારો મજહબ શું છે ? હમણાં જ આપણા પાડોશી દેશની અવળચંડાઈને કારણે જે મુશ્કેલી ભોગવવી પડી છે તેથી તકલીફ પડે છે. 'મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના'. તો પછી આ ઝઘડા શા માટે ? ધાર્મિક રીતે વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા આપીએ કે જેથી ઘર્ષણ ન થાય, અરસપરસ સંપ રહે, વાદવિવાદ ન થાય. આ વિશિષ્ટતા સાથે જ આપણે જીવવાનું છે.

'આપણે આપણો ધર્મ સંભાળીએ' એમાં સંભાળવું એટલે શું ? કાળજી કરવી. કબીરજી જુદી રીતે કહે છે :

'ચાદર જતન સે ઓઢી, જ્યોં કિ ત્યોં ધર દીની ચદરિયા.'

જતન એટલે માત્ર સંભાળવું નહીં, લાલનપોષણ કરવું. આપણે બાળકનું જતન કરીએ છે.

લાગણીથી જોડાઈને તેના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહીએ છીએ. ધર્મનું જતન કરવા માટે આપણને અનેક સગવડો, વિકલ્પો આપ્યા છે. આ આખી સૃષ્ટિ પદાર્થમાંથી ઊભી થઈ છે. આ જગતમાં બધું જ નાશવંત છે. ધર્મ આપણા માટે આદર્શ છે. ધર્મના આદર્શો છે કે શું કરવું અને શું ના કરવું તે ધ્યાનમાં રાખવું. આપણે ત્યાં ધર્મ અભણમાં અભણ માણસ પાસે પણ પહોંચ્યો છે. જેસલ નામના બહારવટિયાને જ્ઞાની તોરલ કહે છે :

'પાપ તારું પરકાશ જાડેજા,
ધરમ તારો સંભાળ રે
તારી બેડલીને બૂડવા નહીં દઉં
એમ તોરલ કહે છે જી.'

ધન ચાલી જશે, પત્ની ચાલી જશે, જમીન ચાલી જશે, ચિંતા નથી, પરંતુ શરીર એક વાર જ મળે છે, તેનું ધ્યાન રાખવું, પાર્વતી ઉગ્ર તપ કરે છે ત્યારે શિવજી કહે છે : 'દેવી આટલું ઉગ્ર તપ શા માટે કરો છો ? શરીર પડી જશે તો કંઈ નહીં રહે'. કવિ કાલિદાસે પણ રઘુવંશમાં કહ્યું છે : 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્.' આપણે મનુષ્ય યોનિમાં જન્મ્યા છીએ. ૮૪ લાખ યોનિનાં ચક્કર પસાર કરી અંતે મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે, પ્રજ્ઞા અને વિવેકની પ્રાપ્તિ થઈ છે, ત્યારે વિચાર આવે છે - 'આ જગતનું સર્જન કોણે કર્યું હશે ? તેની રચના કોણે કરી હશે ? કીડીનાં અંતર કોણે ઘડ્યાં હશે ! કીડીની દુનિયા જોઈએ છીએ ત્યારે વિચાર આવે છે, આ નાનામાં નાના જીવ માટે પણ કેવી સગવડ કરી છે ? હાથીને મણ, કીડીને કણ કોણ પૂરું પાડતું હશે ?'

આપણે એમ માનીએ છીએ કે પશુઓ અબુધ હોય છે, પણ એવું નથી. કોઈ ખેડૂતે બે સસલાં પકડ્યાં અને વાડામાં મૂક્યાં. રોજ સવારે તેમના માટે ગાજર, ઘાસ લઈ આવે અને ખવડાવે. રોજ એક સસલું ખૂણામાં છુપાઈ જાય અને એક સસલું આનંદથી બધું ખાય. એક દિવસ ખેડૂતે જોયું તો બંને સસલાં ગાયબ. તપાસ કરતાં ખબર પડી કે જે સસલું છુપાઈ જતું હતું તે ભૂગર્ભમાં રસ્તો કરતું હતું અને એ રસ્તેથી બંને ભાગી ગયા. આને instinct કહે છે. એક સુગરીને ત્રણ પેઢી પછી છૂટી મૂકી તો પણ તેણે માળો બનાવ્યો. માણસ ચોક્કસ પોતાનામાં પરિવર્તન કરી શકે. દરેકે પોતાનો વિવેક રાખવો.

દિવ્ય જીવન સંઘનું મિશન છે-પ્રભુપ્રાપ્તિ. આપણને પ્રભુને સમજવાની, અહેસાસ કરવાની તક મળી છે અને જો એ તકનો ઉપયોગ ના કરીએ તો દુર્લભ માનવજન્મ મૂર્ખની જેમ ગુમાવી દઈએ છીએ, જેનો એક રસ્તો ભક્તિ પણ છે. ભક્તિની તીવ્રતાના કારણે માણસના આંતરમનની ચેતના જાગ્રત થાય છે.

કબીરજી તત્ત્વજ્ઞાની હતા. તેઓ ૧૨૦ વર્ષ જીવ્યા. જીવનમાં તમામ દિવસોમાં કાપડ વણવું અને વેચવું એ કામ તો કર્યું જ. મીરાં સાક્ષાત્ દ્વારકાધીશની મૂર્તિમાં સમાઈ ગયાં. તેમના ગુરુ રઈદાસ ચમાર હતા. તેમણે એક જ વાત કહી હોત તો પણ ચાલત-

'તુમ ચંદન હમ પાની પ્રભુજી'. તેમની પાસેથી મીરાંએ ધર્મ કેવી રીતે અંગીકાર કર્યો હશે ? ગોરા કુંભારે સામાન્ય વ્યવસાય કર્યો, પરંતુ માટલાં ઘડવાની સાથે અનેકનાં જીવતરને ઘાટ આપ્યો.

આપણી ગુરુ પરંપરા છે. આપણને શંકા હોય, અંધકાર હોય તેને દૂર કરવા ગુરુ આવે છે. આપણામાં બુદ્ધિ પણ છે, શંકા પણ છે, આવેગો પણ છે, પ્રજ્ઞા પણ છે, તેમાં ગુરુ આપણને સાચું માર્ગદર્શન આપે છે. સૌ શિક્ષકોનો માનીતો શ્લોક છે.

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ર્ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ।

કબીર કહે છે :

ગુરુ ગોવિંદ દોનોં ખડે કાકે લાગૂં પાય,
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો દિખાય।

ગુરુ ગોવિંદનાં દર્શન કરાવે છે. જે અદ્વૈત છે. એ કામ ગુરુએ કર્યું ત્યારે ગુરુ જ ગોવિંદ બની જાય છે. પછી પ્રત્યેક જીવની અંદર પરમાત્માનાં દર્શન થાય છે. સૌમાં વિલસતા ચૈતન્યને ઓળખવું એ મોટું પ્રદાન છે.

ગાંધીજી કહેતા 'અહિંસા અદ્વૈતના પડમાં છુપાયેલી છે.' અહિંસા પ્રાકૃતિક રીતે સ્વીકાર્ય બને છે. ધર્મને સંભાળવાનો છે એમાં ક્રિયાઓ પણ આવે છે - પૂજા-પાઠ, આરતી. જે આપણને અવાજની વચ્ચે પણ એકાગ્રતા કેળવતાં શીખવે છે. સામાન્ય જીવન અને વિશિષ્ટ જીવન વચ્ચે ભેદ હોય તો તે ધર્મ છે. વડલાને દોરો બાંધવો, શિવજીને દૂધ ચઢાવવું, કૃષ્ણનો મનોરથ કરવો, એ માત્ર ક્રિયા નથી. એની પાછળનું તત્ત્વ છે તેમાં પરમતત્ત્વને પિછાણવું. એ ચેષ્ટા જ કેન્દ્રસ્થાને હોય છે.

આજે સૌને મોકળાશ જોઈએ છે. જેને space ન મળે તે અકળાઈ જાય છે. તક મળવી જોઈએ. હવે તો આપણા પહેરવેશ પણ બદલાઈ ગયા છે. પહેલાં તો પહેરવેશ પરથી ખબર પડી જાય કે કઈ જ્ઞાતિના છે. પહેલાં વિધર્મીના આક્રમણના કારણે આપણી સંસ્કૃતિ એ આપણો ધર્મ હાલી ન જાય માટે દીવાલો બાંધી હતી પણ હવે મોકળાશ છે ત્યારે આપણા સાધુપુરુષોએ જે ઊંચાઈ બક્ષી છે તેનું વિહંગાવલોકન કરવાનું છે.રાજ્યસત્તાના દબાણના કારણે આપણામાં ભીરુતા આવી ગઈ છે. તેને હચમચાવાનું કામ વિવેકાનંદ અને દયાનંદે કર્યું છે. શરીર સારું હશે તો ધર્મ સમજાશે.

આ પુણ્ય ભૂમિ માટે આપણે પ્રયત્ન કરીએ કે અસ્પૃશ્યતા, જ્ઞાતિઓ શંકાની જે દીવાલો છે તેને તોડી નાખવી છે. હિમાલયમાં તમે થોડા દિવસ રહેશો તો તમારામાં અદ્‌ભુત પરિવર્તન આવશે. તમારા પૂર્વગ્રહો, ચિંતાઓ, અહમ્ ઓગળી જશે. એ જ સાચી ભક્તિ છે, આરાધના છે. આપણે આપણો ધર્મ વિટંબણાઓ વચ્ચે સંભાળવાનો છે. આપણે જન્મે સનાતન હિંદુ છીએ. આપણને મોક્ષનો અધિકાર છે, પરંતુ મોક્ષ પામવાનો એકમાત્ર માર્ગ છે - હું અન્યની સેવા કરું. કોઈને ઘૃણા ન કરું. દેશ, સંસ્કૃતિની રક્ષા માટે જો જાનની કુરબાની આપવી પડે તો પણ તેનું ઋણ અદા ન થઈ શકે. આપણે આ કાર્યમાં સફળ થઈએ કે ખપી જઈએ તો પણ નુકસાન નથી અને સ્વધર્મ પાળતાં મૃત્યુ આવે તોય વાંધો નથી.

ગાંધીજીની જીવનયાત્રા શ્રેયાર્થીની જીવનયાત્રા છે. શ્રેય માટે જીવવું આપણો ધર્મ છે.

**૩૮મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર**

તા. ૧૧-૧૨-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ સુધી ૩૮મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર. જે યોગ પ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે; અને બીજાને શિખવવા ઈચ્છે છે અને અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટીનો સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે.જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈ પણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકનાં શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજજ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્‌ગીતા, પાતંજલ યોગદર્શન , રેઈકી ડિગ્રી-એક અને બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. આ ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત કરેલો સર્ટિફિકેટ કોર્સ છે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ નવેમ્બર પૂર્વે પ્રવેશપત્ર ભરી લેવું. પ્રવેશપત્ર 'divyajivan.org' પરથી મેળવી શકાશે.

# પ્રવચન : ૨
# વિષય : જાગો ! આતમને અજવાળો

**વક્તા : શ્રી ભાગ્યેશ જહા (IAS)**



જાગો ! એક વખત મારે મેડિકલ કૉલેજમાં પ્રવચન આપવાનું હતું. એક વિદ્યાર્થીએ મને મારી પત્નીનું નામ પૂછ્યું. મેં કહ્યું, 'મારે નામ નથી દેવું. નામ છે તેનો નાશ છે. માટે મારે નામ નથી લેવાનું'. તો વિદ્યાર્થીએ સરસ જવાબ આપ્યો, 'આપણી વેલ્યુ સિસ્ટમ એક જ છે.' મેં કહ્યું, 'કેવી રીતે ?' તો એણે કહ્યું, 'નામનો નાશ છે, માટે જ અમે વધારે નામ લઈએ છીએ.' મારી પત્નીનું નામ ઝરણા છે. એક વાર ઈશ્વર સાથે વાત કરવાની થઈ અને કવિતા રચાઈ ગઈ.

'ઝરણાં બનીને પહાડ ઓગળતા રહ્યા
આપણે માધ્યમ વિના મળતા રહ્યા
ઝરણાં બનીને પહાડ ઓગળતા રહ્યા
ને ઓશિકા જેવું કશુંક દરિયો હશે
એટલે સાંજે સૂરજ ઢળતાં રહ્યા
ને પાંદડું થથર્યું હશે કો ડાળ પર
એટલે પાછા પવન વળતા રહ્યા
ને આમ તો મળવાનું પણ છે ક્યાં બન્યું
સારું છે કે સ્વપ્નમાં મળતાં રહ્યા
સાવ આ તો શ્વાસ જેવું લાગે છે
એટલે તો જીવમાં ભળતા રહ્યા
ઝરણાં બનીને પહાડ ઓગળતા રહ્યા
આપણે માધ્યમ વિના મળતા રહ્યા

શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની સૂક્ષ્મ હાજરીને વંદન. અહીં શિવાનંદ આશ્રમમાં વર્ષમાં ૧ કલાક આવીએ પણ આખા વર્ષ માટેની ઊર્જા લઈને જઈએ છીએ. અહીં આશ્રમના સ્પંદનથી પુષ્કળ ઉર્જા મળે છે.

'જાગો' – એ સ્વામીજીનું સૂત્ર છે. આપણે આપણો ધર્મ સંભાળીએ ત્યારે જાગોની આલબેલ વાગે. આ વ્યષ્ટિથી સમષ્ટિ સુધીની યાત્રા છે. સ્વામી ચિદાનંદજી આપણને ખૂબ સુંદર કહેતા, 'You are unique. You are blessed.'

આપણા માટે આ સૂત્ર પૂરતું છે, આવા મહાન પુરુષની સૂક્ષ્મ હાજરીમાં વાત કરીએ છીએ ત્યારે આનંદ થાય છે. હું જ્યારે જ્યારે સ્વામી અધ્યાત્માનંદજીને જોઉં છું ત્યારે ખૂબ આનંદ થાય છે. તેઓ પ્રેરણાસ્રોત છે. ખૂબ ઉદાર છે. એમને હું વંદન કરું છું.

એક ધાર્મિક સ્થળ હતું. સરઘસ નીકળ્યું. 'જય હો જય હો' ના નારા હતા. પુષ્કળ લોકો હતા. એમાં એક ડૉક્ટર અને એક કાકા સાથે ચાલતા હતા. થોડીવારમાં કાકાએ ડૉક્ટરના ખભા પર માથું ઢાળી દીધું. ધીમે ધીમે ડૉક્ટરના ખભા પર વજન વધવા લાગ્યું. ડૉક્ટરે કાકાની નાડી તપાસી. તે મરી ગયા હતા. ભીડ એટલી હતી કે બહાર નીકળાય તેમ નહોતું. ઊભું ઊભું શબ ખેંચાતું હોય એવું લાગ્યું. થોડીવારમાં ડૉક્ટરે પોતાની નાડી જોઈ લીધી કે હું તો જીવું છું ને ! આપણે આપણી નાડી તપાસીએ – જાગો ! આતમને અજવાળીએ.

મેં ચિંતન કર્યું – 'જાગો' શબ્દ કેમ ? કારણ કે આપણે રોજ ઊઠીએ તો છીએ, જાગતા નથી. ઉપનિષદ કહે છે –

ઉત્તિષ્ઠત, જાગ્રત !

દુનિયા ઊંઘે છે. બેહોશીમાં છે. એક બાજુ જુઓ તો Primitive તરફ સમાજ જઈ રહ્યો છે, બીજી તરફ Advance થઈ રહ્યા છીએ. એક બાજુ એકસૂત્રતા છે અને બીજી બાજુ વિઘટન થઈ રહ્યું છે. અમેરિકામાં બધાંના ચહેરા પર સ્મિત હોય અને સાવ અજાણ્યા માણસો મળે તો પણ 'હાય' કહે. મેં પૂછ્યું, 'આવું કેમ?' જવાબ મળ્યો, 'આ તો માત્ર ચહેરા પર સ્મિત છે અને તમને 'હાય' કહેશે પણ ઊભા નહીં રહે, ગભરાય છે.' આપણે ત્યાં બીજા પ્રસંગે 'હાય હાય' કહીએ છે. કોઈ મળે તો 'જય શ્રીકૃષ્ણ' કહીએ. છતાં આપણામાંથી જાગે તો કોક જ છે. એક નરસિંહ મહેતા જાગી ગયા.

'જાગીને જોઉં તો જગત દીસે નહીં.'

અર્જુન જો અને તોમાં વહેંચાયેલો હતો. ગીતા એવો ગ્રંથ છે કે જે 'જો અને તો'માં ફસાયેલો હોય તેને 'જોતો' કરી દે છે. ધર્મ જાગૃતિ આપે છે.

હું અને મારી ડેડ બોડીમાં શું ફરક છે? હું ઊઠી શકું છું. મારો શ્વાસ ચાલે છે. ઊંઘમાં દસ સેકન્ડ એવી આવે છે, જેમાં આપણને પરમ તત્ત્વનો સ્પર્શ થાય છે. માણસ ઊઠે છે ત્યારે શું થાય છે? મારામાં કંઈક પ્રવેશે છે. મારી વાણી(વિચાર) જાગે છે. કોઈ આપણને કહે, 'you are fantastic'. બહારથી આવું કહે પણ મનમાં જુદું હોય. માટે જ મને વિનોદ ભટ્ટ ગમે છે. પારદર્શિતા છે. મનમાં જુદું ન હોય, એવું આપણને ગમે. આપણે વાણી શણગારીએ છીએ તો આપણે કહેવું પડે-વાણી એ ભૂષણ છે. તમે જેડ બ્લ્યુનું જાકીટ પહેરો તો સારા જ લાગો. ચંદ્ર જેવો ઉજ્જવલ હાર પહેરો, મેકઅપ કરીને આવો તો ય સારા લાગો. પણ જે refined વાણી ધારણ કરે છે, તે ઊઠે છે ત્યારે જાગી જાય છે. અમારાં દાદી અમે નાનાં હતાં ત્યારે ઊઠાડવા માટે બૂમો નહોતાં પાડતાં કે એમ નહોતાં કહેતા કે હજુ કેમ ઘોરે છે ? તે વાસીદું વાળતાં વાળતાં 'શિવવિવાહ' ગાય -

'વેદ ભણંતા વિપ્રો જાગ્યા....' એ સાંભળતાં આપણે જાગી જઈએ. એ આપણા સંસ્કાર હતા. એ આપણી રીત હતી. આપણે અંતરની સાથે વાત કરીએ છીએ. ભાગવતમાં કહ્યું છે - 'હું પ્રાણને પ્રણામ કરું છું. હું મને પ્રણામ કરું છું. હું મારા આત્માને પ્રણામ કરું છું.' આપણે આતમને અજવાળીએ. આત્મા અજર -અમર છે, શાશ્વત છે, પણ કોણે જોયો છે ?

'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ।
અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવચ।
નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ॥

(ભગવદ્ગીતા : ૨ - ૨૩,૨૪)

આથી બુદ્ધિશાળીઓને ટેન્શન થયું કે આપણે બ્રહ્મનું વર્ણન નહીં કરી શકીએ. ઉપનિષદમાં કહ્યું છેઃ આંખો જોતી નથી પણ બ્રહ્મની સત્તા-પ્રાણ ત્યાં કાર્યરત છે, માટે જોઈ શકાય છે. કાન સાંભળતા નથી, બ્રહ્મની સત્તા જ કામ કરે છે. બધી જ ઈન્દ્રિયો,મન, બુદ્ધિ, ચિત્ત પાછળ બ્રહ્મની સત્તા જ કામ કરે છે.' ઉપનિષદે આવો પડકાર ફેંક્યો એટલે બુદ્ધિશાળીઓ વિચારમાં પડી ગયા. માટે એમણે ભજનો લખ્યા, બ્રહ્મવિદ્યા સમજાવી અને કહ્યું કે એ તત્ત્વને તો અનુભવવું પડે. ઘણાં લોકો કહે છે કે 'હું પ્રાર્થના કરું છું.' પણ પ્રાર્થના એ શબ્દો નથી. એ તો પ્રભાતનાં પુષ્પો છે. પ્રાર્થના એટલે પરમાત્મા સાથે સીધી વાત કરવી, એ છે. રવીન્દ્રનાથ ટાગોરે સરસ પ્રશ્ન કર્યો, 'મેં કવિતા લખી એ પહેલાં એ પંક્તિ ક્યાં હતી ?' એને creative unity કહે છે. એ ક્ષણ આવે છે જે cosmic energy સાથે જોડી દે છે. મને સવારથી એમની આ કવિતા યાદ આવે છે :

અંતર મમ વિકસિત કરો અંતરતર હે,
નિર્મળ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે,
જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે,

યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ
સંચાર કરો સકલ કર્મે, શાંત તોમાર છંદ
ચરણ પદ્મે મન ચિત્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે,

અંતરતમમાં જાગૃતિ આવે, અંદર સ્પંદન જાગે ત્યારે કંઈક ભાળી જઈએ છીએ.

'આતમ' વર્ણન કરી શકાય તેવું નથી તેને કઈ રીતે ઓળખવું. બાહ્ય પ્રયોગ કરી શકાય Talk to your own self. આતમનું સ્વરૂપ શું છે ? એની છબી નથી. દુનિયામાં ક્યાંય ન થઈ હોય એવી ચર્ચા એની ઉપર થઈ છે અને આપણને પરા-અપરા વિદ્યા પ્રાપ્ત થઈ છે પણ આપણી તકલીફ શું છે? તમે વિચારો,આપણા દાદા આરામથી ધ્યાન કરી શકતા હતા, આપણે ધ્યાનના વર્ગમાં જવું પડે છે. અમેરિકામાં તો લોકો ઊંઘના વર્ગોમાં જાય છે. આપણે ત્યાં ઊંઘની સમસ્યા નથી. આપણે તો બસમાંય ઊંઘી જઈએ. તમારી બાજુવાળો તમને કહેશે, 'ભાઈસાહેબ, મારું સ્ટેન્ડ આવે ત્યારે મને ઉઠાડજો'. ત્યારે આપણને લાગે કે દુનિયામાં દુઃખ જેવું કશું છે જ નહિ.

ભગવદ્ગીતાનું દ્વાર 'વિષાદયોગ' છે. યોદ્ધો બેસી ગયો છે. મને એક બહેન મળ્યાં હતાં તે આખો દિવસ તો મેક અપ રાખે પણ રાત્રે સૂતી વખતે પણ મેકઅપ રાખે. મેં કારણ પૂછ્યું.તો કહે, 'સપનામાં કોઈ મળવા આવે તો ?' આપણે સ્થૂળ જગતમાં જ રહીએ છીએ, આપણે ત્યાં 'ગેટ ટુ ગેધર' થાય. બધાં એકબીજાંને 'ગુડ મોર્નિંગ' કે 'ગુડ ઈવનિંગ' કહી દે પછી whatsappમાં જતા રહે. બધાં જુદાં જુદાં જ હોય. આ દશા આપણી થવા માંડી છે, ત્યારે જાગૃતિ પ્રાપ્ત કરવી આવશ્યક છે.

'હું કોણ છું ?' આપણે કહીએ 'હું ઈશ્વરની અભિવ્યક્તિ છું.' જર્મન ફિલોસોફર ૪૦ વર્ષની તપશ્ચર્યા કરીને બહાર આવે છે. ત્યારે તેને કોઈ પૂછે છે, 'who are you?' ત્યારે એ જવાબ આપે છું, 'હું એ જ શોધું છું કે હું કોણ છું ?' પોતાની જાતને ઓળખવામાં અડચણરૂપ હોય તો તે છે - Ego અને Jealousy. Ego બાધારૂપ છે. પોતાની સાચી ઓળખાણ છે - अहं ब्रह्मास्मि । કોઈ મને ખખડાવે. તો બહારથી તમને એવું લાગે કે હું ખખડી રહ્યો છું, પરંતુ અંદરથી હું માળા કરતો હોઉં કે - अहं ब्रह्मास्मि । મને ઈર્ષ્યાનો વિચાર આવે તો તેમાંથી મુક્ત થવાનો જીવનમંત્ર છે - तत्त्वमसि।

નરસિંહ મહેતાએ ગાયું છે -
'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે'

અત્યારે તો બીજાંની પીડા જોઈ લોકો ખુશ થાય. આત્માનો અનુભવ કરવાનો હોય ત્યારે બધાં ઊંઘી જાય.

એક ગામમાં કરફ્યુ હતો. વડના ઝાડ નીચે એક ભાઈ બેઠા હતા. અમે ત્યાં જઈને પૂછ્યું કે, 'આ ગામમાં બધાંને ભૂતની બીક લાગે છે, તો એ વિષયમાં તમારું શું કહેવું છે ?' એ માણસે કહ્યું, 'તમે બીજાને જઈને પૂછો. હું તો ૩૦૦ વર્ષ પહેલાં મરી ગયો છું.' આપણે મિથ્યા જ્ઞાનમાં જીવીએ છીએ. અર્જુનને મમત્વ રોકે છે. મમત્વને છોડવા જાગૃતિની જરૂર છે. તેનાં પગથિયાં છે - સ્થિતપ્રજ્ઞતા અને સમત્વ. ગીતામાં જ્ઞાન, ભક્તિ અને કર્મનું મિશ્રણ આપ્યું છે. ત્રણેના સમન્વયથી જાગ્રતતા આવે. આપણો વ્યવહાર યંત્રવત્ છે. આપણે 'तेन त्यक्तेन भुंजिथाः' નહીં સમજી શકીએ ત્યાં સુધી જાગ્રતતા નહીં આવે.

'અજવાળો' શબ્દનું મારું અર્થઘટન છેઃ
અજ એટલે જે જન્મેલું નથી તે
જ્વાળા એટલે સંસાર રૂપી તાપ
વાળ એટલે વળવું.

આતમને સંસારના તાપમાં, જ્વાળામાં પ્રવેશ કરાવવો પડે, તપાવવો પડે, અગ્નિપરીક્ષા આપવી પડે, તે માટે તમારે રોજ performance કરવું પડે, અને પછી

પણ તમે આતમ વિશે જાગૃત હોત તો self તરફ પાછા વળો, એ શક્ય બને.

એક બાપા મરણપથારીએ હતાં. બધાંની પૃછા કરવા લગ્યા. મોટો દીકરો કહે, 'બાપા, હું આ રહ્યો. અહીં જ છું. વચલો પણ તમારી પથારી પાસે જ છે. નાનો પણ તમારા પગ પાસે જ છે. કુટુંબના બધાં સભ્યો અહીં જ છે. તમે ચિંતા ન કરો. તો બાપા બોલ્યા, 'તમે બધાં અહીં છો તો પેલા રૂમમાં પંખો કેમ ચાલે છે?' જે સ્ટેશન તમે છોડો તેને ભૂલવાની તાકાત છે? એ માટે તો આપણી દીકરીઓને ધન્યવાદ આપવા પડે. તેને પરણાવી, સાસરે ગઈ, ચોથા દિવસે પિયર પાછી આવશે તો તરત જ કહેશે, 'અમારે ત્યાં તો આવી ચા બને. અમારા ઘરે તો મારા સસરા જ ચા બનાવે.' ચાર દિવસમાં તો નવા ઘરમાં કેવી એકરૂપ થઈ જાય છે !

આપણે એવા પાછાં વળવાનું છે કે
'યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ'
એ ધામથી પાછા ફરીને આવવાનું રહેતું નથી.
ૐ ન તત્ર સૂર્યો ભાતિ ન ચંદ્રતારકં
નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ।
તમેવ ભાન્તમનુભાતિ સર્વં
તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ॥

તેની અનુભૂતિ એકવાર થાય પછી મંજિલની મજા તો છે જ પણ પડાવની પણ મજા આવશે. ચાંદનીની કવિતા સૂર્યની કવિતા છે. સૂર્ય ગેરહાજર રહીને કવિતા સંભળાવે છે. અંતરને એટલે મનને માંજવાનું છે. તેની ઉપર લાઈટ ફેંકવાની છે - 'હું તે (ઈશ્વર) છું'. તમારું દુઃખ મારું દુઃખ. મારું સુખ તમારું સુખ. આવો સમત્વ ભાવ આવે ત્યારે પ્રકાશ દેખાય. તેના ચાર પગથિયાં છે - પ્રવેશવું, પરોવવું, પામવું અને પ્રકાશવું.

આપણી ધમાલ becomingની છે. આ દોડમાંથી પાછા વળીએ. આપણા અસ્તિત્વનો આનંદ અધ્યાત્મ છે. આપણું તો સદ્ભાગ્ય છે કે આપણો અધ્યાત્મનો આનંદ સદેહે આપણી સાથે સ્વામી અધ્યાત્માનંદ રૂપે છે.

સ્વામી ચિદાનંદજીના માધ્યમથી આપણને અજવાળું પ્રાપ્ત થયું છે. હવે આપણે જાગીએ. આતમની હાજરી વિશે જાગ્રત થઈએ. અને અનંત કાળ સુધી સૌને શાશ્વત સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય એ માટે પ્રાર્થના કરીએ છીએ.

### અધિકાર

સાહસ તમારો જન્મસિદ્ધ અધિકાર છે. ભય નહિ. શાંતિ તમારો જન્મસિદ્ધ અધિકાર છે, અશાંતિ નહિ. અમૃતત્વ તમારો જન્મસિદ્ધ અધિકાર છે, મૃત્યુ નહિ. સ્વાસ્થ્ય તમારો જન્મસિદ્ધ અધિકાર છે, રોગ નહિ. આનંદ તમારો જન્મસિદ્ધ અધિકાર છે, શોક નહિ. જ્ઞાન તમારો જન્મસિદ્ધ અધિકાર છે, અજ્ઞાન નહિ.

- સ્વામી શિવાનંદ

# પ્રવચન : ૩

## વિષય : વ્યક્તિ, સમાજ અને દેશ-એક સૂત્રાત્મકતા

**વક્તા : શ્રી અજય ઉમટ, પ્રમુખ સંપાદક - નવગુજરાત સમય**



શ્રી સ્વામી ચિદાનંદજીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે આપણે ભેગા થયા છીએ તેનો આનંદ છે. મારો વિષય જમીન સાથે જોડાયેલો છે. એક અમેરિકન ભારતની મુલાકાતે આવ્યો. એક ભારતીયે તેને કહેલું કે મારા ભારતમાં તને amazing માણસો મળશે. તેણે ભારતમાં જોયું કે અહીં knowledge છે, વિશ્વવિદ્યાલયો છે અને ઘણું બધું છે. પાછો અમેરિકા ગયો ત્યારે પેલા ભારતીયે પૂછ્યું, 'કેવા લાગ્યા Indians? ત્યારે તેણે કહ્યું, 'ઈન્ડિયામાં મને કાશ્મીરી મળ્યો, આસામી મળ્યો, પંજાબી મળ્યો, ગુજરાતી મળ્યો. હિંદુ મળ્યો, મુસ્લિમ મળ્યો, દલિત મળ્યો પણ ઈન્ડિયન એક પણ ના મળ્યો.' આપણે ત્યાં સમાજવાદ છે, જ્ઞાતિવાદ છે, જૂથવાદ છે. માણસ વહેંચાઈ ગયો છે. મને એક બહેન મળ્યાં. ખૂબ વ્યથિત હતાં. તેમણે પૂછ્યું, 'એક ભારતીય બીજા ભારતીયને મારી જ કેવી રીતે શકે?' કારણ કે એક સૂત્રાત્મકતા નથી.

આજે જ મોટો આતંકવાદી હુમલો થયો. આપણા ૧૭ જવાનોને જીવતાં સળગાવી દીધા. ૩૫ જવાનો ઘણા દાઝી ગયા છે. આપણે તેમના માટે પ્રાર્થના કરીએ. સુરતમાં ડાયમંડ મર્ચન્ટ છે. એમણે મેડિકલ કોલેજ બનાવી અને વડાપ્રધાનને કહ્યું, 'આમાં માત્ર સુરતના જ વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળશે. કારણકે સુરતના લોકોએ જ દાન આપ્યું છે.' વડાપ્રધાને કહ્યું, 'સારી વાત છે, આપણે મહારાષ્ટ્રમાંથી તાપીમાં જે પાણી આવી રહ્યું છે તેને પણ બંધ કરી દઈએ.' મધ્યપ્રદેશ કહે છે, નર્મદાનું પાણી નહીં આપીએ. આ ગુજરાત કે મધ્યપ્રદેશનો નહીં, ભારતનો વિકાસ છે. વર્લ્ડ બેન્કમાં બેસતી એક લોબી નથી ઈચ્છતી કે ભારતમાં પાણીની સમસ્યા દૂર થાય. આ પાવરફૂલ લોબી હવનમાં હાડકાં નાખે છે. તેઓ તેમાં સફળ પણ થાય છે. કારણ કે એક સૂત્રાત્મકતા નથી.

એક શિક્ષકે ભારતનો નકશો દોર્યો. પછી તેના ટુકડા કરી નાખ્યા અને એક વિદ્યાર્થીને પૂછ્યું, 'તું આને ગોઠવી શકે? વિદ્યાર્થીએ કાગળને ઊંધો કરી દીધો. તેના ઉપર જેડ બ્લ્યુની જાહેરાતમાં એક handsome પુરુષ હતો. બાળકે તે માણસને સરખો કરવા માંડ્યો. શિક્ષકે પૂછ્યું, 'તું આ શું કરે છે?' બાળકે કહ્યું, 'માણસ સરખો કરું છું. માણસ સરખો થશે તો દેશ સરખો થઈ જશે.'

એક વખત અમે પ્લેનમાં હતાં અને સમાચાર આવ્યા કે, 'આપણે ૧૨૦૦ કરોડની લાંચ આપી છે અને US સેક્રેટરી જનરલ શશી થરૂર બનશે. અમે હજુ તો પ્લેનમાંથી નીચે ઊતર્યા ત્યાં તો સમાચાર આવ્યા, 'પ્લીઝ, કિલ ધ સ્ટોરી. અમેરિકાની એક લોબીએ ૨૦૦૦ કરોડ ડોલરની લાંચ આપી છે એટલે શશી થરૂર નહીં બની શકે.' કેટલીક ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા બનાવાતી દવા ત્યાં વેચાય તે માટે એનું સિલેકશન થયું હતું. અમેરિકામાં પણ આવું થાય છે. મેરે મુલ્ક મેં એક ચીજ પ્યોર હૈ - વો curruption હૈ.

આપણે ત્યાં કૃષ્ણ લીડર હતાં. મહાવીર, કાલિદાસ, આર્ય ભટ્ટ, ચાણક્ય, પતંજલિ ઘણા લીડર

થઈ ગયા. આજે લીડરશીપની અછત ચાલી રહી છે. આજનો નેતા આવતી કાલની ચૂંટણી પર ધ્યાન આપે છે. માટે પટેલવાદને મહત્ત્વ આપે, દલિતવાદને મહત્ત્વ આપે, પણ ગુજરાતને મહત્ત્વ આપતો નથી.

આપણે ત્યાં ૧૮૫૭નો વિપ્લવ થયો, સંગ્રામ થયો. ભારતદેશના નાગરિકોનું સ્વપ્ન હતું કે દેશ આઝાદ થવો જોઈએ. જે સ્વપ્નને સાકાર થતાં ૯૦ વર્ષ લાગ્યાં. છેક ૧૯૪૭માં દેશ આઝાદ થયો. તેનું બંધારણ થતાં અઢી વર્ષ થયાં. આપણી ઈચ્છા છે ભારત એક Super Power Country બને. આપણી નિયતિ આપણને ખબર નથી. આપણે happinessની વાત કરતા નથી. આપણે ત્યાં 'ઘરનું ઘર' સ્કીમમાં ઘર લેવા ઉપસ્થિત રહેતા અસંખ્ય પરિવાર હતાં, ૩૬ લાખ પરિવારો below povertyમાં ફોર્મ ભરવા આવે છે. ૫૦૦ પીએસઆઈની નોકરી માટે ૫ લાખ લોકો ઈન્ટરવ્યુ આપે છે. તમે મહેસાણાથી મુંબઈ જાવ તો તેને golden coridor કહેવાય છે. તમામ પ્રકારની industries development છે પણ અંતરિયાળ વિસ્તારમાં જાવ તો કોઈ સગવડો જ નથી. આપણી વ્યક્તિ શહેરવાદી થઈ રહી છે. ગામડાંની શાળા-કોલેજોમાં સારી ફેકલ્ટી નથી. ડૉ. કલામે ૨૦૨૦નું વિઝન આપ્યું હતું પણ આજે ૬ કરોડમાંથી ૩ કરોડ ગુજરાતીઓ વિકાસથી વંચિત રહી ગયા છે. જોકે નરેન્દ્ર મોદીજીએ શરૂ કર્યું છે. કમનસીબી એ છે કે ફોરેનમાં બેઠેલી લોબી આપણામાં વર્ગવિગ્રહ કરે છે, તોફાન કરે છે. માયાવતીને, કેજરીવાલને દલિતવર્ગના વોટની ચિંતા છે. આજે અનામતના પ્રશ્નો ચાલે છે, ગૌરક્ષાના issue ચાલે છે. ઈલેકશન આવે ત્યારે બધું ચમકે છે પછી બધું ભુલાઈ જાય છે. આપણે ત્યાં તો દેશ નેતા-ઈન્દિરા ગાંધી, યુવા નેતા-રાહુલ ગાંધી, મહિલા નેતા - પ્રિયંકા ગાંધી-તો ભાડ મેં જાય મહાત્મા ગાંધી. જો પરિવારવાદમાં સત્ત્વ નથી હોતું ત્યાં લાંબું નહીં ચાલે. લાલુ યાદવ, ઠાકરે, કરુણાનિધિ, નહેરુ પરિવારમાં વંશવાદ ચાલે છે. આ રાજનીતિ ખતમ થશે તો જ દેશની પ્રગતિ થશે.

પહેલાં ફોરેનમાં કોઈ બાળક જમવાનું બગાડે ત્યારે તેના પિતા કહેતા કે બગાડ ના કરશો. 'ભારતમાં લોકોને ખાવા નથી મળતું'. લાલબહાદુર શાસ્ત્રી કહેતા, 'એક ટંક જમો'. હવે ફોરેનમાં પિતા બાળકને કહે છે, 'ભણો, ભારતના યુવાનો એટલા તેજસ્વી છે કે તમને પટાવાળાની નોકરી પણ નહીં મળે.'

૨૦૨૦માં શું સ્થિતિ હશે ? એ આપણા માટે મોટી તક છે. આપણી પાસે યુથ હશે. આપણે ત્યાં 'મેક ઈન ઈન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા' સફળ થયું તો આપણે પાવરફૂલ થઈ જઈશું. આપણે ત્યાં તો આપણાં ચીફ જસ્ટિસ ફરિયાદ કરે છે કે આપણા વડાપ્રધાન બલુચિસ્તાનની વાત કરે છે પણ અમારા જ્યુડિશિયલ ની વાત નથી કરતા. આપણે ત્યાં આતંકવાદીઓનું એન્કાઉન્ટર કરવાવાળા ઓફિસરો બાર-બાર વર્ષથી જેલમાં છે. એનો અર્થ એ થયો કે હવે કોઈ પોલીસ ઓફિસર કોઈ આતંકવાદીને મારશે નહીં, કારણ કે તરત જ પૂછવામાં આવશે કે એ આતંકવાદી જ હતો તેનું તમારી પાસે શું proof છે ? માટે બધાં ગભરાય છે. જો આપણામાં એક સૂત્રાત્મકતા નહીં આવે તો આપણે જ આપણું નુકસાન કરીશું.

શ્રી રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ પ્રાઈઝ મળ્યું. એમના સહકર્મચારીનાં ધર્મપત્નીએ તેમને કહ્યું, મારે ત્યાં બાબાનો જન્મ થયો છે. એનું સરસ નામ તમે પાડજો. ટાગોરે તેમને છઠ્ઠીના દિવસે આવવા કહ્યું. બહેન બાબાને લઈને ગયાં તો ટાગોર રડી રહ્યા છે. બહેને પૂછ્યું, 'તમે કેમ રડી રહ્યા છો ?' ટાગોરે કહ્યું, 'સોરી, મારો અંગત સચિવ બે કલાક મોડો આવ્યો એટલે હું તેને લડ્યો. પછી સચિવે કહ્યું, 'મારો એકનો એક પુત્ર પ્લેન અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે. તેની અંતિમક્રિયા કરીને આવ્યો એટલે મોડું થયું.' ટાગોરનું હૃદય બહુ જ ઋજુ હતું. આ સાંભળીને તેમને રડવું આવ્યું કે મેં કારણ જાણ્યા વગર જ તેને લડી નાંખ્યો. પછી પેલી બહેનને કહ્યું,

'લાવ, બાળક મારા ખોળામાં' નામ પાડ્યું 'અમર્ત્ય,' તે અમર રહે.

માએ કહ્યું, 'તેને આશીર્વાદ આપો. તમને જે ખુશી મળી હોય તેવી ખુશી તેને મળે.'

ટાગોરે કહ્યું, 'મને નોબેલ પ્રાઈઝ મળ્યું હતું ત્યારે મને જે આનંદ થયો હતો, તેવો આનંદ તારા દીકરાને મળે. એ નોબેલ પ્રાઈઝ વીનર થાય. આશીર્વાદ ફળે તે માટે મહેનત કરવી પડશે અને ખરેખર અમર્ત્ય સેનને નોબેલ પ્રાઈઝ મળ્યું. એ એમનું વિઝન હતું

વિક્રમ સારાભાઈએ અમદાવાદ યુનિવર્સિટીના ટાવર પાસે ઊભા રહી કહ્યું હતું, મારે અહીં વર્લ્ડ ક્લાસ ઈન્સ્ટિટ્યૂટ ઊભી કરવી છે. IIM, ISRO, NID, વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સેન્ટર બન્યાં તે તેમનું વિઝન હતું. વિક્રમ સારાભાઈના ગયા પછી છેલ્લાં ૩૫ વર્ષમાં કઈ વર્લ્ડ ક્લાસ ઈન્સ્ટિટયૂટ બની?

કલામ સાહેબનો ઈન્ટરવ્યુ વિક્રમ સારાભાઈએ ટ્રેનમાં લીધો હતો અને કહી દીધું, 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં અમદાવાદ આવી જાવ. કલામસાહેબને થયું, અમદાવાદમાં નવી રીતે સેટલ થવું પડશે એ માટે પૂછવા ગયા તો વિક્રમ સારાભાઈએ કહ્યું, 'કાલે ૧૧ વાગ્યે મળવા આવજો.' કલામસાહેબ ૧૧ વાગ્યે પહોંચી ગયા. ત્યાં સી. કે. પ્રધાન સાહેબ બેઠા હતાં. તેમને આવવાનું કારણ પૂછ્યું તો તેમણે જણાવ્યું, હું મેંગ્લોરમાં સેટલ છું પણ મને અમદાવાદ આવવા જણાવે છે માટે મળવા આવ્યો છું. બંને વિક્રમ સારાભાઇને મળ્યાં. તેમણે કલામસાહેબને કહ્યું, 'તમારે PRLમાં રીસર્ચ લેબોરેટરીમાં કામ કરવાનું છે' અને સી.કે. પ્રધાનસાહેબને કહ્યું, 'તમારે IIMમાં અધ્યાપક તરીકે સેવા બજાવવાની છે. સી.કે. પ્રધાનસાહેબને વળી કહ્યું, 'અહીં તમારે મેનેજમેન્ટ ગુરુ તરીકે સેવા બજાવવાની છે, પછી તમે હાર્વર્ડ યુનિવર્સિટીમાં જશો. આ સાંભળી કલામસાહેબે પૂછ્યું, 'મારે શું કરવાનું છે ?'' તો તેમણે કહ્યું, 'તું ભારતનો પ્રેસિડેન્ટ બનજે.' આ એમનું વિઝન હતું. તેમને ગુજરાત યુનિવર્સિટીની વાઈસ ચાન્સેલરની ચૂંટણીમાં માત્ર ૪ વોટ મળ્યા હતા, કારણ કે તેઓ જૈન હતાં. જ્યારે બીજા હરીફ અનાવિલ હતા, માટે તેમને ૨૮ વોટ મળ્યા હતા. આપણા જ્ઞાતિવાદે શિક્ષણનું, દેશનું ખૂબ નુકસાન કર્યું છે. આપણા યુવાનો ઈંગ્લિશ સારું બોલી શકતા નથી માટે IAS અને IPS માં પાછા પડે છે. આપણા સ્વામીજી ૧૪ ભાષાઓ જાણે છે. સ્વામીજી, you are great, પ્રભુ.'

આપણે અહં અને મમતની લડાઈમાંથી મુક્ત થઈને અહંશૂન્યતા સુધી પહોંચી શકીશું. સત્ય બોલવાનો ધર્મ છાપાંવાળા સ્વીકારી લે તોય દુનિયાનું કલ્યાણ થઈ જાય. એક ખૂબ પ્રતીકાત્મક વાત છે. કોઈ વ્યક્તિ જૂઠું બોલે તો ઉપર સ્વર્ગમાં એક ઘંટ વાગે, એકવાર અચાનક ઘંટારવ ચાલુ થઈ ગયો. પૂછવામાં આવ્યું કે શું થયું ? કેમ સળંગ ઘંટ વાગે છે ? તો જવાબ મળ્યો, પૃથ્વી પર છાપાં છાપવાની શરૂઆત થઈ છે. આપણે જ્યાં રહીએ ત્યાં સત્ય ધર્મ અપનાવી લઈએ તો આપણો આપદ ધર્મ અપનાવી રહ્યા છીએ.

તાલિબાનમાં મલાલા નામની ૧૪ વર્ષની દીકરી આર્કિટેક્ટ બનવા ઈચ્છતી હતી. તેની માએ કહ્યું, 'તું તારી કારકિર્દીનો વિચાર કરીશ નહિ, તું નર્સ કે શિક્ષિકા બની શકે. તાલિબાનના વિસ્તારમાં રહીને આ બધું નહીં વિચારવાનું.' મલાલાએ વિચાર્યું, 'speak up' રોજ-રોજ મરવું એના કરતાં ત્રાસવાદીની ગોળીથી મરવું સારું. તેણે ગુલપનાહના નામથી બ્લોગ લખવાનું શરૂ કર્યું. પોતાની વ્યથા લખવાની શરૂ કરી. તાલિબાનો છક થઈ ગયા કે કોણ લખે છે ? તેમને ખબર પડી કે આ છોકરી લખે છે, તેને ગોળી મારી દીધી, પણ તે બચી ગઈ. ૧૫ વર્ષની ઉંમરે તેને 'યંગ નોબેલ પ્રાઈઝ' મળ્યું. ત્રાસવાદીના વિસ્તારમાં ગોળી નહીં, પેન-પેન્સિલ-પુસ્તકોથી ત્રાસવાદીઓ મરી જશે. દેશે પોતાના સર્વાંગી વિકાસ માટે એકસૂત્રાત્મકતામાં આવવું જ પડશે.

ભારત માતા કી જય.

## પ્રવચન : ૪

# વિષય : ગુરુભક્તિ યોગ - સંપ, સુહૃદતા અને સમર્પણ દ્વારા

વક્તા : પૂજ્ય સંત ભગવંત સાહેબદાદા, અનુપમ મિશન



શિવાનંદ આશ્રમ, અમદાવાદ અને પ્રાતઃ-સ્મરણીય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજને પ્રણામ.

પરમ પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજના શતાબ્દી કાર્યક્રમના ઉપક્રમે આજે અહીં પરમ પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં કીર્તન-ભક્તિનો આનંદ માણવાનો અદ્‌ભુત લ્હાવો પ્રાપ્ત થયો, તે માટે શિવાનંદ આશ્રમના ટ્રસ્ટીઓ અને સ્વામીજીનો આભાર માનીએ છીએ. સ્વામીજીએ અમને સર્વ ભક્તો અને મુક્તો સાથે આવવાનો લાભ આપ્યો છે. એમની સાથે એવો પ્રેમ છે કે ના પાડવાનો કોઈ સવાલ જ આવતો નથી.

વર્ષો પહેલાં અમે હૃષીકેશ ગયા હતા ત્યારે સૌએ કહ્યું 'આપણે સ્વામી ચિદાનંદજીનાં દર્શન કરવા જોઈએ.' કોઈને પૂછ્યું, 'સ્વામી ચિદાનંદજીનાં દર્શન ક્યાં થશે?' રાત પડી ગઈ હતી. માટે એ વ્યક્તિએ કહ્યું, 'હવે અત્યારે દર્શન ના થાય, પણ એક સ્વામીને મળો તો એ તમને દર્શન કરાવી શકે. એ એકમાત્ર ગુજરાતી સ્વામી છે, તેમનું નામ છે - સ્વામી અધ્યાત્માનંદજી'. અમે સ્વામી અધ્યાત્માનંદજીને મળ્યા અને સ્વામીજીએ કહ્યું, 'ચાલો, દર્શન કરાવું' અને સ્વામીજીનો વિશેષ આભાર કે એ અમને સ્વામી શ્રી ચિદાનંદજીના આવાસમાં લઈ ગયા અને અમે એમની સાથે ૪૫ મિનિટ બેઠા. એમણે મને કહ્યું, 'મને સ્વામિનારાયણના કીર્તન બહુ ગમે.' અમે એક ભજન ગાયું. તેઓ ખૂબ પ્રસન્ન થઈ ગયા. અમને આશીર્વાદ અને પ્રસાદ આપ્યાં. સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે અમને ગુરુભક્તિનું અદ્‌ભુત દર્શન કરાવ્યું.

સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજનું પ્રાકટ્ય ઈ.સ. ૧૯૧૬ની ૨૪ સપ્ટેમ્બરે ગર્ભશ્રીમંત જમીનદાર કુટુંબમાં થયું હતું. તેમનાં માતા તેમની ભક્તિ અને વિદ્વત્તાના કારણે સૌ તેમને દેવી જેવા ગણી ખૂબ આદર આપતાં. તેમણે તેમનાં બાળકોમાં આધ્યાત્મિક સંસ્કારનું સિંચન કર્યું હતું. શ્રીધર (સ્વામી ચિદાનંદજી મહારાજનું પૂર્વાશ્રમનું નામ) લોયોલા કોલેજમાં ભણ્યા અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. સમૃદ્ધિની છોળો વચ્ચે રહેતા હોવા છતાં તેમનું જીવન અત્યંત સાદું અને સંયમી હતું. ભૌતિક સુખસાહ્યબીએ તેમને બિલકુલ સ્પર્શ કર્યો નહોતો. જરૂર તેઓ યોગભ્રષ્ટ આત્મા હશે. તેમનાં માતા નાનપણથી જ તેમને મહાભારત, રામાયણની વાતો કહેતાં હતાં. સંસારથી સંપૂર્ણ અલિપ્ત અને પરમાત્માને પામવાની ઉત્કટ તાલાવેલીના કારણે તેઓ રમણ મહર્ષિ પાસે ગયા. ત્યાં ધ્યાન કર્યું. ત્યારબાદ ગુરુની શોધમાં તેઓ હૃષીકેશ સ્વામી શિવાનંદની પાસે ગયા. તેમણે શ્રીધરને સંન્યસ્ત દીક્ષા આપી અને તેઓ સ્વામી ચિદાનંદ સરસ્વતી બન્યા. તેમના જીવનમાં આપણે જ્ઞાન-ભક્તિ-કર્મનો સમન્વય જોઈ શકીએ છીએ. તેમના જીવનમાં મહાત્મા ગાંધીજીનો પણ પ્રભાવ હતો. તેમને માત્ર આઠ વર્ષની ઉંમરે સભામંચ પર ગાંધીજીની બાજુમાં બેસવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું

હતું. ત્યારથી જ ગાંધીજી તેમના પ્રેરણામૂર્તિ બની ગયા હતા. ગાંધીજીની ધર્મ પ્રત્યેની અભિરુચિ અને નિયમથી તેઓ પ્રભાવિત થયા હતા અને તેમને જીવનમાં અપનાવી લીધા હતા. તેમના બાહ્ય જીવનમાં ખૂબ સાદાઈ હતી. પણ આંતરિક સમૃદ્ધિ હતી. દુઃખિયાંને મદદ કરવી, ખાસ કરીને કુષ્ઠરોગી માટે તેમણે અદ્‌ભુત કામ કર્યાં છે. ગઢવાલની ગરીબ પ્રજા માટે એમણે ખૂબ કામ કર્યું. તેમણે પોતાના ગુરુ પ્રત્યે ભક્તિ અદા કરી અને તેઓ સ્વામી શિવાનંદજીની અત્યંત પ્રસન્નતાનું પાત્ર બન્યા. ગુરુદેવે તેમની પોતાના ઉત્તરાધિકારી તરીકે ઓળખાણ કરાવી. આટલા બધા શિષ્યોમાં તેમને ગુરુપદે સ્થાપ્યા તે ઉપરથી જ સમજી શકાય છે કે એમની ગુરુભક્તિ કેવી હશે !

યોગી મહારાજને તેમના ઉત્તરાધિકારી પ્રમુખ સ્વામીમાં સર્વસ્વ દેખાયું. પ્રમુખ સ્વામીએ હમણાં જ સમાધિ લીધી. તેમણે પોતાની હયાતીમાં મહંત સ્વામીને ઉત્તરાધિકારી સ્થાપ્યા. સાચું જ્ઞાન શાસ્ત્રોમાં પણ લખાયું નથી. સંતો જેમની શતાબ્દી આપણે ઉજવીએ છીએ એમણે એમની હયાતીમાં ભગવાનને ઓળખ્યા, ભગવાનને રાજી કર્યા. ગુરુને રાજી કરવા ભક્તિ કરવી તેને ગુરુભક્તિ યોગ કહેવાય. સંતો પોતાના ગુરુદેવનો વારસો ચાલુ રાખે છે.

સ્વામી શિવાનંદજી ડૉક્ટર હતા. મલેશિયામાં ધીકતી કમાણી છોડી આત્માના કલ્યાણ માટે ભારત આવ્યા. કઠોર તપ કર્યું અને પોતાનું તો કલ્યાણ કર્યું પણ અનેકના જીવનનું કલ્યાણ કર્યું.

સ્વામિનારાયણ ભગવાનની શતાબ્દી ઊજવાઈ ત્યારે એક મહિના પહેલાંથી સામૈયું યોજાયું હતું. સ્વામી ચિદાનંદજીએ તેનું પ્રમુખપદ સંભાળ્યું હતું. આ સંતોને કોઈ સંપ્રદાય નથી. તેઓ પ્રભુ તરફી હોય, કલ્યાણનાં કામ કરે, સૌ પોતાના છે એમ પ્રેમ કરે.

સ્વામી અધ્યાત્માનંદજીનું જીવન સહજ છે. અમારા માટે એટલો પ્રેમ છે. એમને પોતાના માટે ભાવ લાગે તેવો સાચા હૃદયનો પ્રેમ લાગે. એ જ સાચું સંતત્વ છે. પ્રેમ, પ્રેમ અને પ્રેમ એ જ સંત. સ્વામી અધ્યાત્માનંદજીએ આ આશ્રમની કેવી જગ્યા હતી, એને આજે કેવું અદ્‌ભુત સ્થાન બનાવ્યું છે, જેથી આપણે આ શતાબ્દી વર્ષ ઊજવવા ભાગ્યશાળી બન્યા છીએ. જ્યાં પ્રભુના કાર્ય અંતઃકરણના ભાવથી કરાતા હોય ત્યાં પ્રભુની સર્વ શક્તિ તેમની આજુબાજુ કામ કરતી હોય છે. સ્વામી ચિદાનંદજી અને સ્વામી શિવાનંદજીની આપણા પર કૃપા હોય તો જ આત્મામાં બળ આવે છે, ભક્તિનો આનંદ આવે છે. જીવંત ગુરુ મળે તો જ સાચો આનંદ પ્રગટે છે. સ્વામી ચિદાનંદજીનું વિશેષ કાર્ય એ છે કે સ્વામી અધ્યાત્માનંદજી જેવા સંતની આપણને ભેટ આપી. બધું આપણી પાસે હોય પણ દેહના પ્રાણ-આત્મા જ ન હોય તો શું અર્થ છે? ભવન હશે પણ તેના પ્રાણ સંત હશે તો જ ભક્તિનો પરમ આનંદ પ્રાપ્ત થશે.

સ્વામી ચિદાનંદજીએ આવા અદ્‌ભુત સાધુની ભેટ આપી છે. આવા સાધુનો મહિમા સમજીશું, તેમની આજ્ઞાને પાળીશું તો ગુરુદેવને ખૂબ આનંદ થશે. પ્રાકટ્ય પર્વ પર અમને દર્શનનો મોકો મળ્યો તેનો આનંદ છે.

યોગી મહારાજે મંત્ર આપ્યો છે - 'જીવનમાં દેહ સાથે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર પણ રહેશે. પરંતુ, જેમ જેમ પ્રભુ રાજી થશે તેમ તેમ આપોઆપ ઓગળી જશે. ઓગાળવું નહીં પડે. શરત છે-પ્રભુ રાજી થાય તો; આવા સાધુને બે હાથ જોડીને પગે લાગી તેમની આજ્ઞાનું પાલન કરો તો પ્રભુ રાજી થશે. જે આપણા સંપ, સુહૃદતા અને સમર્પણ દ્વારા પ્રાપ્ત થઈ શકે.

આપણા સૌની સ્વામી શિવાનંદજી, સ્વામી ચિદાનંદજી, યોગીજી મહારાજ, પ્રમુખ સ્વામીજીને પ્રાર્થના કે અમને આવા વારસદારોની ભેટ આપી છે. અમે સમ્યક્ ભાવ રાખી આપના કાર્યમાં સમર્પિત થઈએ એવા આશીર્વાદ આપજો.



# પ્રવચન : ૫

## વિષય : ગુરુ ભક્તિયોગ

વક્તા : પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ, અધ્યક્ષ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ

પરમ દિવસે મારે AMAમાં 'સંબંધોની સાચવણી' વિષય ઉપર બોલવાનું હતું. મને યાદ આવે છે સાહેબદાદા અને અમારી ભાઈબંધી ૨૫ વર્ષથી છે. સાહેબજીના પ્રાગટ્ય મહોત્સવમાં ૨૦ વર્ષ પહેલાં મારે જવાનું થયું હતું. અમારા ગુરુદેવે શીખવ્યું છે કે સંત પાસે જાવ તો ફળનો ટોપલો, ફૂલનો હાર, પુસ્તકો લઈને જવાનું. એમનો પ્રાગટ્ય દિવસ ધુળેટીના દિવસે એટલે કે માર્ચમાં આવે છે અને આ શરીરનો જન્મદિવસ મે મહિનામાં આવે છે. એ દિવસે સાહેબ તેમના કેટલાક ભક્તો સાથે આશ્રમમાં પધાર્યા. આશ્રમમાં તે વખતે યોગશિક્ષક તાલીમ શિબિર ચાલતી હતી, જેમાં હું શીખવી રહ્યો હતો. સાહેબે આવીને પૂછ્યું, 'સામૈયો નથી રાખ્યો?' મેં કહ્યું, 'સામૈયો અમારા માટે ના હોય, એ તો ગુરુદેવ માટે હોય'. તેઓ ચાંદીની થાળી, વાડકી-આખો સેટ લઈને આવ્યા હતા. તેમણે ટ્રસ્ટીઓને ફોન કરીને બોલાવ્યા અને કહ્યું, 'સ્વામી અધ્યાત્માનંદજીનો જન્મદિવસ આપણે ઊજવવાનો'. ત્યારથી આપણે ત્યાં ધામધૂમ ચાલે છે.

સંતોને મારું-તારું ન હોય. 'મારું બધું તારું' એ ભાવ થાય તેને સાત્ત્વિકતા કહેવાય. આ વખતે પણ મને કહ્યું 'ઓગસ્ટમાં લંડન ક્યારે આવો છો. ૧૦-૧૫ દિવસ આપણે ત્યાં રોકાવાનું . ગીતા પ્રવચન કરવાનાં.' પરસ્પર પ્રેમ છે. નિર્વ્યાજ પ્રેમ જેમાં આકાંક્ષા ન હોય. નિષ્પાપ, નિષ્કપટ હોય તે જ સાચો પ્રેમ. વેલેન્ટાઇન ડે તો આડંબર છે.

પ્રમુખ સ્વામી કહેતા કે સ્વામી ચિદાનંદજીનાં દર્શન કરું તો મારા ગુરુદેવની સહજતા-સરળતાનાં દર્શન થાય છે. સ્વામી ચિદાનંદજી મહારાજ કહેતા કે પ્રમુખ સ્વામીજીનું દર્શન એટલે શ્રીજી મહારાજ ભગવાન શ્રી સ્વામિનારાયણનું દર્શન.

સ્વામિનારાયણ દ્વિશતાબ્દી જ્યારે અમદાવાદમાં ઉજવાઈ ત્યારે ત્રણ મોટા ઉત્સવ થયા, સ્વામિનારાયણ દ્વિશતાબ્દીનો મંગળ પ્રારંભ, અખિલ ભારત સંત સંમેલન અને સ્વામિનારાયણ પ્રદર્શન. આ ત્રણેય પાવન પ્રસંગોનું ઉદ્ઘાટન પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજના વરદ હસ્તે થયું. આ પ્રસંગના છ મહિના પહેલાં આઠ સંતોનું એક મંડળ સમગ્ર ભારતવર્ષના તમામ સંતોને રૂબરૂ નિમંત્રણ આપવા ગયું. શિવાનંદ આશ્રમમાં પણ આવેલા. સંતોનું ચિંતન એવું થયું કે મહાત્મા અગણિત છે. સંતશિરોમણિ તો સ્વામી ચિદાનંદજી મહારાજ છે. આવો પરસ્પર આત્મીય નાતો બંને મહાપુરુષો વચ્ચે હતો. આવી જ રીતે લંડનના ગુણાતીત દ્વિશતાબ્દી અને ન્યૂયોર્કના ઉત્સવો પણ પૂજ્યશ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની પવિત્ર ઉપસ્થિતિમાં જ મંગળ પ્રારંભ પામ્યા.

પાળિયાદ નામનું ગામ છે, ત્યાં અમરા બાપુ હતા. તેમના રજતજયંતી ઉત્સવ પર તેમની રજતતુલા થવાની હતી. હું એ વખતે લંડન હતો. ગુરુદેવે મને તાત્કાલિક લંડનથી બોલાવ્યો કે તમારે પાળિયાદ જવાનું છે. મારે લંડનથી સીધું રાજકોટ થઈને પાળિયાદ આવવાનું થયું. બાપાએ પાસે બેસાડીને પૂછ્યું, 'હૃષીકેશથી પધાર્યા?' મેં કહ્યું, 'ના, લંડનથી.' બાપાએ પૂછ્યું, 'ઉતારો ક્યાં છે? મેં કહ્યું, 'વીરનગર'. બાપા કહે, 'ના જવાય દોઢ કલાક થશે. ચાલો, સાળંગપુર. તે માત્ર અડધો કલાક જ છે.' બાપા વહાલથી અમને સાળંગપુર લઈ ગયા. હું અને ડૉ. ચિરાગ ત્યાં ત્રણ દિવસ રહ્યા. આ નિવાસ અવિસ્મરણીય છે. બાપા સવારે પૂજા કરે ત્યારે તેઓ એકલા જ બેસે, તે ઉપરાંત અમે બંને. બાપા કહે, 'જો સ્વામી ચિદાનંદજી મહારાજે જે શાલ આપી છે તે ઓઢીને જ પૂજા કરીએ છીએ.' રાત્રે તેમના શયન સમયે અમે બંને બાપાની ચરણ સેવા કરતા. આજનો દિવસ અનુપમ મિશન દ્વારા જ સંચાલિત, આપની રીતે જ કરવાનું.

જ્યાં સુધી સ્વામી ચિદાનંદજીનો પ્રશ્ન છે

એમણે જ્યારે ગૃહત્યાગ કર્યો ભારતીય પરંપરા પ્રમાણે શુભકાર્યના પ્રારંભે ઈષ્ટદેવનું સ્મરણ કરવું જોઈએ, તેમણે પણ તેમના નવા જીવનની શરૂઆત ઈષ્ટદેવ તિરુપતિ બાલાજીનાં દર્શનથી કરી. ત્યાં એક મોટી હૂંડી છે. ત્યાં નિયમ છે કે એમાં પૈસા નાંખવા જોઈએ. તેમની પાસે તો પૈસા હતા નહિ. તેમણે ત્યાં એક મુસલમાન કોન્ટ્રાકટર પાસે જઈને મજૂર તરીકે કામની માગણી કરી. સાત દિવસ સુધી તનતોડ મજૂરી કરી. મજૂરી તરીકે માત્ર એક જ રૂપિયો સ્વીકારી ફૂલ સાથે અત્યંત ભક્તિભાવથી ભગવાનના ચરણે ધર્યો.

સ્વામીજીનું એમસ્ટરડેમમાં આગમન થયું, ત્યાં પૂર્ણિમા નામની દીકરી આયોજક હતી. સ્વામીજીએ તેને બોલાવી અને આખા મંડપમાં પડેલાં સિગારેટનાં ઠૂંઠાં, દારૂની બાટલીઓ, કાગળિયાં બધું સ્વયં વીણી લીધું; પૂર્ણિમાએ કહ્યું, 'મેં આવા સંત જોયા નથી.'

મધર ટેરેસા કહેતાં, 'સ્વામી ચિદાનંદજી એસિસીના સંત ફ્રાન્સિસના અવતાર છે. સંત ફ્રાન્સિસને પોપે તેમને ત્યાં જમવા બોલાવ્યા. તેમણે વિશાળ ટેબલ પર મૂકેલું બધું જોયું. પછી તેઓ બહાર ગયા. ત્યાં કેટલાક લોકોએ ખાઈને સેન્ડવિચના ટુકડા ફેંકેલા હતા. તેઓ તે વીણી લાવ્યા અને પોપને પૂછ્યું, 'મને આ ખાવાની અનુમતિ છે?' ખૂણામાં બેસીને એ ખાધું.

શ્રી શ્રી મા આનંદમયી પૂછતાં, 'સ્વામીજી કેમ ખાતા નથી?' સ્વામીજી ખોરાકમાં પહેલાં તો રોટલીનું ઉપરનું પડ લેતા. પછી એ બંધ કરી ખૂબ ગળેલો ભાત અને ઓસામણ લેતા, પછી એ પણ બંધ કરી બાફેલું કારેલું અને ગલકું લેતા. પછી તો એ પણ બંધ કરી દીધું. તેઓ ૧૦ વાગ્યે ૧ વાડકી છાશ બનાવી મૂકી રાખતા. ૨ વાગ્યે છાશની ઉપરનું પાણી લઈ ઉકાળવાનું અને આખો દિવસ આ જ પીવાનું. છેલ્લે સુધી આવું જ કર્યું. તેમના ચામડી અને હાડકાં એક થઈ ગયાં હતાં.

સ્વામી શિવાનંદજી મહારાજ મલેશિયામાં હતા ત્યારે દસેદસ આંગળીમાં વીંટી પહેરતાં, સૂટ-કોટ પહેરતા, પરંતુ હૃષીકેશ આવીને અન્નક્ષેત્રમાંથી ભિક્ષા લઈ આવતા.

ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી અને ગુરુભગવાન સ્વામી ચિદાનંદજીએ જે તપ કર્યું તેનું આપણે ફળ ભોગવી રહ્યા છીએ. તેઓ મને ઉત્તર કાશી લઈ ગયા અને કહ્યું, 'તમે અમદાવાદ જાવ'. મેં કહ્યું, 'સ્વામીજી, મને ટોઈલેટ સાફ કરવા દો, પણ અહીં જ રહેવા દો.' એમણે કહ્યું, 'મારો personal interest છે, તમે અમદાવાદ જાવ અને ત્યાં develop કરો.' અહીં આવ્યા પછી ઘણાં ઉતાર-ચઢાવ થયા છે, આંધી-તૂફાનની વચ્ચે ધૂણો ધખાવે મને ૨૫ વર્ષ થયાં છે. આજે સ્વામી પવિત્રાનંદજીનો આત્મા ખુશ થતો હશે અને મારા ગુરુદેવ ગદગદ થતા હશે. તેમણે જે ભરોસો મૂક્યો તેને નિભાવવાનો વિનમ્ર પ્રયત્ન કર્યો છે.

અમારા ટ્રસ્ટીઓ, કારોબારીના સભ્યોનો, અમારો રસોઈયો ધર્મેશ ૧૬ વર્ષથી છે, કોઈ દિવસ મોં ના બગાડે, બધાંનો આભારી છું. પૂ. સાહેબદાદાનો આભારી છું.

ગુરુભગવાનની જન્મ શતાબ્દી ઊજવવાનું આપણને સૌભાગ્ય પ્રાપ્ત થયું. માટે જે બને તેટલું સારું કરવું એવું નક્કી કર્યું.

કોઈ માણસ મુશ્કેલીમાં હતો. કોઈકે કહ્યું, 'મહાદેવ ભોળા છે, તેને ભજ.' ત્રણ મહિના પૂજા કરી, કંઈ પરિણામ ના આવ્યું. તો કોઈકે કહ્યું, 'ગણેશની પૂજા કર' ત્રણ મહિના ગણેશ ભજ્યા. સમાધાન ના મળ્યું. કોઈકે કહ્યું, 'હવે શિવજીને ભજ'. હવે શિવજીને ભજવાનું શરૂ કર્યું. ધૂપ કરે તો એનો ધુમાડો ઉપર મૂકેલાં ગણેશની સૂંઢમાં જતો હતો. તેણે કાગળનો ડૂચો કર્યો અને ગણેશની સૂંઢમાં ભરાવી દીધો. ગણેશ જાગ્રત થયા. એણે પૂછ્યું, 'આટલો વખત મેં તમને પૂજ્યા ત્યારે તો જાગ્રત થયા નહીં. હવે કેમ? ગણેશે કહ્યું, 'અત્યાર સુધી તું મને મૂર્તિ માનતો હતો. આજે તેં મને પ્રાણવાન જોયો'. ગુરુ પણ સાક્ષાત્ છે. પ્રત્યક્ષ છે, પ્રાણવાન છે. તેમને આવવા-જવાનું નથી, તેને સદૈવ પ્રત્યક્ષજાણીએ અને ધન્ય બનીએ. - ૐ શાંતિ

# પ્રવચન : ૯

# વિષય : મૌન પણ એક વક્તવ્ય છે

વક્તા : શ્રી જય વસાવડા, લેખક, વક્તા



**ૐ નમો નારાયણ.** સ્વામીજીએ મને મૌન પર બોલવાનું કહી કસોટીમાં મૂક્યો, પરંતુ 'કરિષ્યે વચનમ્ તવ' સ્વામીજી ઉત્તમ વક્તા છે, પ્રેરકબળ છે, એમના vibrations છે. એમની હંમેશાં આપવાની વૃત્તિ છે.

Love અને Lust માં ફરક શું છે?

To give એટલે Love - આપવું.

To have એટલે Lust - મેળવવું.

શ્રીરામ એટલે Love અને રાવણ એટલે Lust. સ્વામીજીની ભૂમિકા To giveની છે. આશ્રમની ભૂમિકા આપવાની છે અને વિશ્વભરમાં જેમણે આપ્યું છે ત્યાં ભીડ છે. અમિતાભ બચ્ચન અને સચીન તેંડુલકરના બંગલા છે તેની આસપાસ પણ બંગલા જ છે, પણ એમના બંગલે જે ભીડ હોય છે તેવી બીજા બંગલે નથી હોતી. અમિતાભે અભિનયનું મનોરંજન પૂરું પાડ્યું, સચીને ક્રિકેટનું મનોરંજન આપ્યું. આપ્યું માટે ભીડ છે. બાકીનાએ સમાજને કંઈ આપ્યું નથી માટે ભીડ નથી અને તમે આપવાની ભૂમિકા પર આવો એનો આનંદ છે.

મહાભારતમાં એક રસપ્રદ વિષય છે. મહાભારત યાદ આવ્યું એનો અર્થ એવો નથી કે એમાં મૌન છે. ત્યાં મૌન નથી. ગીતામાં શ્લોકો રચાયા છે, જેમાં ૭૦૦ શ્લોકોમાંથી ૨૦૦ શ્લોકોનું તો પુનરાવર્તન થાય છે. ૫૦૦ શ્લોક અસલી ગીતા છે. તેને compose કરીને મૂકો તો છાપાનું એક પાનું જ થાય. જ્ઞાનને લંબાવી-લંબાવી-બહેલાવીને કથા કરવાનો પ્રશ્ન નથી.

મહાભારતમાં એક પ્રસંગ છે. જ્યારે પાંડવોની છાવણીમાં અશ્વત્થામા ઘૂસી ગયો અને દ્રૌપદીના બધા પુત્રોની હત્યા કરી નાખી. અશ્વત્થામાએ દ્રૌપદીના નિદ્રાધીન પાંચ પુત્રોનો પાંડવ સમજીને તલવાર વડે શિરચ્છેદ કર્યો. એ શોભે એવું કૃત્ય નથી. અશ્વત્થામાને પકડી લેવાય છે. તેને કૃષ્ણ પાસે લાવવામાં આવે છે. કૃષ્ણ જાણે છે કે એની પાસે બ્રહ્માસ્ત્ર છે, જે અર્જુન સિવાય કોઈ રોકી શકે તેમ છે નહીં. ત્યારે દ્રૌપદી સ્વાભાવિક રીતે અકળાય છે, કારણ કે તેના પુત્રો હણાયા છે. આટલાં વર્ષથી કૃષ્ણએ અલગ અલગ રીતે નિભાવેલાં કામ દ્રૌપદીને ખબર છે. દ્રૌપદીને એ પણ ખબર છે, કૃષ્ણ જે નિર્ણય લે તે કૃષ્ણાર્પણ જ કરવાનો. છતાં તે બોલી ઉઠે છે અને કૃષ્ણને કહે છે : 'તમારી સુભદ્રાનો અંશ જીવે છે. મારા બધા અંશનો નાશ થયો છે. કૃષ્ણ તમને મારી પહેલાં જેમ પડી નથી.' તે કૃષ્ણને પક્ષવાદનું મહેણું મારે છે. કૃષ્ણ ધારત તો જવાબ આપી શકત. એમણે એના માટે ક્યાં ક્યાં કાર્ય કર્યાં છે તે ગણાવી શકત અને કહી શકત કે તને કોઈ હક નથી કે તું મારા પર આવો આક્ષેપ મૂકી શકે.

લોકોને એવી ટેવ હોય છે કે ફૂટબોલની રમતમાં ખેલાડીએ કેટલા ગોલ કર્યા એના કરતાં કયો ગોલ છોડ્યો એ યાદ રાખશે.

કૃષ્ણ કંઈ બોલ્યા નહીં. મૌન રહ્યા. જીવનમાં એવા સંજોગો ઊભા થાય છે, જ્યાં કૃષ્ણ જેવા કૃષ્ણએ પણ મૌન સેવવું પડે છે. મૌન એ પણ એક વક્તવ્ય જ છે. અહીં કૃષ્ણ ભગવાને મૌન સેવ્યું તેનાં કારણો હોઈ શકે.

૧. માએ પોતાનાં સંતાનો ગુમાવ્યાં છે તેની પીડા છે. તેને તમે ગમે તેટલા આશ્વાસન આપો એનો કોઈ અર્થ નથી માટે મૌન રાખવું.

૨. કૃષ્ણ તો જીવનના આવા અનેક અનુભવમાંથી પસાર થયા હશે. એમને ખબર છે આક્ષેપ થાય તો જવાબ ના આપવાનો હોય, કારણ કે વાત સ્તરથી ઘણી નીચે ઊતરી ગઈ હોય છે.

૩. 'મારી જાત સાથેનો સંવાદ' પુસ્તકમાં લેખકે લખ્યું છે - કોઈ વાતના ખુલાસાઓ ક્યારેય ના હોય, કારણ કે શત્રુઓ માનવાના નથી અને મિત્રોને એની જરૂર નથી.

મિત્રો, કૃષ્ણનું મૌન આ ભૂમિકા પર હોઈ શકે. વેદનાની ભૂમિકાએ હોઇ શકે. રજનીશ વિદ્વાન અને વક્તા તરીકે પ્રખ્યાત હતા. તેઓ દેશ-વિદેશમાં પ્રવચનો આપતા. તેમણે કહ્યું હતું, 'હું આટલા પ્રવચન કરું છું પણ અંગત રીતે માનું છું કે જગતની શ્રેષ્ઠ અનુભૂતિ ક્યારેય શબ્દો વ્યક્ત કરી શક્તા નથી.' મારો પણ અનુભવ છે કે શબ્દો સાથે રમી શકું છું, ખેલ કરી શકું છું, નરસિંહ મહેતાનો વારસો છે એટલે કલમ-કડછી અને બરછી ચલાવી શકું છું પણ કોઈ પૂછે કેટલી મજા આવી? તો આપણે પહેલાં તો કહીએ બહુ મઝા આવી, પછી અવાજનો ટોન બદલાય. પણ પછી શું? પછી તો હાથ પહોળા કરીને કહેવું પડે આટલી મજા આવી. ત્યાં શબ્દો ખરી પડે છે. એવું જ પીડાનું છે, દુઃખનું છે.

આપણે શ્રદ્ધાંજલિમાં કંઈક લખીએ, કોઈની તિથિ પર કંઈક લખીએ, કંકોતરીમાં પણ લખીએ, પણ મારો મુદ્દો જુદો છે.

એક ગરીબ માણસ ફૂટપાથ પર જીવે છે. મજૂરી કરે છે. એની મા ગુજરી જાય છે, ત્યારે એને એ જ પીડા થાય છે જ્યારે આપણને આપણી મા ગુજરી જાય છે. માત્ર અભિવ્યક્તિમાં ફરક છે. તેને ખબર નથી કે અભિવ્યક્તિ કેમ થાય. તો શું એનું દુઃખ ઓછું અને આપણું દુઃખ વધારે? આપણી મા સારી અને એની મા નઠારી?

શાહરુખખાને એક વખત કહ્યું હતું, 'કે મારી પાસે મારા પિતાનાં જૂનાં તૂટેલાં ચશ્માં છે અને મારા મિત્ર પાસે એની માની જૂની સાડી છે.' આની સાથે સ્મૃતિ જોડાયેલી છે, એની emotional value છે. ગાડી-બંગલાની હરીફાઈ હોય. લાગણીઓની હરીફાઈ ના હોય.

તે જ રીતે ગરીબના ઘરમાં શુભ પ્રસંગ હોય, દીકરીનાં લગ્ન હોય. તે કંકોતરી લખતો નથી. ઢોલ વગાડી આનંદ વ્યક્ત કરી દે છે. આપણે એવું સ્વીકારી શકતાં નથી. આપણને શબ્દોની જરૂર પડે છે.

એક વખત બુદ્ધે સભા ભરી. વ્યાખ્યાનની તૈયારી હતી. બુદ્ધ તો મર્મી વચનો બોલે. તેઓ શરૂઆત કરે એ પહેલાં ત્યાં ઝાડની ડાળ પર બેઠેલું પક્ષી ટહૂક્યું. બુદ્ધે આંખ ખોલી અને શ્રોતાગણ સામે હાથ જોડી કહ્યું, 'આજનું વ્યાખ્યાન સમાપ્ત.' હવે આ વાતાવરણને બોલીને બગાડાય નહીં. અમુક ક્ષણો આપણે બોલીને બગાડતાં હોઈએ છીએ. ધીમો ધીમો વરસાદ પડતો હોય કે ચળાઈને ચાંદની આવતી હોય કે તારા મઢ્યું આકાશ દેખાતું હોય અથવા તો ક્યાંક એક્તારાનો કે ભજનનો સૂર સંભળાતો હોય. તમે એ દૃશ્ય વિચારો. હવે એ ક્ષણે તમારા મોબાઈલની રીંગ રણકે તો તમને લાગશે કે જાણે શીરાના કોળિયા ભરતા હોઈએ ત્યાં વચ્ચે કાંકરો આવી ગયો. શાશ્વત આનંદ તૂટી ગયો.

બુદ્ધની પરંપરામાં જ એક સાધુ પીકુસેન થઈ ગયા. તેણે ખૂબ સાધના કરી. તેને રાજદરબારમાં બોલાવવામાં આવ્યા અને રાજાએ પૂછ્યું, 'તમને શું પ્રાપ્તિ થઈ ?' એ કંઈ કહ્યા વગર પાછા ચાલ્યા ગયા. એમને ફરી વખત પકડવામાં આવ્યા અને રાજાએ કહ્યું, 'કહેવું જ પડશે કે શું પ્રાપ્ત કર્યું આટલાં વર્ષોમાં ?' એવું નોંધાયું છે કે સદીઓ પહેલાં રાજાના દરબારમાં પીકુસેને વાંસળી પર તાન છેડી. સૂર પૂરો થયો એટલે નમસ્કાર કરી કહ્યું, 'આટલું મને પ્રાપ્ત થયું.' પ્રાપ્તિ એ શબ્દોનો વિષય નથી. આપણે ધ્યાનમાં બેસીએ પછી કોઈ પૂછે, 'શું અનુભૂતિ થઈ ?' તો કોઈ કહેશે લાલ પ્રકાશ દેખાયો ને કોઈ કહેશે ભૂરો પ્રકાશ દેખાયો. હું તેમને સવાલ પૂછું-લાલ રંગ એટલે શું ? મરચાંનો, લોહીનો, કંકુનો રંગ લાલ હોય છે. એમ્બ્યુલન્સમાં, મંગળ સૂત્રમાં અને પાનેતરમાં પણ લાલ રંગ હોય છે તો શું સમજવું. આ

તો ઉપમા આપી. હવે એક પ્રજ્ઞાચક્ષુ બેઠા હોય તો એમને લાલ રંગ કેવી રીતે સમજાવશો ? આપણે ત્યાં બાલમંદિરથી શીખવવામાં આવે છે, 'લાલ-પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય, બીજા બધાં મેળવણીથી થાય.' આ સમજાવવામાં પણ શબ્દોની મર્યાદા આવી જાય છે. એવું જ સ્વાદનું છે. ખારો, ગળ્યો, ખાટો સ્વાદ એ સ્વાદ જ છે. ખાંડને કડવી કહી દો તો પણ તે તેનું ગળપણ ગુમાવતી નથી. મૂળ વાત છે કે સ્વાદ, સ્પર્શ, રંગ અનુભૂતિનો વિષય છે. પંચેન્દ્રિય અનુભૂતિ છે. એકસાથે બે વ્યક્તિને જુદી જુદી અનુભૂતિ થઈ શકે. એના જીવન મુજબ, એના perception મુજબ જુદું જુદું વિચારે. અધ્યાત્મમાં જ નહીં કળામાં પણ આ જ વાસ્તવિકતા છે. હમણાં નવી 'પિન્ક' ફિલ્મ આવી છે. સારી છે. ઘણા લોકો ફેસબુક પર લખે – wonderful movie, good film પણ ઘણાં લખશે – I am speechless, કારણ કે કળાની એવી ભવ્ય અસર છે, તમે કંઈ બોલી જ ન શકો. કોઈ વ્યક્તિ ગંગાઘાટ પર જાય તોય કહે – આ દિવ્ય વાતાવરણનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી.

શ્રી ચંદ્રકાન્ત બક્ષીએ સુંદર લખ્યું છે – એક અંધ વૃદ્ધા હરિદ્વાર ગઈ. ગંગાના પાણીને આંખ પર લગાડ્યું અને સહસા બોલી ઊઠી, 'ગંગામૈયા તોહરા દર્શન હોઈ ગવાહ.' આ ભારત છે. આપણે ત્યાં હંમેશાં દર્શનને પ્રાધાન્ય અપાયું છે. આંતરદર્શનનું મહત્ત્વ છે. આપણે ત્યાં કોઈએ નરસિંહ મહેતા પર, મીરાં પર, ગાલિબ પર Ph.d. કર્યું પણ જેમનાં પર Ph.d. કરવામાં આવ્યું તે લોકો P.hd. નહોતા.

તમે પ્રકાશને કેવી રીતે define કરશો ? અહીં ઈલેક્ટ્રિસિટી છે તે બતાવો એવું કહેવામાં આવે તો કોઈક લાઈટ બતાવશે, માઈક બતાવશે પણ ઈલેક્ટ્રિસિટી નહીં બતાવી શકો. તે અવ્યક્ત છે.

એ. આર. રહેમાન સ્વભાવે સૂફી છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે – slowly we are loosing the art of feeling. ધીમે ધીમે આપણે અનુભવવાની શક્તિ ખોઈ રહ્યા છીએ. સંગીત શું છે ? Music is the silence between the two notes. બે સૂર વચ્ચે મૌન પ્રગટ થાય છે માટે તમે વહી જાવ છો. પરંતુ મૌન પારખવાની બારીકી આપણે ગુમાવી રહ્યા છીએ.

એક રાજકુમારે ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. એક દિવસ તેણે ગુરુને કહ્યું, 'હવે મારે ઘેર જવું છે.' ગુરુએ કહ્યું, 'હજુ વાર છે.' પણ તેણે જીદ કરી. ગુરુએ કહ્યું, 'તું આજની રાત જંગલમાં જજે અને આવીને મને વર્ણન કરજે.' રાજકુમાર જંગલમાં ગયો. આખી રાત રહ્યો. સવારે આવીને ગુરુને કહ્યું, 'રાત્રે તો જંગલમાં ખૂબ અવાજો હતાં. કોઈ પ્રાણી શિકાર કરે એના અવાજો, આક્રમણના અવાજો, આવું તો ઘણું ચાલતું હતું.' ગુરુએ કહ્યું, 'આજે રાત્રે ફરી જજે.' રાજકુમાર સમજી ગયો કે કંઈક ઊંધું બફાયું છે, અંતે તો એ જ ગુરુનો શિષ્ય ને! બીજા દિવસે સવારે આવીને ગુરુ પાસે ગયો. આ વખતે જવાબ જુદો હતો. તેણે કહ્યું, 'મેં ચાંદનીને પાંદડામાંથી ચળાઈને આવતી જોઈ, નીરવ શાંતિનો અનુભવ કર્યો. વહેલી સવારે પક્ષીઓ ટહૂકતાં હતાં તે અનુભવ્યું, પવન સરસર વહેતો હતો, ઝરણાંનું પાણી વહેતું હતું તેનો કલકલ અવાજ સાંભળ્યો.' હવે રાજકુમારનું focus બદલાઈ ગયું હતું. ગુરુએ કહ્યું, 'હવે તું ઘરે જવાને લાયક છે. તને સૂક્ષ્મ અવાજ સાંભળતાં ન આવડે તો દરબારમાં ફરિયાદ લઈને આવેલી વ્યક્તિના હૃદયની વેદના કેવી રીતે સમજી શકીશ?'

ધૂમકેતુએ એક સરસ વાર્તા લખી છે: એક ડોસો રોજ ટપાલીને પૂછે, 'મારી દીકરી મરિયમનો કાગળ છે?' ટપાલી રોજ ના કહે. એને ખબર છે કે ડોસાની દીકરી મૃત્યુ પામી છે તોય રોજ પૂછે છે એટલે એને કંટાળો આવે. એક દિવસ એ ટપાલીની બહારગામ રહેતી દીકરી માંદી પડી ગઈ તો એ રોજ દીકરીના પત્રની રાહ જુએ છે અને ત્યારે એને ડોસાના હૃદયની વ્યથાનો ખ્યાલ આવ્યો. એના હૃદયને આંચકો આવ્યો. તેનામાં પરિવર્તન આવ્યું. એ સમજી શક્યો કે મારી દીકરી તો માત્ર માંદી જ છે તો પણ હું કેટલો વ્યથિત છું તો આ

ડોસાની દીકરી તો મૃત્યુ પામી છે તો એના હૃદય પર શું ગુજરતું હશે, ઘણીવાર બોલવાની જરૂર નથી, માત્ર સન્નાટાની જરૂર છે.

શબ્દો ડાયમંડ નેકલેસની જેમ વાપરવાના હોય. ડાયમંડ નેકલેસ દૂધ લેવા જતાં ના પહેરાય. દિવાળી પર પહેરો, લગ્નપ્રસંગે પહેરો તો લોકો પૂછે. શબ્દો પરમાત્માની ભેટ છે, એ સમજીને એને વાપરવા જોઈએ.

આમ તો વાણીના ચાર પ્રકાર છે-વૈખરી, મધ્યમા, પશ્યન્તિ અને પરા. એને સાચવીને-તોળીને વાપરો તો એની તાકાત હોય. એક શિક્ષક ગણિતની ફોર્મ્યુલા સમજાવે છે તો ૭૦ વિદ્યાર્થીઓના વર્ગમાંથી માત્ર બે વિદ્યાર્થીને જ ખબર પડે છે તો બાકીના ૬૮ને કેમ સમજાયું નહીં? કારણ કે જ્યારે વિદ્યાર્થી અને શિક્ષકની wave lenth એક થઈ જાય ત્યારે તે ultimate communication બને છે અને ત્યારે સમજાઈ જાય છે. તે મૌનથી થાય.

મોરારિબાપુ સાડા ત્રણ કલાક કથા કરે પછી મૌન પાળે. ભક્તિ સંગીત થાય. ઘણું બોલવાની ઈચ્છા થાય તોય સંયમ જાળવે. બોલે નહીં. તેઓ કહેતા, 'શ્રેષ્ઠ શ્રોતા બનતાં પણ શીખવું પડે.'

એક વાત છે. એક સમય હતો, જ્યારે માનવ-જાતમાં કોઈ ભેદ નહોતો. પ્રદેશ, સંસ્કૃતિ, રંગ કોઈ જ ભેદ નહીં. એક વખત આખી માનવજાતે સ્વર્ગમાં જવાનું નક્કી કર્યું. તેના માટે ઊંચો ટાવર બનાવ્યો. આ જોઈ ઈન્દ્રાસન ડોલે તેમ પ્રભુ હાલી ગયા. તેમણે વિચાર્યું કે બધા ટાવરમાંથી સીધા આવી જશે પણ બધાં લાયક નથી.' આ જોઈ પ્રભુએ યુક્તિ વાપરી. ભાષા બનાવી. બધું ખતમ. બધાં લડવા-ઝઘડવામાં પડી ગયાં. વાણીથી લાગણીઓ દુભાઈ જાય. જીભ એ હાડકાં વગરનું અંગ છે પણ કેટલાંયનાં હાડકાં ભંગાવી નાંખે. ડોંગરેજી કહેતા - લૂલીને લાડ કરશો નહીં. શબ્દોના ઘા રુઝાતા નથી. એમાંને એમાં દેશના ભાગલા પડી ગયા છે. વેર જીભથી થાય. કાઠિયાવાડમાં એ રીતે શાંતિ. લોકોનાં મોં માવાથી ભરેલાં હોય એટલે બોલાય જ નહીં. કવિ કાલિદાસને પણ ઈશારામાં જવાબ આપવા કહ્યું હતું અને એમાં તો વિદ્વાન ગણાઈ ગયા. એક ચિત્રકારે રંગ પૂરીને પીંછી લૂછવા કપડું રાખ્યું હોય તે મોડર્ન આર્ટ બની જાય. લોકો વખાણ કરે કે શું ચિત્રની વિભીષિકા છુપાયેલી છે ત્યારે ચિત્રકાર વાસ્તવિકતા વર્ણવી પણ ના શકે.

સંગીતની એક મહેફિલમાં આગળની હારમાં બેઠેલા એક-એક લીટીએ બોલે, 'ક્યા બાત હૈ' પાછળવાળા પણ આ સાંભળીને કહે 'ક્યા બાતહૈ', ફરક એટલો જ કે આગળવાળા 'ક્યા બાત હૈ' બોલે તેની પાછળ exclamatory sign છે, પાછળવાળાની પાછળ question mark છે. બધાંને એમ જ હોય, હું રહી ન જવો જોઈએ.

ભાષાના કારણે conflict થાય. વિવાદ ત્યારે જ થાય, બંનેને કંઇ કહેવું છે પણ સામેવાળાએ સાંભળ્યું નહીં. આપણે એક ચિઠ્ઠીમાં કંઈક લખીને આખા હૉલમાં ફેરવીએ તો છેલ્લી વ્યક્તિ સુધી પહોંચે ત્યારે એનો અર્થ જ ફરી ગયો હોય. 'અકસ્માત' ફિલ્મમાં એક જ ઘટના માટે ત્રણ જણ જેઓ એ વખતે ત્યાં જ હાજર હતાં તેઓ જુબાની આપે છે, પણ બધાંની જુબાનીમાં ફરક છે. હવે તમે ન્યાય કેવી રીતે કરી શકો?'

કોન્ફ્યુશિયસ કહેતા - તમારા સંસારમાં યુદ્ધનો નાશ કરવો હોય તો ડિક્શનરીનો નાશ કરો.' સંસારનું કે બહારનું યુદ્ધ ego hurt થવાથી થાય છે. એક વખત એક પતિ કમ્પ્યૂટરમાં માથું નાખીને બેઠા હતા. પત્નીએ આવીને પૂછ્યું, 'આ સાડીમાં કેવી લાગું છું ?' પતિદેવે માથું ઊંચક્યા વગર જ કહ્યું, 'સરસ લાગે છે.' પત્નીએ કહ્યું, 'ઉપર જુઓ, સાડી નથી પહેરી, ડ્રેસ પહેર્યો છે.' પતિદેવ પકડાઈ ગયા. હવે આ સમયે સરસ દેખાય છે એવો ઈશારો કર્યો હોત તો વાંધો ન આવત.

મારા કેટલાક કારીગર મિત્રો છે. તેમને કંઈક કામ કરાવવા ગાંધીનગર જવાનું થાય. એ લોકો કહે, 'ફાઈલ લઈને જવાનું. ગાંધીનગર એટલે 'Gનગર'. ચૂપ રહેવાનું. 'જી જી' કરવાનું. બોલો તો માથાકૂટ થાય. અને જે મિનિટે સહી કરે તરત જ કાગળ લઈને

નીકળી જવાનું. ચર્ચા નહીં કરવાની'. સર્વાર્થ સાધકમ્.

પાયાની વાત એ છે કે માણસ હંમેશાં શબ્દથી જ વ્યક્ત થાય એવું જરૂરી નથી, શબ્દ સિવાય પણ વ્યક્ત થઈ શકે. આપણે શબ્દોને પકડીને બેઠા છીએ. બધામાં સમજૂતી જોઈએ છે. સમજૂતીની ભૂખમાં માણવાની કળા ગુમાવી દીધી છે. ગાયન-નર્તનમાં વસ્તુની જરૂર નથી. સ્વયંમેવ છે. જગતની સૌથી મોટી સેલિબ્રિટી માઈકલ જેક્સનને બંને કળા સાધ્ય હતી.

Blessed romantic moment એ કહેવાય જ્યારે બંને વચ્ચે શબ્દોની આપલે થતી નથી. આંખોથી વાત થાય છે. 'મોગલ-એ-આઝમ' ફિલ્મમાં બેકગ્રાઉન્ડમાં તાનસેન સંગીતની સૂરાવલી છેડે છે અને દિલીપકુમાર અને મધુબાલા બંને એકબીજા સામે જોયા કરે છે. ભેટતાં પણ નથી. પરંતુ તોય એવું લાગે કે આખેઆખું અસ્તિત્વ એકબીજાને આપી દીધું. એ Ultimate moment છે, હંમેશાં યાદ રહી જાય. જ્યાં અંતર વાત કરે છે. શબ્દો તો ચોકિયાત છે. મૌન માલિક છે.

કોઈ વ્યક્તિ સ્વામીજી પાસે આવે. પરમ શાંતિ છે, માણવાની છે, પણ એ વ્યક્તિથી રહેવાશે નહીં. એ શાંતિનો ભંગ કરીને સ્વામીજીને પૂછશે, 'મોક્ષ એટલે શું?' તમે પૂછ્યું એટલે ત્યાં જ મોક્ષ પૂરો થઈ ગયો પછી પૂછશે, 'સ્વામીજી, સંસારનાં દુઃખનો અંત ક્યારે આવશે?' ત્યારે આપણને કહેવાનું મન થઈ જાય કે તમે સિધાવો ત્યારે આવશે. બોલ્યા વગર રહેવાતું નથી. થોડી ક્ષણો મૌન રહી ઝીલવાનું છે પણ એ તાલીમ જ નથી મળી.

'મસ્જિદ પે મૌલા બાંગ બજાયે
ક્યા ખુદા બહેરા હૈ?
ચીંટી કે પાંવ મેં પાયલ બજતી હૈ
વો ભી સાહિબ સુનતા હૈ'

રવીન્દ્રનાથ ટાગોરે નોંધેલી વાત છે - તેમની ગલીના નાકે એક મુફલિસ બેઠો હતો. ટાગોર જ્યારે બહાર નીકળે ત્યારે દર વખતે તેમને જોઈને બોલે - જ્ઞાની બહોત હો, ધ્યાની નહીં હો. ટાગોરને નવાઈ લાગે અને સાથે ગુસ્સો પણ આવે. એક દિવસ ટાગોર નદી કિનારેથી પાછા ફરતા હતા. વરસાદ પડી ગયો હતો. જુદાં જુદાં નાનાં-મોટાં પાણીનાં ખાબોચિયાં ભરાયાં હતાં. સૂર્ય પ્રકાશી રહ્યો હતો. તેમણે જોયું સૂર્ય એક હતો પણ બધાં ખાબોચિયામાં તે પ્રકાશી રહ્યો હતો. તે ક્ષણે એમણે કહ્યું, 'અસ્તિત્વ એક છે. તે અનેક સ્વરૂપે વહેંચાયેલું છે. ખંડ - અખંડ - ખંડ . દ્વૈત - અદ્વૈત - વિશિષ્ટ અદ્વૈતની આ જ અનુભૂતિ છે.' ટાગોરે કહ્યું 'ત્યાર પછી એ મુફલિસે ક્યારેય મને કહ્યું નથી,' 'જ્ઞાની હો, ધ્યાની નહીં હો.'

એમરોન ચિત્રકાર હતા. તેમને સંધિવાની બીમારી હતી. તેમને અનેક શિષ્ય હતા. શિષ્યો જોતા કે ગુરુજી દુઃખાવાના કારણે હાથે પાટા બાંધીને પણ પીંછી પકડી પેઈન્ટિંગ કરે છે. શિષ્યો કહે, 'ગુરુજી, આરામ ફરમાવો.' ત્યારે એમરોન કહેતા,'અંદર છે તે બહાર કાઢવું જ પડશે. Beauty remains, pain passes.'

વેણીભાઈ પુરોહિત પણ કહેતા, 'જ્યારે કવિતા સ્ફૂરે ત્યારે હું બાવરો-બાવરો થઈ જઉં છું. જ્યાં સુધી એ શબ્દો કાગળ પર ઊતરે નહીં ત્યાં સુધી પ્રસૂતિની પીડા ઉપડતી હોય તેવું લાગે. આ વખતે સર્વે થયો છે કે દુનિયામાં લોકોને સૌથી વધારે ગમતો શબ્દ કયો છે? તો તે છે-laughter અને અણગમતો શબ્દ છે - Terrorist.

જિબ્રાનની પ્રેયસી મરણપથારીએ હતી. જિબ્રાને તેને પૂછ્યું કે તારે આ જગતમાંથી સાત શબ્દ બચાવવા હોય તો તું ક્યા બચાવીશ ? પ્રેયસીએ કહ્યુંઃ 'ધરતી, પ્રેમ, સૌંદર્ય, જીવન, ઈશ્વર.' પછી તેણે જિબ્રાનને કહ્યું, 'પાંચ મેં કહ્યા, હવે બે તું કહે.' જિબ્રાને કહ્યું, 'હું, તું.' જ્યાં હું અને તુંનો ભેદ ઓગળી જાય છે ત્યાં જ સ્વામી ચિદાનંદજી જેવી વિભૂતિ પ્રગટે છે. સ્વામી ચિદાનંદજીની જન્મ શતાબ્દી પર એમને પ્રણામ.

## પ્રવચન : ૭

# વિષય : કૃષ્ણ વિના બીજું સર્વ કાચું

વક્તા : પૂજ્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ, શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર, જામનગર



શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની જન્મ શતાબ્દી આયોજાઈ છે. આખા વર્ષ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમ થયા. સમાપનમાં જ્ઞાનસત્રનું આયોજન થયું. આ પ્રસંગે આપ સૌના દર્શન માટે સ્વામીજીએ મને ઉપસ્થિત કર્યો છે એનો આનંદ છે.

મહાપુરુષોનાં જીવનચરિત્ર આપણા માટે ખૂબ ઉપયોગી હોય. એમના જીવનના સ્મરણના માધ્યમથી આપણે જીવનને ધન્ય બનાવીએ છીએ. મૌનને શબ્દો દ્વારા સાંભળ્યા પછી હવે કૃષ્ણનો વારો, જેને અંતરથી માણીએ. નરસિંહ મહેતાનું પદ છે:

'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે'. શ્રીકૃષ્ણને સર્વસ્વ માનનારા, અનુભવ કરનારા ઘણા મહાપુરુષો થયા. મધુસૂદન સરસ્વતીજી સંન્યાસ પરંપરાના હતા. તેમની ભક્તિ જાગી. કંઈ મેળવવા માટે મથતા ગયા. અંતે કૃષ્ણનાં દર્શન થાય છે અને કહે છે : 'કૃષ્ણથી પાર કોઈ તત્ત્વ હોય તો તેને હું જાણતો નથી. મેં આટલું જ જાણ્યું છે.' શ્રીકૃષ્ણના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું છે – કૃષ્ણજીના હાથમાં બંસી છે. બંસી પ્રેમના પ્રતીક તરીકે ઓળખાય છે. એને સાંભળીને ગાય મંત્રમુગ્ધ થઈ જાય, વૃક્ષો-લતાઓ ઝૂમી ઊઠે છે, ગોપીઓ સુધબુધ ખોઈ બેસે છે. શ્રીકૃષ્ણ ઊભા છે, એમની આભા માનો કે જળાશયના જળ જેવી પારદર્શક છે. તેઓ પીતાંબરધારી છે. તેમનું મુખકમલ ચંદ્ર સમાન પૂર્ણતાને પરિવાસિત કરે છે. નેત્રકમલ જ્યારે વિકસે છે ત્યારે બધાંને ફરીથી પ્રાણ આપતા હોય એવું લાગે છે.' આવાં દર્શન મધુસૂદન સરસ્વતીને થાય છે અને કહી બેસે છે, 'બસ, કૃષ્ણ છે તો બધું છે, અન્યથા બધું વ્યર્થ છે.' આવી ચર્ચા મહાપ્રભુ વલ્લભાચાર્યજીએ પણ કરી છે. નરસિંહ મહેતા જેવા કવિ-ભક્ત પણ કહે છે કે જ્યારે ભક્તનો ભાવ અંતરમાં પ્રગટ થયો, એ શબ્દો દ્વારા વ્યક્ત થયો ત્યારે તેઓ કવિ બન્યા. જગદીશ્વરને કંઈ ગમે અને આપણને કદાચ ન ગમે તો પણ તેનો અફસોસ નહીં કરવાનો.

એક દરિયાઈ યાત્રામાં ઘણા લોકો યાત્રા કરી રહ્યા હતા તેમાં બે સંત હતા. આગળ ગયા પછી દરિયામાં તોફાન આવ્યું. નાવને કિનારે પહોંચાડવાનું મુશ્કેલ હતું. મોજાં છલકાઈ છલકાઈને નાવમાં આવે છે. બધા લોકો ગભરાયા અને બચવા માટે પોતપોતાની રીતે પ્રાર્થના કરવા લાગ્યા. સંતોએ પણ જોયું. એમણે વિચાર કર્યો કે ભગવાનની આ ઈચ્છા છે એટલે તેમણે અંજલિમાં પાણી ભરી ભરીને નાવમાં નાંખવા માંડ્યું. થોડીવાર સુધી આમ ચાલ્યું. પછી બધું શાંત થઈ ગયું. પાણી નાવમાં આવવાનું બંધ થઈ ગયું. હવે સંતો નાવમાં આવેલું પાણી ઉલેચીને બહાર ફેંકવા લાગ્યા. લોકો કહેવા લાગ્યા, 'થોડીવાર પહેલાં તો તમે પાણી અંદર નાંખતા હતા, હવે કેમ ઉલેચો છો ?' સંતોએ કહ્યું, 'એ

પ્રભુની ઈચ્છા છે. પ્રભુને ડુબાડવા હોય તો ખરખરો શું કરવાનો ! જગદીશને ગમે તેમાં ખરખરો નહીં કરવાનો. નાવ જલદી ડૂબી જાય, એમને કષ્ટ ઓછું પડે માટે પાણી અંદર નાંખી એમને મદદ કરતા હતા. પણ બધું શાંત થઈ ગયું. એ તો પ્રભુ આપણી કસોટી કરતા હતા, અમને ખ્યાલ આવી ગયો કે એ ડુબાડવાના નથી માટે એમની ઈચ્છાને માન આપી પાણી બહાર કાઢી રહ્યા છીએ !

પ્રભુની ચાહના એમાં આપણી ચાહના. એ તાર સંધાઈ જાય તો નરસિંહ મહેતા બની શકીએ. એના સ્વરને ઝીલી શકીએ. કૃષ્ણ સર્વસ્વ છે, બીજું સર્વ કાચું.

ભાગવતમાં એક પ્રસંગ છે – વ્યાસજી પોતાના આશ્રમમાં ઉદાસ બેઠા હતા. એમને થયું, આટલાં પુરાણો રચ્યાં, વેદની રચના કરી. આ બધું કર્યા પછી પણ એમને સંતોષ થયો નહીં. એ વિચારમાં પડ્યા. શું ખૂટે છે? એટલામાં દેવર્ષિ નારદ પધાર્યા. એમનો આદર-સત્કાર કર્યો, આસન પર બેસાડ્યા. પછી તેમની સમક્ષ પોતાની વેદના વ્યક્ત કરી. ‘આટલું બધું કર્યું પણ સંતોષ નથી. મારા કાર્યમાં શું ખૂટે છે ?’ ત્યારે નારદજી વ્યાસજીને કહે છે, ‘ગ્રંથો તો લખ્યા, પણ શ્રીકૃષ્ણની લીલા ક્યાં ?’ શ્રીકૃષ્ણની લીલા વગર આવા ગ્રંથોનો ઉપયોગ નથી. વ્યર્થ છે. પછી વ્યાસજીએ ભાગવતનું સર્જન કર્યું. ઘણાંને એવું લાગે છે કે કૃષ્ણ ચીરહરણ કરે, રાસલીલા કરે અને તેઓ એવાં ચિત્રો પણ જુએ. એવાં ચિત્રો જુવો એ કલાકારની પોતાની સમજ છે. ગર્ગસંહિતાનો અભ્યાસ કરો તો ખ્યાલ આવે, આ ચિત્રો અલગ રીતે દોરાયાં છે.

રાસ રચાયા હોય ત્યારે કૃષ્ણની ઉંમર માત્ર ૧૧ વર્ષની હતી. અમારા બીજા આચાર્ય મહામતી પ્રાણનાથજીએ તો દિવસો સહિત લખ્યું છે કે એમની ઉંમર ૧૧ વર્ષ ૫૨ દિવસની હતી. ૧૧ વર્ષ લીલા રચાઈ, પછી મૌન છવાયું. બાવન દિવસ જન્માષ્ટમીથી શરદપૂનમ સુધી કૃષ્ણ અને ગોપીઓ વચ્ચે કોઈ વાર્તાલાપ નહીં થયેલો. કૃષ્ણે બંસી વગાડી, ગોપીઓને ભાન ન રહ્યું, તેઓ ત્યાં પહોંચી ગઈ. વિચાર કરો તેમની આયુ માત્ર ૧૧ વર્ષની હતી. જ્યારે કલાકારોએ ફોટામાં કૃષ્ણને ૨૨-૨૩ વર્ષના દોર્યા છે. શ્રાદ્ધ પક્ષ પતે પછી નવરાત્રી આવે. છોકરા-છોકરીઓ ગરબા રમતાં હોય. આજકાલ ડિસ્કો-ગરબામાં બધાં ભેગાં નાચે. આવી સરખામણી કૃષ્ણ-ગોપીના રાસ સાથે થાય?

લૌકિક દૃષ્ટિએ વિચારીએ તો આજે પણ પુરુષમાં વાસનાત્મક વિચારો ૧૪ વર્ષની ઉંમરે પ્રવેશે છે. વૈજ્ઞાનિકો પણ એવું માને છે. આજે ખાન-પાન, રહન-સહનમાં ફરક છે. ટીવીમાં ઘણાં અશ્લીલ દૃશ્યો આવે છે, છતાં આ યુગમાં પણ આવા વિચારો સરેરાશ ૧૪ વર્ષે આવે છે. જ્યારે ૫૦૦૦ વર્ષ પહેલાં બધું શુદ્ધ હતું. આવાં બાળકોને દેહભાન જ ન હોય. કૃષ્ણને વ્યક્તિ તરીકે સમજો તો પણ વિકારની શક્યતા નથી. એમની લીલા વિશેષતાને સમજાવે છે. આનંદની વ્યાખ્યા કઈ રીતે કરાય?

મા બાળકને ખોળામાં બેસાડી વાતચીત કરતી હોય. બાળક તોતલું બોલે, મા પણ તેની સાથે તોતલી ભાષામાં વાત કરે. જેણે આ દૃશ્ય જોયું હોય તો તે સમજી શકે કે મા બાળક સાથે કેવી એકતાર બની જાય છે. જેણે આ દૃશ્ય ના જોયું હોય એમના મનમાં શંકા આવે. જેને પ્રેમનું રહસ્ય ખ્યાલ ન હોય તેના મનમાં આવી શંકા જાગે. પ્રેમને રાસ દ્વારા સમજાવ્યો છે. પ્રભુ રસસ્વરૂપ છે. રસો વૈ સઃ । રસ સામૂહિક રૂપમાં પ્રગટ થયો હોય તે રાસ છે. તે આનંદનો અનુભવ છે. જ્યારે ભક્ત પરમાત્મા સાથે આનંદ માણે છે ત્યારે કહી શકે છે – કૃષ્ણથી પરે કોઈ તત્ત્વ હોય તો તે હું જાણતો નથી.

કૃષ્ણ એટલે પ્રેમ. પ્રેમનું અસ્તિત્વ છે. પ્રેમ ન

હોય તો જીવન નિરસ થઈ જાય. માણસ કંટાળી જાય. માતાઓ સંતાનોને રમાડવામાં મશગૂલ હોય છે, માટે તેમને એકાકી જીવન જેવું લાગતું નથી પણ ભાઈઓ બિલકુલ નિરાશ-હતાશ થઈ જાય. કોની સાથે વાત કરું? મિત્રો ઘરે આવે તેની રાહ જુએ. પુત્ર ઘરે આવે એટલે કહેવા લાગે, 'બહાર ફેરવીને લઈ આવ.' સારું છે, જે દીકરા મા-બાપને રાખે છે તે બહાર ફેરવી આવે, પણ જે વૃદ્ધાશ્રમમાં રહે છે તે મા-બાપનું શું ? બાળકોના લાલનપોષણમાં તેમણે આયુષ્ય ખપાવ્યું છતાં બાળકો તેમના આ ભોગને, ત્યાગને, સમર્પણને સમજ્યા વગર દુર્ભાવ રાખે, તરછોડે ત્યારે મા-બાપની આંખોમાં આંસુ આવે.

મા-બાપની આંખોમાં આંસુ બે સમયે આવે - ૧. દીકરી ઘર છોડે (સાસરે જાય) ૨. દીકરો તરછોડે.

દીકરીને સાસરે વળાવે ત્યારે હૈયું ઊભરાઈને આવતું હોય એ હર્ષાશ્રુ કહેવાય. દુ:ખ છે છતાં ખુશી છે. દીકરી સાસરે જાય છે. યોગ્ય જીવનસાથી મળ્યો. હવે સુખી થશે. પણ દીકરો તરછોડે ત્યારે અંદરની વેદના આંસુ દ્વારા વ્યક્ત થાય છે.

આપણી પરંપરા, સંસ્કૃતિ સમજાવે છે કે સમાજ લાગણીના તંતુથી બંધાયેલ છે. આપણે આપણું કર્તવ્ય બજાવવાનું છે. કૃષ્ણ આ વાત શીખવે છે. પ્રેમનો તાર ટકાવી રાખો. તોડતા નહીં. 'તૂટે સો જૂડે નહીં, જૂડે સો ગાંઠ પડે', પછી પહેલાં જેવી સ્થિતિ ના રહે. ઉંમરલાયક માણસ એકલો રહેતો હોય ત્યારે એને લાગે હું શું કરું, પણ પહેલાંથી અભ્યાસ કર્યો હોય અને સૌને પ્રેમ કર્યો હોય તો એકલતા ન લાગે.

એક વાર ગુરુ અને શિષ્ય બેઠા હતા. ગુરુ મૌન શિષ્ય મૌન. એ મૌનમાં ગુરુએ જ્ઞાન આપ્યું. શિષ્યના મનના સંશય દૂર થયા. દુનિયામાં પ્રભુને શોધશો તો મળશે નહીં. પ્રભુની અંદર આખી દુનિયા જુઓ.

મહામતી શ્રી પ્રાણનાથજી કહે છે-કૃષ્ણ વિના સર્વ મિથ્યા. રસ છે તો એ શ્રીકૃષ્ણ છે. કૃષ્ણને હૃદયમાં ધારણ કરીએ તો કાંઇ ચિંતા નહીં. આ આનંદનો અનુભવ કરવાનો. પ્રેમી વિરહમાં પણ આનંદનો અનુભવ કરી શકે છે. વિરહમાં પણ આટલું સુખ, આટલો આનંદ મળતો હોય તો એ પ્રત્યક્ષ મળે ત્યારે કેવો આનંદ હશે!

ભક્તો કહે છે -

'હે કૃષ્ણ ! તમારાં ચરણકમલોમાં અત્યારે જ મારું મન પ્રવેશ કરી જાય. આ ભાવ આપણામાં આવવો જોઇએ. અંત મતિ સો ગતિ. માટે અત્યારે જ -

'મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઇ' મીરાંનો પ્રેમ-સમર્પણ એ કૃષ્ણ છે. કૃષ્ણનો અનુભવ જીવનમાં કરવાનો છે તો જીવન રસથી પરિપૂર્ણ બનશે. હૈયું છલકાયેલું હોય તો મૌન આવી જાય. ઘડો ભરેલો હોય તો છલકાય નહીં. અધૂરો ઘડો હલે પણ ખરો, બોલે પણ ખરો અને છલકાય પણ ખરો. કૃષ્ણ હૃદયમાં આવી ગયા પછી બોલવાની જરૂર નથી. પછી એકલતાનો અનુભવ નહીં થાય.

સ્વામી ચિદાનંદજીએ આનંદનો અનુભવ કર્યો. આજે આપણે એમને યાદ કરીને ખુશ થઇએ છીએ. દર્શનથી શાંતિનો અનુભવ કરીએ છીએ. એમનું હૃદય કૃષ્ણથી પરિપૂર્ણ છે. આપણે આપણા જીવનને ધન્ય બનાવીએ.

**સર્વે ભવન્તુ સુખિનઃ।**

## પ્રવચન : ૮

# વિષય : ઘરેણું આત્મશુદ્ધિનું - ક્ષમાપના

વક્તા : મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ સાહેબ, બંધુ ત્રિપુટી, તીથલ



જે મહાપુરુષની જન્મ શતાબ્દીની ઉજવણી નિમિત્તે સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે તે પરમ શ્રદ્ધેય પૂજ્યપાદ દિવ્યાત્મા સ્વામી શ્રી ચિદાનંદજીને પ્રણામ. જેમની અમારા પર અનહદ કૃપા છે તે અમારા પરમ આત્મીય મિત્ર સમાન પૂજ્ય અધ્યાત્માનંદજી મહારાજને પ્રણામ.

પૂજ્ય ચિદાનંદજી મહારાજનાં દર્શન કરવાનો લાભ મને તીથલના અમારા આશ્રમમાં જ પ્રાપ્ત થયો હતો. પાંચ દિવસ સાથે રહેવાનો જે અવસર પ્રાપ્ત થયો એમાં વિરલ સંતત્વનાં દર્શન કર્યાં જે શબ્દમાં વર્ણવવું મુશ્કેલ છે, એ અનુભૂતિનો વિષય છે. એમનાં દિવ્ય ચરણોમાં બે પંક્તિમાં મારાં શ્રદ્ધાસુમન અર્પણ કરું છું.

ફકીરી કી ઐસી કિ અપના સુખ લૂટા બૈઠે
અમીરી કી ઐસી કિ ખુદા કે ઘર મેં જા બૈઠે.

જીવમાત્રમાં ચેતનાનું દર્શન કરનારા, એ ક્ષમા -પ્રેમને જીવંત કરી બતાવનાર ચિદાનંદ સ્વામીજીને પ્રણામ. એમનો દિવ્યાત્મા આપણને પ્રકાશ આપે છે. સાધુતાનો પણ સંસાર હોય છે, પણ એનાથીય મુક્ત થઈ ગયા. એમને વંદન અને એમના જેવી દિવ્યતા આપણને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

એ સત્ય છે કે ક્ષમા જેવો ઉત્તમ ધર્મ કોઈ નથી. ભગવાન મહાવીરના જીવનનો એક પ્રસંગ છે. કોઈકે તેમને પૂછ્યું, 'આપનું તત્ત્વજ્ઞાન ગહન છે. એ અમે સમજી શકીએ તેમ નથી તો એક વાક્યમાં જૈન ધર્મનો સાર કહેશો ?' ભગવાને કહ્યું, 'મારું જૈનશાસન એવું કહે છે - જેવું વર્તન તમે બીજા પાસેથી ઈચ્છો છો તેવું વર્તન તમે બીજા સાથે કરો. જે તમને નથી ગમતું એવો આચાર, વિચાર, વ્યવહાર બીજા સાથે ન કરો. તમે જે પણ કંઈ કરવા જાવ, તે પહેલાં એક ક્ષણ રોકાઈ જાવ, વિચાર કરો, બીજાં મારી સાથે આવું વર્તન કરે તો મને કેવું લાગે?' જાગૃતિ રાખો. પળ પળની જાગૃતિ પછી કોઈ પાપ નહીં બંધાય, માટે યાદ રાખો -

- મને પ્રેમ ગમે છે, સૌને પ્રેમ જ ગમે છે.
- દરેક્નો આત્મા સરખો છે, દરેક જીવમાં ચૈતન્ય વિલસી રહ્યું છે.
- દરેકને સુખ ગમે છે, દુઃખ નથી ગમતું.
- દરેક ને સન્માન ગમે છે, અપમાન નથી ગમતું.
- તું નિંદા-કુથલી નહીં કરતો.
- તું કોઈની સાથે છેતરપિંડી ના કરીશ.
- તું ગુસ્સો ના કરીશ.
- કોઈની સાથે વેર-ઝેર ના રાખીશ.

તમે ભૂલ કરો અને સામી વ્યક્તિ તમને ક્ષમા આપે છે તો માફી તમને ગમે છે - આ જ ધર્મ છે. તમે બીજાને ક્ષમા આપતા જાવ. જ્યાં સુધી વિશ્વચેતનાનું દર્શન ન કરીએ અને દરેકમાં પરમાત્માનો જ અંશ પડેલો છે એની અનુભૂતિ ના કરીએ તો માફી આપવી શક્ય જ નથી. બીજાને દુઃખી જ કરીશું અને વેર-ઝેર જ બંધાશે.

વિશ્વપ્રેમ ક્ષમાનો પાયો છે. તમે વિચાર કરો કે તમે નિઃસ્વાર્થ, નિરપેક્ષ ભાવનો પ્રેમ વિકસાવી શક્યા છો ? વિશ્વની વાત જવા દો, પરિવારની વાત કરીએ. કોઈ અપેક્ષા વગરનો નિરપેક્ષ પ્રેમ તમારા હૃદયમાં જાગ્રત થાય તો ધર્મનું બીજારોપણ થઈ જાય. ક્ષમા આપવાની નથી, એ સહજ પ્રક્રિયા બનવી જોઈએ. પ્રેમ અને મૈત્રીથી એ શક્ય બને. મૈત્રીની વાતો કરીએ છીએ પણ સાચા ભાવની મૈત્રી જન્મી છે તેવું વિશ્વાસપૂર્વક કહી શકીએ ? જેમની સાથે અતૂટ મૈત્રી હોય તેની ભૂલો આપણે ભૂલી જઈએ છીએ કે નહીં ? રોષ ક્ષણિક હોય છે. થોડી જ વારમાં રિસામણામાંથી મનામણાં થઈ જાય છે. થયેલી

ભૂલોમાંથી પાછા ફરીને સામાવાળા આત્મા સાથે મનામણાં કરવાની પદ્ધતિ ક્ષમા છે. આપણાથી કડવું વચન બોલાઈ ગયું, અનુચિત વ્યવહાર થઈ ગયો તો સામેથી ચાલીને માફી માગી લેવી. 'મિચ્છામિ દુક્કડમ' કહી દઈએ તો એનો અર્થ આપણે ક્ષમાના ક્ષેત્રે ડગ માંડ્યું છે.

ક્ષમા માગવી સહેલી છે. ક્ષમા આપવામાં વધારે ઉદારતા જોઈએ. સામેવાળી વ્યક્તિએ વગર કારણે તમારું અપમાન કર્યું છે, દુર્વ્યવહાર કર્યો છે, પછી તેને પોતાની ભૂલ સમજાઈ અને માફી માંગવા આવે ત્યારે મોટું મન રાખીને માફી આપવી ખૂબ મુશ્કેલ છે.

ક્ષમાની ત્રણ ભૂમિકા છે –

. ક્ષમા માગવી

. ક્ષમા આપવી

. ક્ષમા રાખવી. upset – નહીં થવાનું.

જેનું પાલન કરવાથી પારિવારિક શાંતિ રહેશે, સમાજમાં શાંતિ અને સ્નેહનું ઝરણું વહેતું રહેશે અને આપણા આત્માનું અહિત થતું રોકી શકીશું. આપણી મૈત્રી કેવી છે ? ઘણીવાર તો કહેવાતા મિત્રો હોય છે, પણ સાચા મિત્રો મળી જાય તો જીવન સુધરી જાય.

મૈત્રી દૂધ અને પાણી જેવી હોવી જોઈએ.

મૈત્રી તેલ અને પાણી જેવી ના હોવી જોઈએ.

એક વાર પાણીને વિચાર આવ્યો, મને એક મિત્ર જોઈએ છે, પણ એ એવો હોવો જોઈએ કે મને સાથ આપે. એણે દૂધ સામે મૈત્રીનો હાથ લંબાવ્યો. દૂધે હા પાડી. દૂધે કહ્યુંઃ હું તારો સ્વીકાર કરું છું. દૂધની મૈત્રી એટલી મહાન હતી કે તેણે પાણીને પોતાનાં રૂપ-રંગ, સ્વાદ બધું આપી દીધું. પાણીને થયું મારે દૂધની મૈત્રીનું મૂલ્યાંકન કરવું જોઈએ. હવે દૂધ કોઈના ઘેર ગયું ત્યારે પાણી વિચારે છે કે દૂધે સમર્પણ કર્યું છે તો મારે મિત્રતા નિભાવવાનો વખત આવી ગયો છે. બહેને દૂધ ગરમ મૂક્યું તો પાણીએ વિચાર્યું, હું બળું પણ તને નહીં બળવા દઉં, પણ પોતાના મિત્રને બળતો જોઈ બીજો મિત્ર કેમ સહન કરે ? દૂધથી સહન ન થયું એટલે એ ઊભરાયું. એ ચૂલામાં કૂદી પડવા તૈયાર થયું. પાણીએ જોયું એટલે એનો છંટકાવ થયો અને દૂધ શાંત થઈ ગયું.

વળી, એક દિવસ પાણીને વિચાર આવ્યો, બીજો પણ એક મિત્ર હોય તો સારું. રસ્તામાં તેલ મળ્યું. મૈત્રીની વાત કરી. તેલે કહ્યુંઃ આપણે ચોક્કસ મિત્ર બનીએ. મૈત્રીકરાર થયો. હવે તેલ તો પાણીને દબાવીને રાખવા માંગતું હતું. દૂધે તો એકરૂપ કર્યું. તેલે નહીં. પાણી સમજી ગયું. આ મિત્ર સરખો નથી તો પછી 'જેવા સાથે તેવા' બહેને કોડિયામાં તેલ ભર્યું. દીવો કર્યો. બળવાનો વારો આવ્યો. તો પાણી કહેઃ ભલે તેલ બળતું, હું તો નીચે બેઠો છું, તેલ બળી ગયું. પાણી એમનું એમ રહી ગયું. મૈત્રી કરો તો દૂધ – પાણી જેવી કરજો.

આપણે વિશ્વપ્રેમ, વૈશ્વિક મૈત્રી, ક્ષમાપનાની વાતો તો કરીએ છીએ, પરંતુ દરેકમાં મારા જેવી જ ચેતના વિલસી રહી છે એ દર્શન નહીં આવે, વિશ્વ સાથે એકાત્મભાવ પ્રગટ નહીં થાય ત્યાં સુધી ક્ષમા સહજ બનવી શક્ય નથી. સંતો પોતાના જીવનમાં બીજાનું દુઃખ પોતાનું કરી સ્વીકારી લેતા હોય છે. સ્વામી ચિદાનંદજી રસ્તામાં રક્તપિત્તના દર્દીનું ડ્રેસિંગ કરવા બેસી જતા એનામાં એમને દેહનું દર્શન નહીં, આત્મા જ દેખાતો હતો.

ક્ષમાનો પાયો પ્રેમ છે. પ્રેમ વિકસાવો તો અહિંસા આપોઆપ પ્રગટ થશે. બાળકને તાવ આવે છે. એની મા આખા દિવસનું કામ કરીને થાકી છે, છતાં રાતે ઊંઘી શકશે ? એ માને સ્વામીજી ઉપદેશ આપવા જાય છે કે બહેન ઊંઘશો નહીં. બાળકનું ધ્યાન રાખજો. ત્યાં કોઈની પ્રેરણાની જરૂર નથી. માતૃત્વનો ભાવ છે. કરુણા, અહિંસા, પ્રેમ હશે તો આપોઆપ ક્ષમા પ્રગટશે. બીજાને સુખ વહેંચવાનો વિચાર આવશે. મરીજ કહેતાં –
બસ એટલું મને પરવરદિગાર દે, સુખ જ્યાં જ્યાં મળે ત્યાં સૌનો વિચાર દે. દુનિયામાં કંઈ કેટલાંનો કરજદાર છું, ચૂકવું બધાંને જો અલ્લાહ ઉધાર દે.

નામી-અનામી ઘણી વ્યક્તિઓનાં યોગદાન

આપણા જીવનમાં છે. આપણે એ ઋણમાંથી ક્યારે મુક્ત થઈ શકીશું ? આ ઋણમાંથી મુક્ત થવાય એવું છે જ નહિ. કોઈ જીવ અનુચિત વર્તન કરી રહ્યો છે ત્યારે પણ સતત ક્ષમાનું ઝરણું વહેતું રહે તે ધર્માત્મા. જો એને ખબર પડે કે મારા નિમિત્તે કોઇના ચિત્તમાં ક્લેશ થયો છે તો એ દોડી જશે અને જ્યાં સુધી આગ કાઢી નહીં દે ત્યાં સુધી ધર્માત્માને શાંતિ નહિ થાય.

સામે થાય આગ તો ઠારી દેજો પાણી
પ્રભુ એવી દેજો મને વાણી.

કોઈ પણ અજ્ઞાની આત્માએ કરેલી ભૂલો મન પર નહીં લેતાં ક્ષમા આપતાં શીખો. મહાવીર ધ્યાનમાં હતા. એક ગોવાળિયો પાછો આવતો હતો. તેણે એક ઝાડ નીચે મહાવીરને ઊભેલા જોયા. એ ઝાડ નીચે બળદિયાને બેસાડ્યા અને મહાવીરને કહ્યું: 'આનું ધ્યાન રાખજો.' મહાવીર તો ચેતનાની જુદી અવસ્થામાં હતા. જેને દેહનું ભાન નહોતું તેને શબ્દો તો ક્યાંથી કાને પડ્યા હોય? આ બાજુ બળદિયા ચરવા નીકળી પડ્યા. ગોવાળ પાછો આવ્યો તો બળદિયા દેખાયા નહીં. તેણે મહાવીરને પૂછ્યું, 'મહારાજ, મારા બળદ ક્યાં ગયા?' ઉત્તર મળ્યો નહીં એટલે એ શોધવા નીકળી પડ્યો. કલાકો રખડ્યો. બળદ મળ્યા નહીં એટલે પાછો ત્યાં આવ્યો. તો બળદો ચરીને પાછા ત્યાં આવી બેસી ગયા હતા. તેને ગુસ્સો ચઢ્યો કે આને પૂછું છું તો બોલતો નથી. તેણે લાકડાનો ખીલો બનાવ્યો અને તેમના કાનમાં ખીલા ઠોકી દીધા. દેહમાં ચોક્કસ વેદના થઈ હશે પણ એ તો દેહાતીત અવસ્થામાં હતા.

મહાવીર ધારત તો તેને ખખડાવી શકત પણ તેમણે ગોવાળને તેના આ કૃત્ય બદલ પણ ક્ષમા આપી. તેઓ ક્ષમાનો ઉપદેશ નહીં, આદર્શ આપવા માંગતા હતા. એક જૈન સાધક શાંતિલાલ શાહે ઘણાં સ્તવન લખ્યાં છે, તેમાં આને અનુલક્ષીને લખ્યું છે –

ભાન ભૂલી ભરવાડે જ્યારે ખીલા ઠોક્યા'તા,
રોક્યા નહીં એના હાથ લગીરે
સમતાના ધરનારા તારાં જીવન રહસ્ય ન્યારા

સામનો કરવાની શક્તિ ન હોય અને જવા દઈએ તે ક્ષમા નથી. ક્ષમા વીર જ આપી શકે. શક્તિ ન હોય અને ક્ષમા રાખીએ એમાં કોઈ વિશેષતા ન હોય. શક્તિ હોય, સામેવાળાની ભૂલ હોય છતાં માફ કરીએ તે વીર.

પ્રચંડ શક્તિ હતી છતાં પણ પરમ સ્નેહે ધારે
પ્રચંડ શક્તિ હતી છતાં પરમ શાંતતા ધારે
મનથી પણ નહીં દ્વેષ ચિંતવ્યો
અજબ તિતિક્ષા તારી
જગના મંગલ ગાનારા
તારાં જીવન રહસ્યો ન્યારા

મનથી માફ કરી શકીએ અને જગતનું માંગલ્ય જ હૃદયમાં ધરે તે પ્રેમ, તે ક્ષમા. પડતાંને પાટું કદી ન મારીએ. કાદવથી ખરડાયેલાં કપડાં કાદવથી ધોવાય નહીં. કસાયોથી ખરડાયેલું ચિત્ત કસાયોથી શુદ્ધ થાય નહીં. ક્ષમાનું ઝરણું જોઈએ. ક્ષમા અને પ્રેમ જેવું નિર્મળ જળ આ દુનિયામાં કોઈ નથી. અને તો જ આ સળગતા સંસારમાં આપણે વિશ્વશાંતિનું નિમિત્ત બની શકીએ. આપણાં કર્મવશાત્ કોઈએ ભૂલ કરી તો એ કેમ સુધરે, એના કસાયો કેમ છૂટે અને એને છાતીએ લગાડી શકીએ તો ધર્મ પોષ્યો છે.

યૂં તો હર દિલ કિસી દિલ પર ફિદા હોતા હૈ
પ્યાર કરને કા મઝા ઓર હોતા હૈ
આદમી લાખ સંભલને પર ભી ગિરતા હૈ
પર ઝૂક કે જો ઉસે ઉઠાદે વો ખુદા હોતા હૈ.

પડેલાંને ઊભો કરીએ, એની કાલિમાને દૂર કરીએ તો પરમાત્મા આપણાથી અલગ નથી. હે સ્વામી ચિદાનંદજી! તમારા જેવી નિષ્કામ કરુણા, પ્રેમ, ક્ષમા અમારા જીવનમાં અવતરિત થાય એવી કૃપા કરજો.

## પ્રવચન : ૯
# વિષય : વર્તમાન જીવન અને વેદાંત વિચાર

પૂજ્ય શ્રી દેવપ્રસાદ બાપુ, મહંતશ્રી આણદાબાવા આશ્રમ, જામનગર



પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદ મહારાજની જન્મ શતાબ્દી નિમિત્તે આજના આ જ્ઞાનસત્રમાં પૂજ્યપાદ સ્વામી અધ્યાત્માનંદજીના આમંત્રણને માન આપી અહીં ઉપસ્થિત રહેવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

વેદાંત એટલે ખાંડ વગરનો લાડવો. વેદાંતની ચર્ચા લાંબી નહીં કરીએ. નરસિંહ મહેતાના ચરિત્રમાં લખ્યું છે કે ભગવાને તેમનાં બાવન કામ કર્યાં અને એક કામ તો એવું કર્યું કે આંખમાં અશ્રુ આવી જાય. એક વખત નરસિંહ મહેતા કોઈની પાસે કંઈક ઉધાર લેવા ગયા. એ શેઠે પૂછ્યું, 'મેં એવું સાંભળ્યું છે કે તમે કેદાર ગાવ તો ભગવાન આવે છે. તમે અહીં કેદાર રાગ ગિરવે મૂકો તો તમારું કામ થાય'. નરસિંહ મહેતાએ તો કેદાર ગિરવે આપ્યો એવી ચિઠ્ઠી લખીને આપી દીધી. તેઓ પાછા ફરતા હતા ત્યાં કોઈ કારણસર રાજાના સિપાઈઓએ તેમને પકડી લીધા. રાજાએ તેમને જેલમાં મૂક્યાં. હવે રાજાએ નરસિંહ મહેતાને કહ્યું, 'તમે મને ભગવાનનાં દર્શન કરાવો તો તમને મુક્ત કરું'. મહેતાને તો આપત્તિ સમયે કેદાર ગાય તો ભગવાન આવે અને એ તો ગિરવે મૂક્યો હતો. નરસિંહ મહેતા ચરિત્રમાં લખ્યું છે કે તેમણે શાંત થઈ ભગવાનનું ચિંતન શરૂ કર્યું. અહીં ભગવાનને ચિંતા થઈ. ભગવાન નરસિંહ મહેતાનું રૂપ લઈ પેલા શેઠને ત્યાં ગયા અને કેદાર છોડાવ્યો. ચિઠ્ઠી પર શેઠની સહી કરાવી અને એ ચિઠ્ઠી નરસિંહ મહેતાના ખોળામાં નાંખી. એમણે વાંચ્યું કે કેદાર મુક્ત કરાવ્યો છે. સમજી ગયા કે મારો શામળિયો આવ્યો. એવા વખતે તેમણે પ્રાર્થના કરી-

પાની પીકર પ્યાસ બુઝાવું, નૈનનકો કૈસે સમજાવું
આંખમિચૌલી છોડો અબ તો મન કે બાસી રે ......

દર્શન દ્યો ઘનશ્યામ નાથ મોરી અંખિયા પ્યાસી રે... પંક્તિ પૂરી થઈ. આખી જેલમાં પારિજાત પુષ્પોની વૃષ્ટિ થઈ. રાજાને ખબર પડી. તે જેલમાં આવ્યો અને નરસિંહ મહેતાનાં ચરણ પકડી લીધા અને કહ્યું, 'ભગત મારી ભૂલ થઈ ગઈ.' નરસિંહ મહેતા કંઈ બોલ્યા નહીં. રાજા કહે, 'ભગત, મને કંઈ સજા કરો. તમે મને સજા આપશો તો ભગવાન ક્ષમા આપશે.' ઈન્દ્રના પુત્ર જયંતે રામ ખરેખર ભગવાન છે કે નહીં તેની ખાતરી કરવા પક્ષી બની સીતાના ચરણમાં ચાંચ મારી. રામને ચાંચ મારી હોત તો એ કંઈ ન બોલત પણ સીતાના ચરણમાં ચાંચ મારી એટલે રામે તેને શ્રાપ આપ્યો.

નરસિંહ મહેતાએ કહ્યું, 'તમે મને શ્રાપ આપવાનું કહો છો, મને એનો વાંધો નથી, પણ શ્રાપ આપવાના એ શબ્દો મને નથી આવડતા.' જેની વાણીમાં કઠોરતા ન હોય તે ઈશ્વરની અનુભૂતિ છે.

તુલસીદાસજી અસ્સીઘાટ, બનારસ પર બેસી રામચરિતમાનસની રચના કરી રહ્યા હતા. તેમની એક કૃતિ છાપામાં છપાઈ. આ અદ્‌ભુત કૃતિ વાસંતી નામની વારાંગનાએ વાંચી. વાસંતીનાં રંગ-રૂપે આખા બનારસને કબજે કર્યું હતું. તેણે દાસીને કહ્યું, 'તપાસ કરો કે આના રચયિતા કોણ છે ?' દાસી સમાચાર લાવી અસ્સીઘાટ પર તુલસીદાસ બેઠા છે તેમણે લખી છે. વાસંતી બનારસના રોડ પર નીકળી તુલસીદાસ પાસે આવે છે. વાસંતીને જોઈ તુલસીદાસ સાથે બેઠેલાં ભક્તો એ બારણાં બંધ કરી દીધા. તુલસીદાસજીએ એમ કરવાનું કારણ પૂછ્યું. ભક્તોએ કહ્યું, 'જે સ્ત્રી તમારી તરફ આવી

રહી છે, તેનો પડછાયો પડે તો પણ આપણે પાપમાં પડીએ' તુલસીદાસજીએ પૂછ્યું, 'કોણ છે?' ભક્તોએ કહ્યું, 'બનારસની મશહૂર વારાંગના વાસંતી.' તુલસીદાસજીએ એક ક્ષણ વિચાર કર્યા પછી દરવાજો ખોલી નાંખવા કહ્યું. દરવાજો ખૂલ્યો. સંગીતજ્ઞ અને રૂપ રૂપના અંબાર સમી વાસંતી બહાર ઊભી હતી. તુલસીદાસજીએ કહ્યું, 'બેટી, બહાર કેમ ઊભી છે ? અંદર આવી જા.' વાસંતી ગદગદિત થઈ ગઈ. તેણે કહ્યું, 'મારી જિંદગીમાં હજુ સુધી કોઈએ મને બેટી નથી કહી. તમે જે કૃતિ લખી છે તે વાંચીને આવી છું. મેં પરમેશ્વરી રાગમાં તે તૈયાર કરી છે તે આપને સંભળાવવા આવી છું.' તે એક કલાક બેઠી તુલસીદાસજીએ કહ્યું, 'કાલે પણ આવજે' તે રોજ આવવા લાગી. પાંચમાં દિવસે ના આવી. તેમણે સત્સંગીને પૂછ્યું, 'વાસંતી કેમ ના આવી?' લોકોને થયું કે મહારાજ મોહમાં પડ્યા. તુલસીએ તો કહ્યું, 'જ્યાં સુધી વાસંતી નહીં આવે કથા શરૂ નહીં થાય.' વાસંતી નહીં આવવાથી પોતે તેને શોધવા નીકળ્યા. લોકોને પૂછ્યું, 'વાસંતીનું ઘર ક્યાં છે?' લોકોએ કહ્યું, 'આગળ ઝરૂખો દેખાય છે, તે ઘર એનું'. મનમાં લોકો હસતા હતા. તુલસી એના ઘરે પહોંચ્યા તો ઘર બંધ હતું. આડોશપાડોશમાં પૂછ્યું, તો એમણે કહ્યું, 'હા, એ અહીં રહેતી હતી પણ કાલથી ઘર બંધ કરીને જતી રહી છે. તમારે શું કામ હતું ?' તુલસી કહે, 'એ મારી બેટી છે.'

વીસ વર્ષ પછી આખું રામચરિતમાનસ લખાઈ ગયા પછી તુલસીદાસ અયોધ્યા ગયા. સરયૂ નદીના કિનારે પહોંચ્યા ત્યાં તેમને એક ઘરમાંથી કોઈ પરમેશ્વરી રાગમાં ભજન ગાતું સંભળાયું. એમણે સહસા કહ્યું, 'આ તો મારી બેટીનો અવાજ છે.' તેઓ એ ઘરે દોડ્યા પગથિયામાં જ બેસી ગયા. વાસંતી આંખો બંધ કરી ગાઈ રહી હતી. રામ સ્તુતિ પૂરી થઈ. વાસંતીએ આંખો ખોલી તો સામે તુલસીદાસજી બેઠા હતા, તુલસીએ પૂછ્યું, 'બેટી, તું અહીં ક્યાંથી ?' વાસંતીએ કહ્યું, 'જબ સે આપકી સ્તુતિ મૈંને ગાઈ, કામ ચલા ગયા, રામ બસ ગયા. હું વીસ વર્ષથી અહીં અન્નક્ષેત્ર ચલાવું છું પણ કોઈ મહાત્મા આવ્યા નથી. તુલસીદાસજીએ કહ્યું, 'તું રોટી બનાવ હું ખાઈશ.' તેમણે જમી લીધું એટલે વાસંતીએ તેમને પ્રણામ કર્યાં અને તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. જ્યાં રામ ત્યાં કામ નહીં.

વેદાંત શુષ્ક છે. બધાંને ના ગમે, પણ કોઈ માણસ એવો નથી જેને સંગીત ના ગમે. સંગીત શબ્દમાંથી 'સં' કાઢી લો તો ગીત, 'ગી' કાઢી લો તો સંત અને 'ત' કાઢી લો તો સંગી. સંગીત એવું ક્ષેત્ર છે તે સૌને ગમે પણ પૂર્ણતા હોવી જોઈએ. સંત, શાસ્ત્ર અને સંગીત ત્રણેય શ્રેષ્ઠ છે.

ઈ.સ.૧૯૭૫માં સ્વામી ચિદાનંદજીનાં દર્શન કર્યાં હતાં. સંત ભગવંત પાસે ક્યારેય માગવું નહીં. માગવાથી મળતું નથી. મળે તો મર્યાદિત મળે, ન માગવાથી અમર મળે. પાંચ વસ્તુ માના ગર્ભમાં નક્કી થાય છે – આયુષ્ય, કર્મ, વિદ્યા, સંપત્તિ, ભાગ્ય.

એક માણસે ડાયમંડનાં કફલિંગ્સ પહેર્યાં હતાં. મને વિચાર આવ્યો. હું પહેરું તો ? પછી બીજો વિચાર આવ્યો. બીજો એનાથી કિંમતી પહેરીને આવશે તો શું કરીશ. જવાબ ના મળ્યો. પછી વિચાર આવ્યો તું જે યુનિફોર્મ પહેરીને બેઠો છે એવા કેટલા લોકો છે ? હું એકલો જ છું. ઘટનાઓમાંથી જીવન મળતું હોય છે. ભગવાને આપેલી આ જીવનની ભૂમિકા આપણામાં સમાયેલી છે. જો એ સમજ આવે તો ઘણી બધી સમસ્યાના સમાધાન અંદરથી જ મળે.

વર્ષો પહેલાં એક મહાત્માને પ્રવચન માટે બોલાવ્યા. બોલવાનું પંદર મિનિટ જ હતું, પણ સામે બૌદ્ધિક વર્ગ હતો. વિચાર કરવા લાગ્યા, શું બોલું ? વિદ્વાન તો હતા જ. તેમણે ખીસામાંથી રૂ. ૫૦૦ની નોટ

કાઢી. અને શ્રોતાઓને પૂછ્યું, જેને આ નોટ જોઈએ તે હાથ ઊંચા કરે. બધાંએ હાથ ઊંચો કર્યો. પછી એ નોટનો ડૂચો કરી નાખ્યો. પાછું પૂછ્યું કોને જોઈએ છે? બધાંએ હાથ ઊંચો કર્યો. પછી મોંમાં નાંખી બહાર કાઢી. પૂછ્યું કોને જોઈએ? બધાંએ હાથ ઊંચો કર્યો પછી ફાટે નહીં એ રીતે ચંપલ નીચે કચડી નાખી પૂછ્યું. કોને જોઈએ? બધાંએ હાથ ઊંચો કર્યો.

મહાત્માએ કહ્યું, 'આ નોટ કોરી હતી, ડૂચો થયો, પલળી, કચડાઈ ગઈ તોય બધાંને જોઈએ છે, કારણકે કોરી હતી ત્યારેય રૂ. ૫૦૦ની નોટ હતી અને કચડાઈ ગઈ તોય તેનું મૂલ્ય ઓછું નથી થયું' એ જ રીતે ગમે તેવી પરિસ્થિતિમાં પણ જે વ્યક્તિ વિચલિત ન થાય તેનું મૂલ્ય ક્યારેય ઓછું થતું નથી.

વફાદારી ન છોડે તેને ત્યાં ફોજદારી ન આવે. ઈમાનદારી અને સમજદારીપૂર્વક જીવવું એ મોટામાં મોટી ભૂમિકા છે. સ્વામી ચિદાનંદજી આપણા જેવા મનુષ્ય હતા. છતાં આજે પણ આપણે એમનું સ્મરણ કરીએ છીએ. ગમે તેવા સંજોગોમાં મૂલ્યોને જાળવી રાખવાં. આવા બધા સમયમાં ત્રણ વસ્તુ મદદ કરે છે -

૧. સત્કર્મ - ભૂતકાળને ભૂંસવા માટે

૨. સત્સ્મરણ - ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે

૩. સત્સંગ - વર્તમાન સુધારવા માટે.

પુણ્ય કમાવાના માર્ગ ઘણાં છે. આપણે તો પાપથી બચવું છે. તે માટે ભગવાને આપણને શાસ્ત્રો આપ્યાં. ઋષિઓના અનુભવ તમને ખબર હશે. ઋષિઓ ગૃહસ્થી હતા. આપણાં ગોત્રો તેમનાં નામ પરથી આવ્યાં. ઋષિ પરંપરામાં અનુભૂતિ કરશો તો ક્ષમાપનાનું માધ્યમ શ્રેષ્ઠ છે.

બ્રહ્માજીએ મનુષ્યનું શરીર બનાવ્યું. પછી દેવોની સભા બોલાવી અને કહ્યું, 'મનુષ્યને બે વસ્તુ મારે આપવી નથી તો ક્યાં છુપાવું ?' દેવોએ પૂછ્યું, 'શું ?' બ્રહ્માજીએ કહ્યું, 'પ્રસન્નતા અને ક્ષમા નથી આપવી.' દેવોએ તેને છુપાવવાના જુદા જુદા અભિપ્રાય આપ્યા કે દરિયાના પેટાળમાં છુપાવી દો, બ્રહ્માંડમાં કે પાતાળમાં છુપાવી દો.' બ્રહ્માજી કહે, 'મનુષ્ય બહુ હોશિયાર છે. બધેથી શોધી કાઢશે.' દેવો કહે, 'તો તમે જ કહો. તમારો શો અભિપ્રાય છે.' બ્રહ્માજીએ કહ્યું, 'મારે એને માણસના અંતઃકરણમાં રાખવા છે.' એને શોધતાં આપણને આવડવું જોઈએ. આપણે કોઈ સંતપુરુષના સંગમાં હોઈએ તો તે આપણને શીખવાડે.

આપણે કોઈના ઘેર કંઈ લેવા જઈએ. તે માણસ કહે, 'મારે આપવું છે, પણ મારા પિતા બીમાર છે, એ સૂતા છે, તેમને પૂછીને આપીશું.' જુઓ, બેઠેલાને પૂછી શકાય, સૂતેલાને ન પુછાય. અમારા સંતો બેઠા છે. સૂતા નથી.

જીવણદાસજી મહારાજે કહ્યું હતું, 'મારી સમાધિ મારા ગુરુજીની બાજુમાં જ કરજો.' ભક્તોએ કહ્યું, 'બાજુમાં તો આંબલીનું ઝાડ છે, જગ્યા જ નથી.' મહારાજે આંબલીને કહ્યું, 'મારી ભક્તિ મારા સદ્ગુરુમાં હોય તો ખસી જા.' આંબલી ખસી ગઈ. આજે પણ સંતોની ચેતના જાગ્રત છે, એમાંથી શાંતિ અને ક્ષમાપના મળે છે. તેમનો મંત્ર છે - તેન ત્યક્તેન ભુંજિથા :। એવી જ ચેતના સ્વામી ચિદાનંદજીની છે.

ભૂખ્યાંને રોટલા આપો, ઉઘાડાંને કપડાં આપો, બીમારને દવા આપો. બીજાના દુઃખે દુઃખી થવું અત્યંત સરળ છે. પણ વિદુરજીએ લખ્યું છે - બીજાના સુખે સુખી થવું કઠિન છે, અઘરું છે. કોઈની પ્રગતિ જોઈને તમારા હૈયામાં આનંદ થાય એવી ભૂમિકા આવે ત્યારે પરમાત્મા દૂર નથી. આ જ વેદાંત વિચાર છે.

કબીરા કૂવાં એક હૈ પનિહારી અનેક
બરતન ન્યારે ભયે પાની સબમેં એક.

# પ્રવચન : ૧૦

# વિષય : ગુરુ-શિષ્ય સંબંધ યોગ

પૂજ્ય શ્રી સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ, અધ્યાત્મ વિદ્યામંદિર, તત્ત્વતીર્થ



ગુરુ-શિષ્ય સંબંધ એ અજોડ સંબંધ છે અર્થાત્ કોઈ અન્ય સંબંધ એની તુલના ના કરી શકે. આમ તો માતા-સંતાનનાં સંબંધને શ્રેષ્ઠ સંબંધ માનવામાં આવે છે, કારણ કે તેમાં નિઃસ્વાર્થ પ્રેમ છે, છતાં માતા-સંતાનનો સંબંધ પણ ગુરુ-શિષ્યના સંબંધની તુલના ન કરી શકે, કારણ કે ગુરુને કોઈ પ્રકારનો સ્વાર્થ નથી. ગુરુ શાસ્ત્રમાં પારંગત છે, નિષ્પાપ છે, કામનાના પ્રભાવથી રહિત છે, નિષ્કામ છે, અહૈતુકી દયાના સાગર છે.

વિવેક ચૂડામણિમાં આદિ શંકરાચાર્યજીએ સુંદર લખ્યું છે : ગુરુની દયાનું કારણ શું છે ? શા માટે કરે છે ? આપણામાં કંઈ પામવાની સૂક્ષ્મ ગણતરી હોય છે, આપણા વ્યવહારમાં વ્યક્તિગત ઈચ્છા હોય છે. જ્યારે ગુરુ કારણ વગર દયા દર્શાવે છે. કશી વસ્તુ કારણ વગર ક્યારે હોય ? સ્વભાવ હોય ત્યારે. તમે પૂછો સૂર્ય તેજસ્વી કેમ છે ? અગ્નિ ગરમ કેમ છે ? વાયુને વહન કેમ છે ? એ એમનો સ્વભાવ છે. એ જ રીતે ગુરુનો દયા દાખવવાનો સ્વભાવ છે. એના દયા-કૃપા-પ્રેમમાં કોઈ કામના નથી, નિષ્કારણ છે.

જેણે પોતાને ચિદાનંદરૂપ, શિવસ્વરૂપ, આનંદ-સ્વરૂપ જાણ્યું છે તે આનંદમાં પ્રતિષ્ઠિત છે. આવા મહાપુરુષો આનંદથી પૂર્ણ છે, જેમને કાંઈ પ્રાપ્ત કરવાનું રહ્યું નથી. જે હોય સ્વાભાવિક હોય. કોઈ પ્રાપ્તિની જરૂર જ નથી, ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ્‌ગીતામાં કહ્યું, 'હે અર્જુન ! આ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ્ઞાની મહાપુરુષોની પાસે જા. એમને દીર્ઘ નમસ્કાર કર,એમની સેવા કર, એમને પ્રસન્ન કર.'

શિષ્યના પક્ષે શું હોય ? શિષ્યને પૂરી શ્રદ્ધા છે. વિશ્વાસ છે-હું સલામત છું. મારો કોઈ લાભ લેવાવાનો નથી. મારે કાંઈ ગુમાવવાનું નથી. પ્રાપ્ત જ કરવાનું છે. દીર્ઘ નમસ્કાર શ્રદ્ધાનું પ્રતીક છે. ગુરુ દયાના સિંધુ સમાન છે. જે હિત કરનારા છે તે શિષ્ય ઉપર અહૈતુકી કૃપા વરસાવ્યા જ કરે છે. અને પ્રશાંત ચિત્તવાળો, ક્ષમા સંપત્તિ ધરાવનારો, અધિકારી શિષ્ય પ્રાપ્ત થાય ત્યારે ગુરુને પણ કોઈ પણ પ્રકારનો વિકલ્પ રહેતો નથી. ગુરુએ તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો જ જોઈએ.

ગુરુ માત્ર પ્રેમથી કરુણાથી પ્રેરાયેલા હોય છે, શિષ્ય શ્રદ્ધાથી સમર્પિત છે. આ જગતમાં આવો બીજો કોઈ સંબંધ છે ? મા કદાચ દીકરાને પ્રેમ કરતી હોય તો પણ એની ઘણી મર્યાદા હોય. મા બાળકને ઘોડિયામાં સુવાડતી હોય. ઘોડિયું ઝુલાવે. ગાતી હોય, પણ પછી પણ બાળક સૂએ નહીં તો જોરજોરથી ઝુલાવવા લાગે અને પછી તો ઘોડિયા પર ધક્કા પણ મારતી જાય. મર્યાદા છે. પાછી અંદર કંઈ અપેક્ષા પણ હોય. ગુરુને કોઈ અપેક્ષા નથી.

શિષ્યના ત્રણ પ્રકાર છે : (૧) ઉત્તમ શિષ્યઃ જે ગુરુના કહ્યા વગર જ એ શું ઈચ્છે છે સમજી જાય. (૨) મધ્યમ શિષ્યઃ જે ગુરુ કહે તે પ્રમાણે કરે. (૩) અધમ શિષ્ય : જે ગુરુના કહ્યા છતાં ન કરે. ગુરુ પાસે ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ અધિકારી પણ આવી શકે, પણ જે પૂરા તૈયાર ન થયા હોય, બુદ્ધિનો વિકાસ ન થયો હોય, ગુરુજીનાં પ્રવચન સમજી શકે તેમ ન હોય છતાં પણ એ સેવા તો કરી જ શકે. શિષ્યના પક્ષે બોધ પ્રાપ્ત કરવો એટલું જ નથી, ગુરુ ઉપદેશ કરે તે અમલમાં મૂકવું એ જ ખરી સેવા. એનું કલ્યાણ થાય જ. પણ બધાં શિષ્યો એવા નથી હોતા. કહો કંઈ અને કરે કંઈ. ગુરુની હાલત ઘણીવાર બહુ ખરાબ થાય. ગુરુએ ઘણા આઘાત સહન કરવા પડે છે.

એક વાર ઋષિઓની સભામાં વિવાદ થયો. કયા દેવ શ્રેષ્ઠ ? બ્રહ્મા, વિષ્ણુ કે શિવ ? નક્કી થયું ત્રણે દેવતાઓની કસોટી કરો. ભૃગુઋષિ બ્રહ્માજી પાસે ગયા પણ પ્રણામ ના કર્યાં. ભૃગુઋષિ બ્રહ્માજીના પુત્ર થાય.

બ્રહ્માજી ખૂબ ગુસ્સે થયા. મારો પુત્ર થઈને મને પ્રણામ નથી કરતો? આ અનુભવ કરી તે શિવજી પાસે ગયા. રુદ્ર પણ બ્રહ્માજીના લલાટમાંથી જન્મ્યા છે. માટે ભૃગુઋષિના ભાઈ થાય. એ નાતે તે શિવજીને ભેટવા ગયા. શિવજીએ તેમની આ હરકત બદલ ગુસ્સે થઈને ત્રિશૂલ લીધું. પછી તેઓ ભગવાન વિષ્ણુ પાસે ગયા. તેઓ શૈષશૈયા પર યોગનિદ્રામાં પોઢ્યા હતાં. માટે તેમનાથી ભૃગુઋષિનું સન્માન ન થઈ શક્યું. ભૃગુઋષિ ગુસ્સે થઈ તેમની છાતી પર લાત મારે છે. ભગવાને તરત તેમનાં ચરણ પકડી લીધાં અને ક્ષમા માગવા લાગ્યા, 'હે ઋષિ ! મારી છાતી કઠોર છે, આપના ચરણ કોમળ છે, આપને વાગ્યું હશે. હું માફી માગું છું.'

ગુરુ તો વિષ્ણુની જેમ લાત ખાવા તૈયાર હોય છે, બ્રહ્માની જેમ અપમાન સહન કરવા અને મહેશની જેમ વિષપાન કરવા તૈયાર હોય છે. આ પદવી એમનેમ નથી મળતી. ગુરુના હૈયે એક જ વાત હોય છે, શિષ્યનું કલ્યાણ કેમ થાય?

આપણે ભગવદ્ગીતામાં પણ જોઈએ છે કે ભગવાન શ્રીકૃષ્ણના હૈયે એક જ વાત હતી કે અર્જુનનું કલ્યાણ કેમ થાય ? અર્જુનને ભગવાને ઉપદેશ આપ્યો તે પહેલાંથી તેઓ બંને મિત્ર હતા. તોય એવું કેમ કે ભગવાને તેને સમજાવવા યુદ્ધના મેદાન સુધી રાહ જોઈ? શું એમને ખબર નહોતી કે અર્જુનને ઉપદેશની જરૂર છે ? ખબર હતી, પરંતુ એ વખતે તેમની વચ્ચે મિત્ર અને ભક્તનો સંબંધ હતો, છતાં જ્ઞાનના ઉપદેશનો યોગ્ય સમય નહોતો. જ્યાં સુધી પૂછવામાં ન આવે ત્યાં સુધી ઉપદેશ ન કરવો. વ્યર્થ જાય. જ્યારે અર્જુન શિષ્ય બન્યો, જ્યારે એને ભગવાનમાં ગુરુનાં દર્શન થયાં પછી ભગવાને ઉપદેશ કર્યો.

જિસસ પણ કહેતાં, 'પશુઓ સામે રત્ન ના નાખશો.' અર્જુને પ્રશ્ન કર્યો, 'મને મોક્ષ પ્રાપ્ત થાય એવો ઉપદેશ કરો.' ભગવાન તો રાહ જ જોતા હતા. ગુરુ રાહ જુએ છે કે ક્યારે યોગ્ય શિષ્ય આવે. ઉપનિષદને ગાય સાથે સરખાવ્યાં છે, કૃષ્ણ દૂધ દોહનારા છે, ગીતા રૂપી અમૃત છે, પાર્થ વાછરડા સમાન છે. વાછરડાને જુએ ને ગાયના આંચળમાંથી આપોઆપ દૂધ વહેવા લાગે. એમ અર્જુન પાન કરે છે. કુરુક્ષેત્રના રણમાં ભગવાન શ્રીકૃષ્ણ – અર્જુનનો સંવાદ ચાલે છે ત્યારે બધાં રાહ જુએ છે કે સંવાદ ક્યારે પૂરો થાય ? અર્જુન તો કહે છે, 'અમૃત સમાન રસનું પાન કરતાં મને તૃપ્તિ થતી નથી .' વળી, અર્જુન પ્રાર્થના કરે છે, 'મને વિશ્વરૂપનું દર્શન કરાવો.' ધ્યાનેન્દ્ર મહારાજે ટીકામાં લખ્યું છે, 'અર્જુન જેવી છૂટ કોઈએ લીધી નથી. વિશ્વરૂપ દર્શન માટે ભગવાનને કોઈએ કહ્યું નથી.'

શ્રી સ્વામી ચિદાનંદજી જેવા મહાપુરુષ એક જન્મમાં તૈયાર થતા નથી. અનેક જન્મે સિદ્ધ થઈને આવ્યા હોય. નાનપણથી જ વૃત્તિ હોય કે ઘર છોડી દેવું છે અને ઈશ્વરને પ્રાપ્ત કરવા છે. એક મેગેઝિનમાં શિવાનંદજીના લેખ વાંચ્યા. પ્રત્યક્ષ તો પછી મળ્યા. પણ લેખ વાંચીને જ હૃદયમાં પ્રભાવ પડ્યો. પત્રો લખ્યા. એક વાર ઘર છોડ્યું. બધાં એમને પાછાં લઈ આવ્યા શ્રીધર રાવે (શ્રી સ્વામી ચિદાનંદજીનું પૂર્વાશ્રમનું નામ) પરિવારને સમજાવ્યું, મારે સાધના કરવી છે. મને અનુજ્ઞા આપો. બધાંની સંમતિ પ્રાપ્ત કરી સ્વામી શિવાનંદજી પાસે આવ્યા. શિવાનંદજીએ કહ્યું, 'ઘરે પાછો જા. મા બાપની સેવા કર.' શ્રીધર રાવે કહ્યું, 'કુટુંબ માટે મને આસક્તિ નથી.' પછી ગુરુએ અનુજ્ઞા આપી. તેઓ સ્વામી શિવાનંદજીને મળ્યા એ પહેલાં ઘણાં મહાત્માઓને મળ્યા હતા છેવટે આનંદકુટીરમાં ગુરુ પ્રાપ્ત થયા. તેઓ લખે છે, 'ગુરુદેવને મળ્યા પછી મને પ્રતીતિ થઈ આ જ મારા ગુરુ છે. એમની જ મારે સેવા કરવી છે. આ જ અવાજ મને સતત આદેશ આપી રહ્યો હતો.' ક્ષણમાં ગુરુ-શિષ્યનો સંબંધ બંધાયો.

શ્રીધરનું શરીર કૃશ હતું, છતાં સ્વસ્થ હતા. સવારથી સાંજ સુધી કામ કરે. ગુરુ પણ કામ લેવામાં કડક હતા, સાથે-સાથે મા સમાન પ્રેમાળ હતા. ગુરુએ તેમને સાધના કરવા સમય આપવા માંડ્યો. શિવાનંદજી તો શિલ્પી હતાં. બહારથી ખરબચડો પદાર્થ હોય તો

પણ તેમને તો સુંદર મૂર્તિનાં દર્શન થાય. ગુરુ અંદરની મહાનતા જોઈ શકે છે અને મૂર્તિનો આવિર્ભાવ કરે. શિષ્યમાં જે પૂર્ણતા, પવિત્રતા, નિર્મળતા, ત્યાગ, વૈરાગ્ય, તપશ્ચર્યા, સેવા મૂર્તિમંત હતાં, બધું ગુરુએ પ્રગટ કર્યું. શ્રીધરે પણ ગુરુનું નિરીક્ષણ કર્યું અને પોતાના સમર્થ ગુરુના ગુણોને જીવનમાં આચરવાનો પ્રયત્ન કર્યો. એક વાર શિવાનંદજીએ આદેશ કર્યો કે ચિદાનંદજીનો જન્મદિવસ ઊજવવો છે. તેમનો જન્મદિવસ ૮, સપ્ટેમ્બર અને ચિદાનંદજીનો ૨૪, સપ્ટેમ્બર. પોતાના જન્મ દિવસ પછી તેમનો જન્મ દિવસ ઝાંખો ન પડવો જોઈએ, માટે બંનેનો જન્મ દિવસ ભેગો ન ઉજવવો અને સ્વામી ચિદાનંદજીનો જન્મ દિવસ ૧૬ જૂને ઉજવાયો. ગુરુદેવ સૌને કહેતા, 'મારા અને મારા શિષ્યમાં કોઈ તફાવત નથી. એ મારાથી જરા પણ ઉતરતો નથી.'

શિષ્ય વિચરણ કરે, તપશ્ચર્યા કરે, હિમાલયમાં ફરે. એક વાર ખ્યાલ આવ્યો કે ગુરુજીની તબિયત સારી નથી, પાછા આવીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ગુરુજીએ એના મસ્તક પર હાથ મૂકી પોતાની દિવ્ય શક્તિનો સંચાર કર્યો અને શિવાનંદ ચિદાનંદ બની ગયા, ચિદાનંદ શિવાનંદ બની ગયા.

શંકરાચાર્યજી પોતાના ગુરુની મહત્તાનું વર્ણન કરે છે, સ્તુતિ કરે છે. તેઓ કહે છે, 'આ બ્રહ્મજ્ઞાન પ્રદાન કરનારા મારા સદ્‌ગુરુ માટે હું તુલના શોધું છું. ત્રણે ભુવનમાં નજર કરી પણ મારા ગુરુજીની તુલના ન મળી' કોઈકે કહ્યું, 'ભગવાન માટે પારસમણિનું સુંદર દૃષ્ટાંત નથી ?' પણ પારસમણિ તો લોખંડને સોનુ બનાવે છે, પારસમણિ બનાવતો નથી, પરંતુ અહીં તો શિવાનંદ ચિદાનંદ છે, ચિદાનંદ શિવાનંદ છે. સદ્‌ગુરુ, જે પોતાનાં ચરણમાં સમર્પિત થાય તેને સમાનતા પ્રદાન કરે છે. તે હંમેશાં ચિદાનંદને આગળ કરતા હતા અને પોતાના ગયા પછી બધું સંચાલન એમને સોંપ્યું. અજોડ સંબંધ છે –ગુરુ-શિષ્યનો. ગુરુએ કશું મેળવવાનું નથી, શિષ્યે કશું ગુમાવવાનું નથી.

કઠોપનિષદમાં કથા છે –

નચિકેતા નામનો બાર વર્ષનો કિશોર ગુરુ યમરાજ પાસે ગયો. જતાં પહેલાં એના પિતા યજ્ઞ કરી રહ્યા હતા. યજ્ઞ સમાપ્ત થતાં દક્ષિણાનો સમય આવ્યો. પિતાજીએ વૃદ્ધ, જર્જરિત ગાયોનું દાન કર્યું. નચિકેતા વિચારે છે આવી ગાયોનું દાન કરવાથી તો પિતાજીને નરકમાં જવું પડશે. શું પિતા પાસે ધન ખૂટી ગયું છે ? તો મારું દાન કરી દે તો જે ખોટ રહી છે તે પૂરી થઈ જાય. પિતાજી વ્યસ્ત હતા. નચિકેતાએ બે-ત્રણ વાર પૂછ્યું એટલે ગુસ્સે થઈ ગયા અને કહ્યું, 'તને યમરાજને આપું છું.'

નચિકેતાને થયું પિતાનું વેણ સાચું પડવું જોઈએ. નિર્ણય પર આવ્યો. પિતાજીએ મને યમરાજા પાસે જવાની આજ્ઞા આપી છે માટે આજ્ઞા લઈને ગયો. યમરાજા બહારગામ ગયા હતા. ત્રણ દિવસ પછી આવ્યા. આ છોકરો ભૂખ્યો-તરસ્યો મહેલના દરવાજે ઊભો રહ્યો હતો. આ જોઈ યમરાજાને બહુ દુઃખ થયું અને તેને ત્રણ વરદાન માગવા કહ્યું. તેણે પિતાજી માટે બે વરદાન માંગ્યા પછી ત્રીજા વરદાનમાં યમરાજાને કહ્યું, 'મને આત્મજ્ઞાન પ્રદાન કરો.' યમરાજાએ પૂછ્યું, 'બાળક, તને ભાન છે, શું માગે છે ?' નચિકેતા કહે છે, 'મને જ્ઞાન પ્રદાન કરો.' યમરાજા કસોટી કરે છે. તને ભૌતિક સંપત્તિ, પુત્ર, પૌત્ર, હાથી, ઘોડા, સોનુ, ચાંદી આપું. ઘણાં પ્રલોભનો આપ્યાં. જુએ છે શિષ્ય લાયક છે કે નહીં. આ શિષ્ય તો બરાબર લાયકાત ધરાવતો હતો. તેણે જવાબમાં કહ્યું, 'આ બધું આપની પાસે રાખો, મને માત્ર આત્મજ્ઞાન જ જોઈએ છે.' યમરાજા પણ નચિકેતાની પ્રશંસા કરે છે.

આવા ગુરુ હોવા, આવા શિષ્ય બનવું મહાન સદ્‌ભાગ્ય છે. અનેક પ્રકારનાં પુણ્ય કર્યાં હોય તો મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષોની સંગતિ પ્રાપ્ત થાય.

આપણે સ્વામી ચિદાનંદજી મહારાજને પ્રાર્થના કરીએ કે આપણું કલ્યાણ થાય.

# પ્રવચન : ૧૧

# વિષય : મેરે અપને સ્વામી ચિદાનંદજી મહારાજ

નિર્વાણપીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ



॥ હરિ : ૐ ॥

આ આશ્રમના પાવન અસ્તિત્વમાં આરંભથી ગુરુતત્ત્વ પ્રતિષ્ઠિત છે. સમગ્ર ભારતદેશમાં જેમની પ્રતિષ્ઠા વ્યાપ્ત છે તેવા સ્વામી શિવાનંદજી મારા પ્રેરણા પુરુષ છે. જેમની સાથે રહીને અમે સાધુતાનો અનુભવ કર્યો છે તેવા પૂજ્યપાદ સ્વામી ચિદાનંદજી શતાયુ થઈને શરીર હતું તેના કરતાં વધારે સ્વામી અધ્યાત્માનંદજીના પુરુષાર્થથી જેમના અસ્તિત્વનો અમે અનુભવ કરી રહ્યા છીએ. તેમને શત શત પ્રણામ.

સ્વામી ચિદાનંદજી પ્રતિ મને ખૂબ અહોભાવ છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'મારો જન્મ દિવ્ય છે, મારું કર્મ દિવ્ય છે' તેવું જ મહારાજજીનું છે.

સ્વામી ચિદાનંદજી મહારાજ બિકાનેર શાખામાં પધારતા, જેની સ્થાપના બિકાનેરના રાજગુરુએ કરી હતી. ત્યાં શિવાનંદ આશ્રમ છે, જેનો શિલાન્યાસ મહારાજશ્રીના હસ્તે થયો છે, શુભારંભ પણ તેમના પ્રતિનિધિત્વમાં થયો છે. આશ્રમ પ્રતિ આપણું કર્તવ્ય છે. પછી ૯૪-૯૫ના વર્ષમાં સ્વામી ચિદાનંદજીનો બિકાનેર પ્રવાસ નક્કી કરવામાં આવ્યો. પહેલાં હૃષીકેશમાં તેમનાં દર્શન થતાં હતાં. શિવાનંદ ઝુલા છે ત્યાં એમનો પાયો છે. અમે ખૂબ નાના હતા ત્યારે હું કૈલાસ આશ્રમમાં હતો. જ્યારે સંત થવાની ઈચ્છા થઈ ત્યારે હું એ શિલા પર બેસી રહ્યો હતો. શિવાનંદ આશ્રમનાં આધ્યાત્મિક પ્રમાણ સિદ્ધ હતાં, તેના કારણે જ અમે અહીં સુધી પહોંચ્યા છીએ.

સ્વામી ચિદાનંદજીનો બિકાનેર પ્રવાસ હતો. તે વખતે ત્યાંના ટ્રસ્ટીગણોએ મારી અધ્યક્ષતામાં સત્સંગનો કાર્યક્રમ રાખ્યો હતો. મારા મગજમાં એક વાત હતી કે આ સંસ્થા અંગ્રેજી ભાષાનો વધારે પ્રયોગ કરે છે અને અમારો મંચ શુદ્ધ શાંકરી પરંપરાનો મંચ છે. મારા મનમાં શંકા હતી કે કાર્યક્રમ સારો જશે ? સ્વામીજી પધાર્યા-બિરાજ્યા. સ્વામીજી મહારાજે જ્યારે કીર્તન કર્યું તો મને વિશ્વાસ થઈ ગયો કે આ મહાપુરુષમાં સાધુતા છે. તેમને અંગ્રેજી ભાષા આવડે છે એવો પણ કોઈને ખ્યાલ ન આવવા દીધો. એમનામાં એકદમ સરળતાનાં દર્શન થતાં હતાં.

દ્વારિકાના શંકરાચાર્ય, જ્યોતિષ પીઠાધીશ મારા મિત્ર છે, શૃંગેરી પીઠાધીશ સાથે ભણ્યા છે, પુરી પીઠાધીશ સાથે સત્સંગ કર્યો છે. બધા મહાપુરુષો છે, પણ મેં મારા જીવનમાં સરળતાનો જે અનુભવ સ્વામી ચિદાનંદમાં કર્યો છે તે મારા જીવનમાં મહત્ત્વનો છે.

જન્મ પુણ્યથી સુધરે છે. તેમના જન્મથી જ દિવ્યતા અનુભવાય છે. દિવ્યતા પુણ્યથી આવે છે. એવા ઘરમાં જન્મ થાય, જેના સંસ્કાર સંત થવા પ્રેરણા આપે. અમે ભાગ્યશાળી છીએ, અમે શાંકરી પરંપરામાં છીએ. અમારી પરંપરા મૂળથી છે. બધા આદરણીય છે, પૂજનીય છે, સન્માનનીય છે, પરંતુ પોતાની પરંપરાનું સ્વાભિમાન જોઈએ. સ્વામી ચિદાનંદજીએ એવા ઘરમાં જન્મ લીધો, જેના સંસ્કારે તેમને સ્વામી શિવાનંદના ચરણોમાં લાવીને મૂકી દીધા અને ભ્રમરી-કીટ ન્યાયથી સ્વામી શિવાનંદ જેવા જ બનાવ્યા છે.

મહારાજશ્રીની નિશ્રામાં રહી અમે અનુભવ કર્યો છે - એમનો જન્મ દિવ્ય છે, કર્મ દિવ્ય છે, કર્મનું ફળ દિવ્ય છે. સ્વામીજી મહારાજનો બશીમાં યોગશિબિર હતો. ત્યાંથી તેઓ જયપુર આશ્રમ આવ્યા.

તે સમયે મારી ઈચ્છા જયપુરમાં આશ્રમ બનાવવાની હતી. ત્યારે સ્વામીજી મહારાજે મને કહ્યું, 'તમારા વિચારોમાં સમન્વયની ભાવના છે. આ શિવાનંદ આશ્રમ તમારો છે. મેં ત્યાં ચાતુર્માસ કર્યા. સત્સંગ-ભવનનું સમારકામ કર્યું, શિવલિંગની સ્થાપના કરી. અત્યારે ત્યાં કાલસર્પની વિધિ થાય છે.

સ્વામીજી મહારાજને હું બધે લઈ જતો. ખરેખર, મને આનંદ થતો હતો કે હું સંતની સેવા કરી રહ્યો હતો. તે અનુભવનો વિષય છે. સંતોનાં સાંનિધ્યમાં રહીને સરળતા અને સંતત્વનાં પ્રમાણો આપણને પ્રાપ્ત થઈ શકે. મહારાજશ્રી અમને પ્રસાદ આપતા. શિવાનંદ મહારાજે અધ્યાત્મના મિશન માટે જે ચયન કર્યું છે, તેઓ આર્ષદ્રષ્ટા હતા. તેમણે તેમના જેવા જ શિષ્યને પ્રાપ્ત કર્યો, જેમણે એમનું ગૌરવ વધાર્યું.

એક દિવસ સ્વામી ચિદાનંદજી સાથે અમે બેઠા હતા. મેં કહ્યું, 'સ્વામીજી એક વખત સમાધિનો અનુભવ કરવા શિબિરમાં જવું છે, તમારો શો વિચાર છે ?' સ્વામીજીએ કહ્યું, 'સમાધિ લગાવવાની વસ્તુ નથી. સમાધિ સમજવાની છે. મોક્ષ લેવાની વસ્તુ નથી. તમે તમારી વિસ્મૃતિમાં વિયોગનો અનુભવ કર્યો હોય પણ ત્યાં વિયોગ નથી.'

બિકાનેરમાં એક ભાઈએ સ્વામીજીને પૂછ્યું, 'કૃષ્ણનો મોક્ષ થયો કે નહીં ?' હું મહારાજ બાજુ જોતો હતો કે શું જવાબ આપશે. મહારાજે કહ્યું , 'હું તને જવાબ આપીશ - કૃષ્ણ દિવ્ય સ્વરૂપે ધરાતલ ઉપર આવે છે. કૃષ્ણનો મોક્ષ નથી, અર્જુનનો પણ મોક્ષ નથી, કારણ કે તેમને આવાગમન જ નથી.' સ્વામીજી કોઈ પણ પ્રશ્નના ઉત્તર સહજ ભાવથી આપતાં. એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો, 'જીવ-બ્રહ્મમાં ભેદ શું છે ?' સ્વામીજીએ કહ્યું, 'તું જીવ છે, હું બ્રહ્મ છું, લે પ્રસાદ, જા.'

અમે સ્વામીજી મહારાજની વૈખરી, મધ્યમા વાણીથી અનુભવ લીધો છે. અમે એમના આભારી છીએ. પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજીના આભારી છીએ. નારાયણસ્વરૂપ સ્વામીજીને ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

હરિ ૐ તત્સત્।


## "ચિદાનંદમ્"

શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના જન્મ શતાબ્દી પર્વે પ્રસિધ્ધ કરવામાં આવેલી સ્મારિકા 'ચિદાનંદમ્' (પાનાં - ૨૧૨) (મુદ્રણ ચાર રંગોમાં, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં, પૂજ્ય ગુરુદેવના અલભ્ય ફોટાઓ સાથે) ની રૂ. ૨૯૫/- પડતર કિંમત છે, જે આશ્રમના બુક સ્ટોલ ઉપર રૂ. ૧૦૦/- ના ન્યોચ્છાવરમાં જ આપવામાં આવે છે. જ્યારે બહારગામ પોસ્ટેજ / કુરિયરથી પેકીંગ ખર્ચ સાથે રૂ. ૨૦૦/- માં મોકલવામાં આવશે. આ અલભ્ય ગ્રંથ દૈનિક વાંચન, મનન અને નિદિધ્યાસન તથા શ્રી ગુરુદેવનાં મંગલ દર્શન હેતુ એક અણમોલ મૂડી છે. સત્વરે આશ્રમનો સમ્પર્ક કરી આપની પ્રત હસ્તગત કરી લેવા વિનંતી છે.

- શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ

(ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના જન્મ શતાબ્દી પર્વે
'ચિદાનંદમ્' યોગ-સત્સંગ ભવનના લોકાર્પણ સમારંભમાં
તા- ૨૪-૯-૨૦૧૬ના રોજ થયેલાં ઉદ્‌બોધનોનો સાર)

વક્તા : શ્રી સ્વામી પરમાત્માનંદજી મહારાજ, સંયોજક આચાર્ય સભા



ભગવદ્‌ગીતામાં પ્રચલિત શ્લોક છે, બધાં જાણીએ છીએ :

'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥'

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મો શિથિલ પડી જાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પ્રકટ થાઉં છું.

'પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્,
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥'

સજ્જનોની રક્ષા, દુર્જનોનો નાશ અને ધર્મની પ્રતિષ્ઠા વધારવા માટે હું પ્રત્યેક યુગમાં જન્મ લઉં છું.

(ભ.ગી. ૪ (૭,૮))

ભગવાનની ત્યારે આવશ્યકતા હોય છે જ્યારે હિરણ્યકશિપુ - હિરણ્યાક્ષ જેવા રાક્ષસો આવે છે. અધર્મ કળિયુગનું પ્રથમ ચરણ છે. એ સમયે ભગવાન પોતાની વિભૂતિનો અંશ, પોતાની શક્તિ કોઈ પણ સ્વરૂપે પ્રગટ કરે છે અને કામ કરે છે. આપણે તો કઠપૂતળીઓ છીએ, સૂત્રધાર તો એ જ છે. માટે જ જે પૂર્ણરૂપે ભગવાનને સમર્પિત છે, નિરભિમાની છે તેના રૂપમાં ભગવાન પ્રગટ થાય છે.

આજે ભગવાન ફરી વાર કોઈને ગીતા કહે, તો કહેશે -

'સંન્યાસીનામ શિવાનંદોહમ્ ।'

સ્વામી શિવાનંદજી એક જગ્યાએ બેસી મુમુક્ષુઓને ઉપદેશ આપતા હતા, ઋષિઓ પણ એ જ રીતે જ્ઞાન આપતા. ઈન્દ્ર, વિરોચન ભગવાન પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા જાય તો ભગવાન પણ તેમને કહે પહેલાં તપ કરો. જ્યારે શિવાનંદજી તો શિષ્ય શાંત ન થાય, આનંદમાં ના આવે ત્યાં સુધી તેની સેવા કરતા હતાં. એમના જ સંકલ્પનું મૂર્તસ્વરૂપ સ્વામી ચિદાનંદજી પ્રાપ્ત થયા. સંતપુરુષ શિષ્યને નામ આપે છે તો ઘણું જોઈને આપે છે. ચિદાનંદજીને તો બીજું કોઈ નામ આપી જ ન શકાય, કારણ કે -

C = Embodiment of compassion and care
H = Holiness
I = Intelligent
D = Dayaનું સ્વરૂપ
A = અમર
N = Never Say 'no'

આ પ્રકારના ગુણો જોઈને જ ગુરુએ તેમને ચિદાનંદ નામ આપ્યું.

ગંગોત્રીથી નીકળેલી ગંગા કેટલા લોકોની પ્યાસ બુઝાવે છે તેવી જ રીતે શિવાનંદ આશ્રમથી નીકળેલી ધારા અમદાવાદ શાખા સુધી આવી ગઈ. ૧૯૭૦માં આ સ્થાન કેવું હતું ? પણ તેમના સંકલ્પથી જ સ્થાન સુંદર બન્યું છે. ગુરુદેવના સંકલ્પથી શિવાનંદ ચિદાનંદ છે, ચિદાનંદ અધ્યાત્મ છે. જેમણે ધર્મની સ્થાપના, સંસ્કારની સ્થાપના માટે આટલા વિશાળ ભવનનું નિર્માણ કર્યું. અહીં નિરંતર અધ્યાત્મની ઊર્જા વધતી રહે, જીવંત રહે, આવી જ શક્તિથી સમાજનાં કાર્યો કરતા રહે તેવી પ્રાર્થના. હરિ ૐ તત્સત્.

**વક્તા : નિર્વાણપીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રી સ્વામી વિશોકાનંદજી મહારાજ.**




દિવ્ય વિભૂતિ સ્વામી શિવાનંદજીનાં પાવન ચરણોમાં શત શત પ્રણામ. જેઓ હંમેશાં પ્રેરણાસ્રોત રહ્યા છે. અમને પણ અભેદની ભાવનાથી કૃપાપ્રસાદ આપ્યો એવા સ્વામી ચિદાનંદજીને શત શત પ્રણામ.

નદીઓ સ્વયંના જળનું સ્વયં પાન નથી કરતી, વૃક્ષ સ્વયં પોતાનાં ફળ ખાતા નથી, વાદળ સંપૂર્ણ સંસારને અભિસંચિત કરે છે પણ સ્વયં જળનો ઉપયોગ નથી કરતાં. એવી જ રીતે સ્વામી શિવાનંદજી, સ્વામી ચિદાનંદજીના પરમકૃપાપાત્ર સ્વામી અધ્યાત્માનંદજી સમષ્ટિ માટે પ્રસાદ રૂપ છે.

માતા અનસૂયાના સંસર્ગમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ બાળક થયા. વાત્સલ્ય ક્ષણિક પ્રાપ્ત થયું. તેમણે અધિક સાંનિધ્યની ઈચ્છા વ્યક્ત કરી. માતાએ ત્રણેને સાથે અવતરિત થવા માટે કહ્યું. તેઓ દત્તાત્રેય રૂપમાં પ્રગટ થયા. સ્વામી શિવાનંદજી જેવા મહાપુરુષ ભગવાન શિવના રૂપમાં રહ્યા. સ્વામી ચિદાનંદજી એ ભગવાન વિષ્ણુ જેમ સંસારનું પાલન કરે છે, તેમ સંસ્થાનું પાલન કર્યું અને અમારા પરમસ્નેહી સ્વામી અધ્યાત્માનંદજી બ્રહ્માજીએ જેમ સૃષ્ટિનું સર્જન કર્યું તે રીતે અધ્યાત્મનું સર્જન કરી રહ્યા છે, તેનું આપણે દર્શન કરીએ છીએ. આ ભવનનો વિજયાદશમીના દિવસે શિલાન્યાસ થયો. સ્વામી શિવાનંદજી અને સ્વામી ચિદાનંદજીની શક્તિ અને સ્વયંની ગુરુભક્તિના કારણે સફળતા પ્રાપ્ત થઈ છે. આપણે શુભ આધ્યાત્મિક પ્રવૃત્તિ કરતા રહીએ અને એમની શાશ્વત કૃપામાં રહીએ, એ જ પ્રાર્થના.

**વક્તા : માનનીય શ્રદ્ધેય રાજ્યપાલ મહોદય શ્રી ઓમપ્રસાદ કોહલીજી**



આ કાર્યક્રમ શ્રી સ્વામી ચિદાનંદજીના જન્મ શતાબ્દી મહોત્સવના પૂર્ણાહુતિનો કાર્યક્રમ છે. સ્વામી ચિદાનંદજીના વ્યક્તિત્વ સંબંધમાં પૂર્વ વક્તાઓએ પોતાના ઉદ્ગાર પ્રગટ કર્યા. પૂજ્ય સ્વામી શિવાનંદજી અને સ્વામી ચિદાનંદજી દ્વારા દેશ-વિદેશમાં જે ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણનું સર્જન થયું છે તેનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમની નજીક રહીને એમની જ્ઞાન અને ભક્તિનાં જેમણે પ્રવચન સાંભળ્યાં છે તે અધિકારી જીવ છે. મેં સ્વામી શિવાનંદજીની કેટલીક રચનાઓ ચોક્કસ વાંચી છે પણ હું મને તેમના અને સ્વામી ચિદાનંદજી વિશે કહેવાનો અધિકારી નથી સમજતો. એ ઉચિત નહીં હોય.

એક પ્રશ્ન એ ઊઠે છે કે સ્વામી શિવાનંદ, સ્વામી ચિદાનંદ, સ્વામી અવધેશાનંદ, અન્ય સ્વામીગણ સમાજને શું આપે છે? તેઓ જરૂર સમાજને કંઈ આપે છે, જેથી સમાજમાં બદલાવ આવી રહ્યો છે, પરંતુ આવી કુલ મેળવીને કેટલી સંતશક્તિ હશે? તેમનો ઉદ્દેશ્ય શું છે?

'ચિદાનંદમ્' સ્મારિકાનું વિમોચન થયું. સ્વામી ચિદાનંદજીનો શુભેચ્છા સંદેશ વાંચ્યો. તેમાં શબ્દ છે – ભારતીય મનીષા. ભારતીય મનીષાને દેશ-વિદેશમાં ફેલાવી. આ અમારી સૌથી મોટી તાકાત છે, પુંજી છે. બે નાના શબ્દોમાં કહી દીધું 'ભારતીય મનીષા' આ એક મૂલ્યવાન સંપત્તિ છે, જે દેશ-વિદેશમાં ફેલાવવાનો સંતો પ્રયાસ કરે છે.

ભારતીય મનીષાને સરળ એક શબ્દમાં કહેવું હોય તો તે છે-ધર્મ. ભગવાન કૃષ્ણએ પણ ધર્મને પોતાના મિશનરૂપે બતાવ્યું છે.

'ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.' ચાહે હું કરું કે મારી વિભૂતિ કરે. સ્વામી વિવેકાનંદજી આ જ સંદેશ લઈ વિદેશ ગયા હતા. ધર્મ એ તત્ત્વ છે, જે

ભારતની ઓળખાણ છે. એને દેશ-વિદેશમાં ફેલાવવા માટે જે સંતશક્તિ કામ કરી રહી છે, એમના અમે આભારી છીએ.

યોગી અરવિંદ કોઈ મુકદ્દમામાં ફસાઈ ગયા હતાં. જો દૈવીકૃપા ના વરસે તો ફાંસી નક્કી હતી. દૈવીકૃપા થઇ અને તેઓ છૂટી ગયા. એમનું સ્વાગત કરવામાં આવ્યું. એમણે કહ્યું, 'ભારતની એક શક્તિ છે- સનાતન ધર્મ. જે ભારતની પહેચાન છે. એ જ આપણી સંસ્કૃતિ છે, રાષ્ટ્રીયતા છે. સનાતન ધર્મની વ્યાખ્યા શું છે?' એમણે બે વાત કહી, 'એની બે વિશેષતા છે:

૧. યુનિવર્સલ ધર્મ છે. સાર્વભૌમ, વિશ્વધર્મ છે. કોઈ એક ભૂખંડ, માનવસમુદાય, સમાજ માટે નહીં, વિશ્વ ધર્મ, માનવધર્મ છે.

૨. એ શાશ્વત છે. ચિરંતન છે, ઈતિહાસના ઉતાર ચઢાવમાં પણ તે ટકી રહ્યો છે. આગળ આવનારાં તોફાનોમાં પણ ટકી રહેશે. ઈતિહાસના ઝંઝાવાતમાં પણ તે નષ્ટ નહીં થાય.'

એક કવિએ સુંદર કહ્યું છે -

'કુછ બાત તો હૈ, હસ્તી મિટતી નહીં હમારી.' ભારત એટલે સનાતન ધર્મ. ભારતમાં કેટલાં આક્રમણો થયાં ! આટલા આક્રમણોમાં તો કોઈની પણ ઓળખ નાશ પામી જાય, છતાં સનાતન ધર્મના કારણે ભારતની ઓળખ બની રહી, એ એની તાકાત છે. આપણા માટે કોઈ પારકું નથી. આપણી સમજ છે કે એક જ પરમ તત્ત્વ છે, જે બધાંમાં વ્યાપ્ત છે, બધાંમાં વ્યાપ્ત છે તો કોણ પારકું છે?

હમ કેવલ એક હમ હી હૈ।
તુમ સબ મેરે અવયવ હો।
ઈસમેં ન કોઈ કમી હૈ।

આમાં એકત્વનો ભાવ છે. આપણે પરમ તત્ત્વની અભિવ્યક્તિ છીએ. આપણે બધા એક છીએ, આ જ ભારતીય ચિંતનનું મહત્ત્વપૂર્ણ પાસું છે. આજના સમયમાં આ બહુ જ પ્રાસંગિક છે. હિંસા,આતંક વધી રહ્યા છે ત્યારે એકત્વ ભારતીય મનીષાનું તત્ત્વ છે. અને આ જ વાત સ્વામી શિવાનંદજી અને સ્વામી ચિદાનંદજી જેવા ગુરુઓ એક સામાન્ય વ્યક્તિની ભાષામાં દિવસ-રાત સમજાવવાનો પ્રયત્ન કરે છે. ભારત દુનિયાને શું આપી શકે છે ? સ્વામી વિવેકાનંદજી પશ્ચિમના દેશોમાં ગયા તો શું લઈને ગયા હતા ? પશ્ચિમના દેશો પાસે વિજ્ઞાન - ટેકનોલોજીની ક્રાંતિના કારણે ભૌતિક ઉત્પાદનની તાકાત વધી ગઈ છે. એ લોકો તો અમીર છે. પણ આપણે એમનાથી વધારે અમીર છીએ - ધર્મના માધ્યમથી. એ આપણે પશ્ચિમના દેશોને આપી શકીએ. ધર્મ થોડો વિચિત્ર શબ્દ છે. ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે ધર્મની સંસ્થાપના માટે હું જન્મ લઉં છું. પણ ધર્મ કયો ? આજે તો પંથો સાથે ધર્મને વહેંચી નાંખવામાં આવ્યો છે.

મનુષ્યમાં બે પ્રકારની વૃત્તિ હોય છે - સ્વાર્થ અને પરમાર્થ. હું મારા માટે જ વિચારું, મારી જ ચિંતા કરું એનો અર્થ એ થયો કે હું મારી જાતને તમારાથી અલગ સમજું છું. ધર્મમાં એ શક્તિ છે જે કહે છે સ્વાર્થવૃત્તિમાંથી બહાર નીકળો. પરમાર્થી બનો. અન્ય માટે જીવો. જ્યારે આપણે બીજાને અલગ નથી સમજતા ત્યારે - 'જિધર દેખતા હૂં ઉધર તૂ હી તૂ હૈ' આવી પરમાર્થની ભાવના જાગ્રત થાય છે.

પરમાર્થનું જીવન કેવું હોય છે?

- તરુવર (વૃક્ષ) - એનું અસ્તિત્વ બીજા માટે હોય છે.

- સરોવર (નદી, જળાશય) - બીજાને પાણી આપે છે.

- સંતજન - એમનું જીવન પોતાના માટે હોતું જ નથી. લોકકલ્યાણ માટે જ હોય છે.

-મેહ (વરસાદ) - વાદળ વરસે છે.

'તરુવર સરવર સંતજન ચોથે બરસે મેહ
પરમાર્થકે કારણ ચારોં ધારે દેહ.'

પરમાર્થ જ ધર્મ છે. એની અલગ પરિભાષા ના હોઈ શકે. તુલસીદાસજી સામાન્ય વ્યક્તિની ભાષા બોલતા હતા, એમાં એમણે ધર્મ - અધર્મની વ્યાખ્યા આપી છે -

'પરહિત કે સમાન ધર્મ નહીં
પરપીડાકે સમાન અધર્મ નહીં.'

નરસિંહ મહેતાએ ધર્મ એટલે પરમાર્થ એટલે તેને અન્યની પીડા સાથે જોડ્યો છે અને ભજન લખ્યું છે જે ગાંધીજીને ખૂબ પ્રિય હતું -

'વૈષ્ણવજન તો તેને રે કહીએ
જે પીડપરાઈ જાણે રે.'

પરહિત, પરોપકાર, પરમાર્થનું નામ ધર્મ છે. ધર્મ નો સરળ અર્થ છે - સેવા. સેવા જ ધર્મ છે. સેવા જ પરમાર્થ છે, સેવા દ્વારા આપણે ધર્મનું આચરણ કરી શકીએ છીએ. ધર્મ શબ્દ સાંભળી ગૂઢ દાર્શનિક શબ્દોમાં ગૂંચવાઈ જવાની જરૂર નથી. સ્વામી શિવાનંદજી , સ્વામી ચિદાનંદજીએ આપણા જીવનને ધર્મમય બનાવવાનો પ્રયાસ કર્યો. સ્વામી અધ્યાત્માનંદજીના નેતૃત્વમાં અનેક પ્રકારની સેવામાં સંસ્થા કાર્યનિરત છે, સેવાનો કોઈ પણ રસ્તો પસંદ કરી લો. તેનું પાલન કરતાં ધાર્મિક જીવન વ્યતિત કરી શકાય છે.

આ જન્મ શતાબ્દી કાર્યક્રમમાં આપણે મનમાં સંકલ્પ કરીએ -

આપણે સેવા અને પરમાર્થના કાર્યમાં જોડાયેલાં રહીશું. ભારતીય મનીષા ને દુનિયામાં ફેલાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહયોગ આપીશું.

તો જ આપણે બદલાવ મહેસૂસ કરી શકીશું અને જગતમાં શાંતિ પ્રદાન થશે.

## વક્તા : જૂનાપીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રી સ્વામી અવધેશાનંદજી મહારાજ



કલ્યાણી, ધર્મધરા, ગુર્જરધરાની આ ઐતિહાસિક, પૌરાણિક, આધ્યાત્મિક કર્ણાવતી નગરી, પવિત્ર સાબરમતીનદી અને આ આધ્યાત્મિક અનુષ્ઠાન બ્રહ્મલીન પૂજ્ય શિવાનંદ સ્વામીની પરંપરાના પોષક, સંવાહક, બ્રહ્મલીન પૂજ્ય ચિદાનંદજીની પુણ્યસ્મૃતિમાં નિર્મિત આ નૂતન ભવન આધ્યાત્મિક સારસ્વત પરિસરના અવસર પર સ્વામી શિવાનંદજી, સ્વામી ચિદાનંદજી અને આધ્યાત્મિક પરંપરાના ઉત્તરાધિકાર પ્રાપ્ત છે એવા આદરણીય સ્વામી અધ્યાત્માનંદજીને પ્રણામ કરું છું.

અત્યારના સમયમાં વૈદિક પરંપરાની ચર્ચા થઈ શકે એવો મંચ મળવો દુર્લભ છે. પરંતુ ભગવાનની દયાથી જોવા મળે છે કે દરેક ક્ષણમાં ભગવાન પ્રગટ થવાની સંભાવના રહેલી છે. દરેક કાળમાં સિદ્ધાંત અને આદર્શના રૂપમાં એમનું આગમન થાય છે અને તેમનું સ્વરૂપ પરમાર્થ છે. સાધુ પણ પરમાર્થી છે. આ ધરા પર સાધુની ઉપસ્થિતિ ઈશ્વરનો સંકલ્પ છે. ઈશ્વરની રચના છે.

'એકોહમ્ બહુસ્યામ'. એ સ્વયં ઉતરીને આવે છે. નર રૂપે હરિ આવી પાપહરણ અને શોકહરણ કરી લે છે. સ્વામી ચિદાનંદજીની ભક્તિ નિરંતર વિનય, જ્ઞાન, વૈરાગ્યથી પોષિત હતી. તેઓ દશનામ પ્રસ્થાનત્રયીના આગ્રહી નહોતા. એમને ત્યાં અખંડ હરિનામ સંકીર્તન થતું હતું. નિત્યોપાસના, નિત્ય અભિષેક થતો હતો. તેઓ બધી પરંપરા અને સિદ્ધાંતોનો આદર કરતા હતા.

ભારતની મૃત્યુંજયી સનાતન પરંપરા છે. પરહિત કરો. ક્યારેય એવું કશું ના કરો, જે પોતાના માટે કોઈ કરે તો ના ગમે. અન્યના અધિકારની ચોરી ના કરો. કોઈના મનને પીડા ના પહોંચાડો. બીજાનાં આનંદમાં આનંદિત થાવ, તેમનું સન્માન કરો. આપણા કારણે અન્યનું મન દુઃખી થાય તેવું ના કરો. એકસાથે હળીમળીને ચાલીએ.

ગણેશજીને વિચાર આવ્યો કે મારી એવી અભિપ્સા શા માટે રહેવી જોઈએ કે હું પૂજ્ય બની જાઉં? માટે તેઓ મૂષક પર બેઠા. સાવ નાનો જીવ અને એની ઉપર પોતાનો ભાર ન પડે એ માટે વજન હલકું કરી નાંખ્યું. તેમના આ વર્તનથી ગણેશ પૂજ્ય બની ગયા.

'પાપાય પરપીડનમ્' જેવી અધમતા કોઈ

નથી. તુલસીદાસે ધર્મને પરિભાષિત કરતી ચોપાઇ લખી છે. જેમાં લખ્યું છે : પરહિત એટલે તમને જે સારું નથી લાગતું એવી ચેષ્ટા અન્ય સાથે નહીં કરવી. હિંસાનું મૂળ કારણ સ્વાર્થ છે. ભગવાન દેવતાઓને મદદ કરવા માટે વામન, કૂર્મ, મત્સ્ય બની ગયા કારણકે પરમાત્માની ઇચ્છા ધર્મની રક્ષા કરવાની હતી. રાક્ષસો સ્વાર્થી હતા. તમારી પાસે સંપત્તિ છે, તો તે વહેંચવા માટે છે. કંઇક ગ્રહણ કરવું હોય તો વહેંચવું આવશ્યક છે.

પ્રકૃતિ વહેંચવાની વાત કરે છે. વસ્તુને પ્રભુનો પ્રસાદ માની લો. શાસ્ત્રકારની એવી દૃષ્ટિ રહી છે કે પ્રસાદ માની લેવાથી જીવનમાં અભાવ નહીં રહે. સરળ શબ્દ છે - સેવા. સેવા કરો.

આપણા પુરાણો શિવ-પાર્વતીના સંવાદ રૂપે છે. પાર્વતી પ્રશ્ન કરે છે, શિવજી જવાબ આપે છે, જેના કારણે પુરાણો અસ્તિત્વમાં આવ્યા.

'સબકુછ ચિર ફાડકે દેખા
મેંડક ઔર મનુષ્ય કે બીચ અંતર ક્યા હૈ?
અંતર ઐસા દેખા
મેંડક અપને મનોરંજન કે લિયે
આદમીકો પરેશાન નહીં કરતા.'

સ્વાર્થમાં હું વસુધાના ઉપહારનો ભોક્તા બની જાઉં, લડતા રહીએ, અહંકારીઓને જીતી હું સુખ પ્રાપ્ત કરું, એવા વિચારો હોય છે. એમાં પોતાના હિતનું જ ચિંતન હોય છે. પરંતુ, હકીકત તો એ છે કે જ્યારે અન્ય દુઃખી છે ત્યારે તમે સુખી ના થઇ શકો. કારણ કે સંતુલન નથી. તમે શાંત નહીં રહી શકો. માટે આપણે પ્રાર્થના કરીએ છીએ અને શાંતિના વિચારો આ રીતે પ્રસારીએ છીએ :

ॐ द्यौ : शान्ति : । अन्तरिक्षं शान्ति : ।
पृथिवी शान्ति : । आप : शान्ति : । औषद्यय :
शान्ति : । वनस्पतय : शान्ति : । विश्वेदेवा
शान्ति : । ब्रह्म शान्ति : । सर्वं शान्ति : ।
शान्तिरेव शान्ति : । सा मा शान्तिरेधि

વળી કહીએ છીએ:

सर्वेषां स्वस्ति भवतु । सर्वेषां शान्तिर्भवतु । सर्वेषां पूर्णं भवतु । सर्वेषां मंगलं भवतु । सर्वे भवन्तु सुखिन : ।
सर्वे सन्तु निरामया : । सर्वे भद्राणि पश्यन्तु ।
मा कश्चिद् दुःखभाग्भवेत् ।

- લોકા : સમસ્તા : સુખિનો ભવન્તુ
- સર્વભૂત હિતે રતાઃ
- ગીતામાં ચિંતન છે - સર્વમાં હું છું.
- ઈશાવાસ્ય મિદં સર્વં

આ ધરતી પર આતંકવાદ કરતાં ય વિશેષ ભોગવાદ છે. માટે

- તેન ત્યક્તેન ભુંજિથાઃ

કઇ સંસ્કૃતિ ત્યાગની વાત કરે છે? આપણો સંયમ ગયો. ધરામાં વિષ નાંખીએ છીએ, આ ભોગવાદ છે. ત્યાગપૂર્વક ભોગવો. બે શબ્દ છે-ઉપયોગ અને ઉપભોગ. આજે તો જાહેરાત જોઇએ છીએ-જાગો ગ્રાહક જાગો. અમે તો સાંભળ્યું છે કે જાગો ! સાધક જાગો ! જળ-વાયુમાં વિકૃતિ આવી છે. આ સઘળું ભોગનાં કારણે છે. આપણી સંસ્કૃતિ વિશ્વકલ્યાણની પ્રાર્થના કરે છે.

- સર્વે ભવન્તુ સુખિનઃ।

આ ધરતી પર અનાચાર, પાપાચાર વધી જાય, અસુર પેદા થઇ જાય તો તેમના અભિમાનનો નાશ કરવા માટે પરમાત્મા સ્વયં આવે છે. ધર્મ અલૌકિક વસ્તુ છે. તે સૂત્રોચ્ચાર કરવાથી નહીં, આચરણથી આવે. આજના સમયમાં એક ચીજની કમી દેખાય છે. - સંવર્ધન. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી સંવર્ધન, સમન્વય, સંયોજન અને સંચાલક સ્વરૂપ છે માટે જ આ આશ્રમને ગૌરવ પ્રાપ્ત થયું છે. ગરિમા મળી છે.

આપણા પ્રથમ પુરુષ માનનીય રાજ્યપાલ શ્રી કોહલીજી દાર્શનિક છે એ ખૂબ ગૌરવની વાત છે. આ જ પ્રદેશે આપણને રાષ્ટ્રપિતા આપ્યા, વડાપ્રધાન આપ્યા. મને પણ આ ધરા પ્રત્યે ખૂબ આકર્ષણ છે.

# વૃત્તાંત

• ૫-૯-૨૦૧૬ : શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી સમાપન પર્વના ભવ્ય આયોજનનો પ્રારંભ પાંચમી સપ્ટેમ્બર શ્રીગણેશ ચતુર્થીના પાવન દિવસથી થયો. જન્મ શતાબ્દી પ્રસંગે નવનિર્મિત ''ચિદાનંદમ્'' ભવનમાં સવારે ગણપતિ હોમ, નવગ્રહ આહ્‌વાહન, હિમાદ્રી પૂજન તથા વાસ્તુપૂજન પછી શ્રી ગુરુપાદુકાપૂજન પણ કરવામાં આવ્યું.

• ૫-૯-૨૦૧૬ થી ૧૬-૯-૨૦૧૬ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાના નવમા અધ્યાય રાજવિદ્યા રાજગુહ્યયોગનાં પ્રવચનો તા. ૫-૯-૨૦૧૬ થી ૧૬-૯-૨૦૧૬ સુધી દરરોજ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી કર્યાં. પૂજ્ય ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજને આ નવમો અધ્યાય અતિ પ્રિય હતો, પ્રવચનોનો સાર એમ હતો કે ''અહીં ભગવાન વચન આપે છે કે જે લોકો કંઈ પણ કાર્ય કરે, ખાય-પીએ, હરે-ફરે, કંઈ વિચાર કરે, કંઈ બોલે તે બધું મને સમર્પણભાવે કરો અને એટલું જ માત્ર નહીં પણ પત્ર, પુષ્પ, ફળ, પાણી કંઈ પણ આપો તો તે બધાનો હું પ્રેમથી સ્વીકાર કરું છું. વળી, મને જે અનન્ય ભાવે ભજે છે અને સતત મારી સાથે જોડાયેલા રહે છે, તેના યોગક્ષેમનું હું વહન કરું છું.''

• તા. ૧૭-૯-૨૦૧૬ : આજ રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે મેનેજમેન્ટ સપ્તાહમાં પૂજ્ય સ્વામીજીએ સંબંધ યોગ- જીવનના આનંદ માટે (Nurture relationship for joyful living) વિષય પર ખૂબ જ પ્રેરક પ્રવચન કર્યું.

• શિવાનંદ આશ્રમમાં સાંજે શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે 'ચિદાનંદમ્' ખાતે રાજકોટના શ્રી ગોપાલરામ શર્માજી તથા તેમના ભક્ત મંડળ દ્વારા સંગીતમય શાસ્ત્રીય રાગ-રાગિણીથી સભર સુંદરકાંડ પારાયણ થયું.

• તા.૧૮-૯-૨૦૧૬ : ગુજરાત રાજ્યના સન્માનનીય નિવૃત્ત મુખ્ય સચિવશ્રી પ્રવીણકુમાર લહેરી (IAS) સાહેબનો આજનો વિષય હતો 'આપણે આપણો ધર્મ સંભાળીએ'. તેમણે તેમના ઉદ્‌બોધનમાં કેન્દ્રવર્તી વિચાર એ કહ્યોકે 'આપણે આપણી જાતને વફાદાર રહીએ' તેમણે કહ્યું; 'આપણે બાહ્ય જગતના સંબંધો સાચવીએ છીએ પરંતુ જગતની ભીડ-ભાડ વચ્ચે આપણા આત્માને ભૂલી જઈએ છીએ.'

ગુજરાત રાજ્યની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના નિવૃત્ત સચિવ શ્રી ભાગ્યેશ જહા (IAS) નો વિષય હતો -'જાગો! આતમને અજવાળો'. આ સંબંધે તેમણે કહ્યું કે, ''જાગવું એટલે નિદ્રા ત્યજવી, આંખો ખોલવી, હાથ-પગને અકડ કરવા તે જ માત્ર નથી. જાગવાનો અર્થ પ્રકૃતિની સાથે જાગીએ, સૂર્યનાં પ્રથમ કિરણોની, ખુલ્લાં નીલાં આકાશની, કલરવ કરતાં પક્ષીઓની, કોયલના ટહુકારની કે મયૂરના નર્તન સાથે જાગીએ, પ્રાકૃત રહીએ પ્રકૃતિને ચાહતાં શીખીએ, બાહ્ય દંભી અને આડંબરથી મુક્ત રહીએ. આપણાં જીવનની પારદર્શકતાની સાથે જાગીએ; ત્યારે જ આપણે અજ્ઞાન અંધકારમાંથી જ્ઞાન પ્રકાશ વચ્ચે જાગીને સાચી માનવતા અને દિવ્યતાનું જીવન જીવી શકીએ.''

અમદાવાદના ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપના દૈનિક નવગુજરાત સમયના સંપાદક શ્રી અજય ઉમટ સાહેબે 'વ્યક્તિ, સમાજ અને દેશ - એક સૂત્રાત્મકતા' પર બોલતાં કહ્યું; 'તમે એકલા નથી, તમે તમારા પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું એક અવિભાજ્ય અંગ છો, જો આ સત્ય સમજાય અને તે પ્રમાણે જીવન જીવી શકાય તો એકસૂત્રતા સાધવાનું દુષ્કર નથી'

• તા. ૧૯-૮-૨૦૧૬ : મોગરી-આણંદ સ્થિત અનુપમ

મિશનના પૂજ્ય સંત ભગવંત સાહેબદાદા અને તેમના સંતો તથા ભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અવિસ્મરણીય સામૈયું થયું. આ પ્રસંગે સુશ્રી દીપ્તિ દેસાઈના મધુર કંઠે ગવાયેલાં ભક્તિપદ સદૈવ હૃદયસ્થ રહેશે. પૂજ્ય સાહેબદાદાએ કહ્યું; 'પરસ્પર પ્રેમ રાખવો. પરસ્પર સન્માનની ભાવના રાખવી. ગુરુ પ્રત્યે સંપૂર્ણ સમર્પણ અને આજ્ઞાંકિતતાથી જ ગુરુકૃપાની પ્રાપ્તિ થાય છે.'

- તા. ૨૦-૯-૨૦૧૬ : 'મેલોડીઝ ઓફ મુકેશ' શ્રી નીતિન મુકેશના કંઠે મુકેશનાં ગીતોનો કાર્યક્રમ ૫૦૦૦ થી વધુ સંગીતપ્રેમીઓએ રાત્રે ૮.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી માણ્યો. સ્વ. મુકેશ પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજીના અનન્ય ભક્ત હતા. આ ભક્તિભાવના ચિ. નીતિન મુકેશ અને તેના સુપુત્ર નીલ નીતિન મુકેશે પણ શિવાનંદ આશ્રમ અને શ્રી ગુરુદેવ પ્રત્યે જાળવી રાખી છે. આ કાર્યક્રમ ગુજરાત સંગીત અકાદમીના સૌજન્યથી આયોજાયો.
- તા. ૨૧-૯-૨૦૧૬ : વિશ્વવિખ્યાત ગુજરાતી વક્તા પ્રા. જય વસાવડા અને શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર, જામનગરના પૂજ્ય આચાર્ય શ્રીકૃષ્ણમણિ મહારાજનાં પ્રવચનો આજે આયોજાયાં. બંને વક્તાઓએ શ્રોતાઓને આંતરનાદની ઓળખ આપી. મહાભારતમાંથી શ્રીકૃષ્ણનાં વિવિધ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં.
- તા. ૨૨-૯-૨૦૧૬ : આજે ગુરુવાર હોઈ 'ચિદાનંદમ્' ખાતે વિશેષ ગુરુપાદુકા પૂજન થયું.

સાયં સત્સંગમાં તીથલ-વલસાડના શાંતિ ધામના સુપ્રસિદ્ધ બંધુ ત્રિપુટીમાંના એક પૂજ્ય શ્રી જિનચંદ્રજી મહારાજ સાહેબ અને જામનગરના આણદાબાવા આશ્રમના મહંત પૂજ્ય શ્રી દેવપ્રસાદ બાપુએ ક્ષમાપના અને વેદાંત વિચારની વાતો કરી. તેમણે કહ્યું, ''જે પળે તમે અનુભવો કે આ વિશ્વ-જગત એક સપનું છે તે જ ક્ષણે તમે આ મારું તારું ઊંચ-નીચનો ભેદ ભૂલી જશો, પછી રાગ-દ્વેષને સ્થાન નહીં રહે. ત્યારે જ આ બધું હું જ છું આમ સમજાય ત્યારે સત્વરે જીવનમાં ક્ષમાપના સાર્થક થશે અને દૈનિક જીવનમાં આજે આ જ વેદાંત વિચારની આવશ્યકતા છે.''

- તા. ૨૩-૯-૨૦૧૬ : આજે મધ્યાહ્ને સાધુભોજનું આયોજન થયું. સમગ્ર ગુજરાતના ચારેય ખૂણેથી પધારેલા સંતો, સંન્યાસી તથા વૈરાગીઓનું પ્રેમથી ભોજન, દક્ષિણા ઈત્યાદિથી આતિથ્ય કરવામાં આવ્યું.

સાંજની સભામાં તત્ત્વતીર્થના આચાર્ય પૂજ્ય શ્રી સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ તથા નિર્વાણ પીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજનાં પ્રેરક ઉદ્‌બોધનો થયાં. તેમણે 'ગુરુ-શિષ્ય સંબંધ યોગ' વિષય પર પ્રકાશ પાડ્યો. શ્રી ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ અને તેમના સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના પવિત્ર સંબંધોની અલભ્ય વાતોથી સૌ ભક્તોને ભક્તિસભર કર્યા.

- તા. ૨૪-૯-૨૦૧૬ : આજનો દિવસ શિવાનંદ આશ્રમ, અમદાવાદના ઈતિહાસમાં ચિરસ્મરણીય દિવસ રહેશે. આજે ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો ૧૦૧મો પ્રાગટ્ય દિવસ સવારે ભવ્ય પાદુકાપૂજન પશ્ચાત્ ગુરુદેવના અનન્ય સેવક શ્રી સ્વામી રામસ્વરૂપાનંદજી મહારાજ (ઉત્તર કાશી) તથા શ્રી સ્વામી બ્રહ્મનિષ્ઠાનંદજી મહારાજ (દિલ્હીથી ) દ્વારા પૂજ્ય ગુરુદેવનાં પવિત્ર સંસ્મરણોને સૌએ પ્રીતસભર માણ્યાં. આ પ્રસંગે પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ અને લખનૌ સિવિલ હોસ્પિટલના ચીફ મેડિકલ ઓફિસર ડો. અનિલ શ્રીવાસ્તવજી M. D. Cardiologist એ પણ પોતાનાં સંસ્મરણોને વાગોળ્યાં.

સાંજે ૫.૦૦ થી ૬.૧૫ સુધી વડોદરાના સુપ્રસિદ્ધ ગાયકવાડ બ્રધર્સ દ્વારા શહનાઈ અને જલતરંગ વાદન થયું. ૬.૦૦ વાગ્યે બંને પીઠાધીશ્વરો અને માનનીય ગુજરાતના રાજ્યપાલ સાહેબ દ્વારા 'ચિદાનંદમ્'નું ભવ્ય લોકાર્પણ થયું. ત્યારબાદ પ્રથમ

માળે આવેલ સત્સંગ કક્ષનું શ્રી હસમુખરાય પ્રાણશંકર ઓઝા સ્મૃતિખંડ નામાભિધાન કરતી તકતીનું અનાવરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવેલ.

સત્સંગ દરમ્યાન શ્રી અરુણ ઓઝા (પ્રન્યાસી શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ) દ્વારા આશ્રમ અને શતાબ્દી વર્ષના કાર્યકલાપોનો વિસ્તારથી ચિતાર આપવામાં આવ્યો. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ કહ્યું, ''ગુરુ હમારે તન મન ધન હૈ, ગુરુ હમારે પ્રાણ, સારે વિશ્વકા વહી દાતા નારાયણ ભગવાન'' આચાર્ય સભાના સંયોજક શ્રીમત્ સ્વામી પરમાત્માનંદજી મહારાજ મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ આદરણીય રાજ્યપાલ મહોદયશ્રી અને મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી અવધેશાનંદજી મહારાજે અત્યંત અર્થગંભીર પ્રાસંગિક પ્રવચનો કર્યાં (આ અંકમાં જ આ પ્રવચનો વાંચી શકાશે.)

'ચિદાનંદમ્'ના નિર્માણ હેતુ બજાવવામાં આવેલી સેવાઓ બદલ શ્રી ગૌતમભાઈ ઓઝા, શ્રીમતી કવિતાબેન શાહ, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી શ્વેતાંગ પટેલ તેમજ મારુતિ કન્સ્ટ્રક્શનના શ્રી નટુભાઈ ચૌધરીનું સન્માન કરવામાં આવ્યું. તેમજ 'ચિદાનંદમ્' વિશેષાંકના મુદ્રણ બદલ શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનું સન્માન કરવામાં આવેલ.

આભાર પ્રદર્શન અને વિશ્વ પ્રાર્થના બાદ સૌ ભોજન-પ્રસાદ લઈ વિદાય થયાં.

- **તા. ૨૫-૯-૨૦૧૬ :** શ્રી ચિદાનંદ શતાબ્દી સમારોહનું સમગ્ર સમાપન આજે માધુર્યસભર વાતાવરણમાં સમ્પન્ન થયું. અમદાવાદની સુપ્રસિદ્ધ નૃત્ય ભારતી અને રાજકોટની દિવ્ય સંસ્થા પરમ કથ્થક કેન્દ્રના કલાકારો દ્વારા ભરતનાટ્યમ્ તથા કથ્થક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યાં. તત્કાલીન સભામાં ઉપસ્થિત વાઘબકરીના CEO આદરણીય શ્રી પીયૂષભાઈ દેસાઈએ બંને સંસ્થાઓને અઢી અઢી લાખ રૂપિયા ભેટ આપવાની જાહેરાત કરી. સમગ્ર કાર્યક્રમ વિશ્વ પ્રાર્થના અને મહાપ્રસાદ સાથે સમ્પન્ન થયો.

## શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતે આગામી કાર્યક્રમો

(૧) તા. ૨૮-૧૦-૨૦૧૬ શુક્રવાર, ધનતેરસ નિમિત્તે સાંજે ૭.૩૦ થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી સામુહિક ધન-પૂજા (ભાગ લેનારા ભક્તોએ આગળથી નામ નોંધાવવું જરૂરી)


(૨) તા. ૩૦-૧૦-૨૦૧૬ રવિવારના રોજ શ્રી શ્રી અષ્ટલક્ષ્મી-આદિ શક્તિપીઠ ખાતે ભવ્ય અન્નકૂટ દર્શન, સમય સાંજે ૪-૦૦ થી રાત્રે ૮-૦૦ વાગ્યા સુધી. આરતી રાત્રે ૮-૦૦ વાગ્યે. અન્નકૂટ માટે ભક્તો તરફથી નૈવેદ્ય આવકાર્ય છે તે માટે શ્રી અષ્ટલક્ષ્મી ભવનના પૂજારીજીનો સંપર્ક સાધવો.

(૩) તા. ૩૧-૧૦-૨૦૧૬ નૂતનવર્ષાભિનંદન-દર્શન સવારે ૬-૦૦થી રાત્રે ૮-૦૦ વાગ્યા સુધી

(૪) તા. ૨૮-૧૧-૨૦૧૬ સોમવારથી તા. ૭-૧૨-૨૦૧૬ બુધવાર સુધી ૭૮૬મો યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન શિબિર (ભાગ લેનારા મુમુક્ષુઓએ આગળથી નામ નોંધાવવું જરૂરી છે.)

૫) તા. ૧૧-૧૨-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ - ૩૮મો આવાસીય યોગશિક્ષક તાલિમ શિબિર

(૬) તા. ૧૩-૧૨-૨૦૧૬ શ્રી દત્ત જયંતિ - પૂજા હવન સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ કલાકે


Beats of trust
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
BIS Hallmarked Jewellery
અમદાવાદ
સી.જી. રોડ
"નેશનલ પ્લાઝા",
લાલ બંગલાની સામે,
સી.જી રોડ, અમદાવાદ - 6
સેટેલાઇટ
"વીનસ એમેડીયસ",
જોધપુર ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડ સામે,
સેટેલાઇટ, અમદાવાદ - 15
SUNDAY CLOSED

ISO 22000
ફૂડ સેફ્ટી
પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity




શ્રી અદ્વૈત આશ્રમ, શંકરમઠ (કોળુત્તુર-કેરાલા)ના રજતજયંતી મહોત્સવ પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું પરંપરાગત સન્માન (જમણી તરફ ૧૦૨ વર્ષના કથકલી નૃત્યાચાર્યશ્રી કેંજરીન નાચ્ચર એક આનંદ મુદ્રામાં) (૧-૧૦-૨૦૧૬)




કેન્દ્રીય વાહનવ્યવહાર મંત્રીશ્રી દ્વારા શ્રી અદ્વૈત આશ્રમ, શંકરમઠ (કોળુત્તુર)ના રજતજયંતી વર્ષનું દીપ પ્રજ્વલન દ્વારા ઉદ્‌ઘાટન (૧-૧૦-૨૦૧૬)



'ચિદાનંદમ્'ના વિશ્વકર્મા-આર્કિટેક્ટ આદરણીય શ્રી ગૌતમ ઓઝાનું શ્રદ્ધેય રાજ્યપાલશ્રી દ્વારા સન્માન (૨૪-૯-૨૦૧૬)




શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી ઉત્સવમાં શ્રી નીતિન મુકેશ ('મેલોડીઝ ઓફ મુકેશ')ના કાર્યક્રમના પ્રમુખ અને સહઆયોજક ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ ગઢવી (૨૦-૯-૨૦૧૬)



શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી પર્વે પૂજ્ય શ્રી સ્વામી અસંગાનંદજી મહારાજ તથા પૂજ્ય સ્વામીજી પ્રસન્ન મુદ્રામાં (૧૫-૯-૨૦૧૬)

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI



શ્રાવણી અમાવાસ્યા નિમિત્તે શ્રી શિવાનંદ આશ્રમમાં હવન-વસુધારા (૧-૯-૨૦૧૬)



# 'Nurture relationship with self'

TIMES NEWS NETWORK

**Ahmedabad**: "You must nurture relationships within your own self through self-discipline even if you are good at doing it with the world at large," said Swami Adhyatmananda, yogacharya from the Sivananada Ashram.

In the second of the nine-lecture series at AMA, "Nurturing Relationships for Joy of Living," swamiji said when the desire to cultivate springs from within, the first step to nurture relationship has begun. Sermonizing to the outside world without self-discipline turns relationships sour and the mind wavers; thoughts then come and go. In the journey of nurturing relationship controlling one's ego is a must, he said.

24th AMA WEEK

Swami Adhyatmananda

Relationships, unless nurtured, are difficult to maintain. "Yogascha chit prati nirodha" (control what you say). Discipline and persistence pays. "Nurturing relationship is not a one-day affair," he said. Constant awareness of the awareness is what relationship is all about."

That which makes nurturing relationship easy is "thinking positive" and the rest follows. Don't find fault with others. Give love to those who can't give your love back to you. Each breath of yours is meant to rejoice, swamiji said.

Life is all about "joy of giving." In Punjab if you go to a tailor and ask for a needle of any size and dimension he will give to you promptly by removing it from his turban. If you want a scissor it would be lying at his feet. "That which joins you with others must come from the head and that which can destroy relationship has to lie at your feet," swamiji said.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે પૂજ્ય સ્વામીજીનું ઉદ્‌બોધન (૧૭-૯-૨૦૧૬)



શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી પ્રસંગે 'સાધુભોજ' ભંડારો, જેમાં સમગ્ર ગુજરાતના ૧૨૭ મહંત-મંડળેશ્વરોએ દર્શન આપી પ્રસાદ ગ્રહણ કરી શિવાનંદ આશ્રમને પાવન અને ધન્ય કર્યો.

## યોગનું રહસ્ય

યોગનું રહસ્ય એ છે કે એ ભોગોનો ત્યાગ નથી, પરંતુ એનાથી ભોગોના ભોગ એવા મહાભોગની પ્રાપ્તિ થાય છે. યોગી જાણે છે કે જો ત્રણે લોકોના તમામ ભોગોને ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં આત્માના પરમ આનંદનો અતિ સૂક્ષ્મ અંશ મૂકવામાં આવે તો આ આનંદનું પલ્લું નીચું નમી જશે.

- સ્વામી ચિદાનંદ

Print Vision

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234